RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 06-06-2026 I VOL : 12 I Issue : 81 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સારા વિચારો સારા જીવનનું નિર્માણ કરે છે. ક્રોધ બુદ્ધિનો શત્રુ છે.

3




આણંદ જિલ્લાના સારસા ગામે પર્યાવરણ બચાવવા માટે ગ્રામજનોએ સરકાર...

4




શું 4 વર્ષ પછી એક થશે ઉદ્ધવ-શિંદેની શિવસેના? MLC ચૂંટણીમાં ખેંચતાણ...

6



ઇન્ટીમેટ સીન્સમાં કિસિંગ પહેલા મળે છે વોર્નિંગ, એક્ટર્સની મનમાની નથી ચાલતી...

7



ભારતીય ટી20 ટીમનો કેપ્ટન બદલાયો, શ્રેયસ અય્યર લેશે સૂર્યકુમાર યાદવનું સ્થાન

## એક નજર...

### વ્હાઈટ ટિશર્ટ અને શોર્ટ્સમાં અન્વેશી જૈને ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



ઓલ્ટ બાલાજી પર એકતા કપૂરની ઈરોટિક વેબ સીરીઝ 'ગંદી બાત' થી એક્ટિંગ ડેબ્યૂ કરનારી અન્વેશી જૈન આજે પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે. અન્વેશી જૈન વ્યવસાયે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર, સિંગર અને એક્ટ્રેસ છે. વર્ષ 2019 માં એકતા કપૂરની 'ગંદી બાત' સીરીઝથી તેને ફેમ મળ્યું હતું.

## NEWS TRACK

### ટ્રમ્પે કહ્યું- ઈરાનના સુપ્રીમ લીડરને મળીને ગર્વ થશે:જો ડીલ થશે તો મુલાકાત થઈ શકે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતી થાય છે, તો તેઓ ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનીને મળવા તૈયાર છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, હું મળવા નથી માંગતો, પરંતુ જો મુલાકાત થાય છે તો મને ગર્વ થશે. જો ડીલ થઈ જાય છે તો મુલાકાત શક્ય છે. મને તેનાથી કોઈ વાંધો નહીં હોય. ટ્રમ્પે એમ પણ કહ્યું કે કોઈ પણ સંભવિત મુલાકાત સન્માનજનક હશે. આ ઉપરાંત, ટ્રમ્પે જણાવ્યું કે તેમની સરકારે ઈરાનથી એનરિચ્ડ યુરેનિયમ મેળવવા માટે સૈનિકો મોકલવા પર વિચાર કર્યો હતો, પરંતુ આ યોજના અંતે રદ કરી દેવામાં આવી. ટ્રમ્પના મતે, આ ઓપરેશન ખૂબ જ જોખમી હતું અને તેમાં અમેરિકી સૈનિકોનો જીવ જવાની આશંકા હતી. તેથી તેને આગળ વધારવામાં આવ્યું નહીં. કુવૈત એરપોર્ટ પર ડ્રોન હુમલો: કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈરાની ડ્રોન અથડાવાથી જોરદાર ધમાકો થયો.

### પુતિને ભારતને સુખોઈ-57 ઓફર કર્યું:આ 5મી જનરેશન ફાઇટર જેટની ટેકનોલોજી પણ શેર કરીશું

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સુખોઈ SU-57 સ્ટીલ્થ ફાઈટર જેટ અંગે ભારતને એક મહત્વપૂર્ણ ઓફર કરી છે. તેમણે જણાવ્યું હતું કે રશિયા ભારત સાથે સંયુક્ત રીતે આ ફાઈટર પ્લેન વિકસાવવા અને તેનું ઉત્પાદન કરવા માટે તૈયાર છે. રશિયા જરુરી સંરક્ષણ ટેકનોલોજી શેર કરવા માટે પણ તૈયાર છે. પુતિને ગુરુવારે સેન્ટ પીટર્સબર્ગ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમ દરમિયાન ઈન્ટરનેશનલ મીડિયા સાથે વાતચીત કરી. આ દરમિયાન તેમણે કહ્યું કે પહેલા પણ ભારતને તેના બનાવવાના પ્રોજેક્ટમાં ભાગીદાર બનવાની ઓફર આપી હતી. તે સમયે ભારતે કહ્યું હતું કે રશિયા પહેલા આ પ્રોજેક્ટને આગળ વધારે, ત્યારબાદ ભારત તેમાં સામેલ થવા પર વિચાર કરશે. પુતિને કહ્યું- આ વિમાન અમારો સંયુક્ત પ્રોજેક્ટ હોઈ શકતો હતો. અમે તેને અમારી રીતે વિકસાવ્યો, પરંતુ હજી પણ અમે ભારત સાથે આ ક્ષેત્રમાં કામ કરવા માટે તૈયાર છીએ. અમે ભારતને આ વિમાન આપવા અને તેના આગળના વિકાસમાં ભાગીદારી કરવા માટે તૈયાર છીએ. તેમાં અમને કોઈ સમસ્યા દેખાતી નથી.

### પર્યાવરણ દિવસ પર રાહુલ ગાંધીએ શેર કર્યો ખાસ વીડિયો

# PM મોદી નિકોબારમાં 1.5 કરોડ વૃક્ષો કાપી નાંખશે: રાહુલ ગાંધી

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારના 'ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ' સામે ભારે વિરોધ નોંધાવ્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પોતાની યુટ્યુબ ચેનલ પર એક વીડિયો જાહેર




કરીને તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે, આ પ્રોજેક્ટના કારણે આંદામાન અને નિકોબાર ટાપુઓના કુદરતી વાતાવરણને ક્યારેય ન સુધારી શકાય તેવું મોટું નુકસાન થઈ શકે છે. તાજેતરમાં જ તેમણે આ પર્યાવરણની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ વિસ્તારની મુલાકાત લીધી હતી અને ત્યાંના સ્થાનિક રહીશો તેમજ પ્રવાસીઓ સાથે સીધી વાતચીત કરી હતી. આ મુલાકાત બાદ રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, વિકાસના નામે શરૂ થઈ રહેલા આ પ્રોજેક્ટથી સ્થાનિક જંગલો, અજોડ જૈવવિવિધતા અને ત્યાં વર્ષોથી વસતા આદિવાસી સમુદાયોનું અસ્તિત્વ સંપૂર્ણપણે જોખમમાં મૂકાઈ ગયું છે. રાહુલ ગાંધીએ વીડિયોમાં ગંભીર આરોપ લગાવતાં કહ્યું કે, 'આ પ્રોજેક્ટ માટે 161 ચોરસ કિલોમીટરના રેઈનફોરેસ્ટ(વર્ષા વનો)ને જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે, જે નવી દિલ્હીના કદ કરતાં ચાર ગણું મોટું ક્ષેત્રફળ છે. આ વિસ્તારમાં આશરે 1.5 કરોડ જેટલા વૃક્ષો કાપી નાખવામાં આવશે, જેનાથી ત્યાંની કોરલ રીફ્સ નાશ પામશે.' તેમણે આક્ષેપ કર્યો હતો કે, દેશની જમીન આંચકી લેવા માટે નૌસેના અને સુરક્ષા દળોનો આડશ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટના બહાને હજારો વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપીને, અબજો ડૉલરની કમાણી કરીને ત્યાં હોટેલ્સ, કસિનો અને રિયલ એસ્ટેટનું માળખું ઊભું કરવાની તૈયારી થઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહનીતિ માટે જરૂરી ગણાવવામાં આવી રહ્યો છે, જેની સામે રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો છે કે ત્યાં બનનારી હોટેલ્સ અને રિસોર્ટ દેશની સંરક્ષણ તૈયારીઓમાં કેવી રીતે મદદરૂપ થશે? જો સરકાર ખરેખર દેશની સંરક્ષણ ક્ષમતા મજબૂત કરવા ઈચ્છતી હોય, તો છેલ્લા પાંચ વર્ષથી પેન્ડિંગ રહેલા 'INS બાઝ' નૌસેના સ્ટેશનના વિસ્તરણને મંજૂરી કેમ આપતી નથી? આ ઉપરાંત, કેરળમાં ઓલરેડી વિઝિન્જામ પોર્ટ બની રહ્યું હોવા છતાં નિકોબારમાં નવું શિપમેન્ટ પોર્ટ બનાવવાની તાર્કિકતા સામે પણ તેમણે પ્રશ્નો કર્યા છે.

# RBI એ રેપો રેટ 5.25% પર યથાવત્ રાખ્યો

નવી દિલ્હી

આરબીઆઈની મોનિટરી પોલિસીની મીટિંગનો અંત આવ્યો છે. આ બેઠક પૂર્ણ થતાં જ રેપો રેટ અંગે પણ મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકા-ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને કારણે વિશ્વભરમાં જે અનિશ્ચિતતાના વાદળો યથાવત્ છે તેની વચ્ચે RBIએ મોંઘવારીને ધ્યાનમાં રાખીને મહત્ત્વનો નિર્ણય લીધો છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આ માહિતી આપી હતી. રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રેપો રેટ હવે 5.25% પર યથાવત્ રાખવામાં આવ્યો છે. જોકે હવે રેપો રેટ યથાવત્ રહેતાં ઈએમઆઈમાં રાહતની આશા રાખી બેસેલા લોકોને ઝટકો લાગ્યો છે.



લોકોના ઈએમઆઈમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે. હાલનો રેપો રેટ (Current Repo Rate): ભારતીય રિઝર્વ બૅંકનો હાલનો મુખ્ય નીતિગત દર (Repo Rate) 5.25% છે. છેલ્લે થયેલી વધ-ઘટ (Last Change): રેપો રેટમાં છેલ્લો ફેરફાર 5 ડિસેમ્બર 2025ના રોજ કરવામાં આવ્યો હતો, જ્યારે મોનેટરી પોલિસી કમિટી (MPC) દ્વારા વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટ(0.25%)નો ઘટાડો કરીને તેને 5.50%થી ઘટાડીને 5.25% કરવામાં આવ્યો હતો. વેસ્ટ એશિયા વિવાદ વચ્ચે આરબીઆઇએ જાળવ્યો ન્યુટ્રલ અભિગમ ભારતીય રિઝર્વ બૅંક(RBI)ની મોનેટરી પોલિસી કમિટી(MPC)ની બેઠકમાં વ્યાજ દરોને લઈને અત્યંત મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી છે કે મોનેટરી પોલિસી કમિટીએ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને 5.25% પર સ્થિર રાખવાનો મત આપ્યો છે. આ સાથે જ મધ્યસ્થ બૅંકે બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાનો 'ન્યુટ્રલ' (તટસ્થ) અભિગમ જાળવી રાખ્યો છે.

# સંકટ વચ્ચે Q4માં ભારતનો GDP ગ્રોથ રેટ 7.8 ટકા

### મોટા ભાગની રેટિંગ એજન્સીઓ તથા આર્થિક નિષ્ણાતોએ 7થી 7.2 ટકા સુધી GDP વિકાસ દર રહેવાની આશા વ્યક્ત કરી હતી

નવી દિલ્હી

જ્યારે આખી દુનિયા રશિયા-યુક્રેન કે મિડલ ઈસ્ટના તણાવ, કાચા તેલના ભડકે બળતા ભાવ અને આર્થિક મંદીના ડરથી ધ્રૂજી રહી છે, ત્યારે ભારતીય અર્થતંત્રે તમામ આશંકાઓને ફગાવીને



એક એવી મજબૂતી બતાવી છે, જેણે મોટા-મોટા આર્થિક નિષ્ણાતોને પણ વિચારતા કરી દીધા છે. ક્વાર્ટર-4માં ધારણા કરતાં પણ વધુ GDP વિકાસ દર સરકાર દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરમાં (જાન્યુઆરીથી માર્ચ 2026) ભારતનો જીડીપી ગ્રોથ રેટ 7.8% નોંધાયો છે. ભારતનું આખા નાણાકીય વર્ષ(FY26)નું પરિણામ પણ અદ્ભુત રહ્યું છે. જો સમગ્ર નાણાકીય વર્ષ 2025-26ની વાત કરીએ તો ભારતનો રિયલ જીડીપી ગ્રોથ રેટ 7.7% રહ્યો છે. ગત નાણાકીય વર્ષ 2024-25(FY25)માં આ ગ્રોથ રેટ 7.1% હતો, જે દર્શાવે છે કે ભારતની સ્પીડ ઘટી નથી પરંતુ સતત વધી રહી છે. આ આંકડા સાથે જ ભારતે દુનિયાના સૌથી ઝડપથી વિકસતા મોટા અર્થતંત્રોમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરી લીધું છે. સરકારી મૂડી ખર્ચ: ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ અને રેલવે જેવા ક્ષેત્રોમાં સરકાર દ્વારા મોટા પાયે થઈ રહેલું રોકાણ. વધતો વપરાશ: સ્થાનિક બજારમાં લોકોની ખરીદી કરવાની ક્ષમતા અને ટ્રેન્ડમાં જોવા મળેલો સુધારો. મજબૂત સર્વિસ સેક્ટર: ભારતનું આઈટી અને સર્વિસ સેક્ટર ગ્લોબલ પ્રેશર વચ્ચે પણ અડીખમ ઊભું છે. નાણાકીય વર્ષ 2027માં આવી શકે છે સ્પીડ બ્રેકર! એક તરફ જ્યાં અત્યારના આંકડા ઉત્સાહ વધારે તેવા છે, ત્યાં જ અર્થશાસ્ત્રીઓએ આવનારા નાણાકીય વર્ષ 2026-27 (FY27) માટે કેટલીક ચેતવણીઓ પણ આપી છે. ગ્લોબલ માર્કેટની અનિશ્ચિતતા અને નબળી વૈશ્વિક માંગ આગામી સમયમાં ભારતની ગતિ ધીમી કરી શકે છે. આગામી સમયમાં ભારત સામે અનેક પડકારો ભારત માટે સૌથી મોટો માઈનસ પોઈન્ટ એ છે કે દેશ પોતાની જરૂરિયાતનું 80% કરતા વધુ કાચું તેલ વિદેશથી આયાત કરે છે. મિડલ ઈસ્ટમાં ચાલતો તણાવ જો વધે અને સપ્લાય ચેઈન ખોરવાય તો બ્રેન્ટ ક્રૂડના ભાવ આસમાને પહોંચી શકે છે.

# મહેસાણા પોલીસ તંત્રમાં સડો: લાંગણજના કોન્સ્ટેબલ તરુણસિંહ ડાભીનું કરોડોનું સમાંતર હપ્તા-રાજ, બુટલેગરો અને જુગારીઓ બેખોફ




## લાંગણજ, નંદાસણ અને કડીમાં ખાખીના આશીર્વાદથી મોતનો સામાન વેચતા બુટલેગરો બેખોફ; રાજસ્થાનના માફિયાઓ સાથે સીધું સેલ-કનેક્શન!

પાક્કો ગુજરાત

મહેસાણા જિલ્લામાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી એક ભયાનક સિન્ડિકેટ સક્રિય થઈ છે. લાંગણજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ તરુણસિંહ ડાભી જિલ્લા પોલીસવડા (SP)નો કથિત 'વહીવટદાર' બનીને આખા મહેસાણામાં સમાંતર ગુંડા શાસન ચલાવી રહ્યો છે. આ કાળા કારોબારના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

### મુખ્ય મુદ્દાઓ અને ગુનાખોરીના અડ્ડા

લાંગણજ પંથક: ગોઝારીયામાં બેચર ઠાકોર, લીંચમાં સુરેશ ઠાકોર અને વિરસોડા-મંડાલીમાં મોસીન નામના શખ્સો પોલીસ પ્રોટેક્શન હેઠળ વિદેશી દારૂ વેચી રહ્યા છે.

નંદાસણ વિસ્તાર: રાજપુર ગામમાં ઈમ્તિયાઝ અને સરફરાઝનું આલીશાન જુગારધામ ચાલે છે, જ્યારે કાળુસિંહ દારૂનું નેટવર્ક ચલાવે છે.

કડી પંથક: મનોજ, જાવેદ, ઈશ્વરસિંહ અને કિશન ઠાકોર જેવા બુટલેગરો કોઈ પણ ડર વગર ધંધો કરી રહ્યા છે.

બાવલુ પોલીસ મથકની હદ: લોર ગામના ઠાકોરવાસ પાસે ખુલ્લા ખેતરમાં રમેશ ઠાકોર નામનો બુટલેગર કરોડો રૂપિયાનો જુગાર રમાડે છે. પી.આઈ. બડવાને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

### વહીવટદાર તરુણસિંહનો પાવર અને રાજસ્થાન કનેક્શન

કરોડોની ઉઘરાણી: લાંગણજ, નંદાસણ, કડી, બાવલુ અને સાંથલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એજન્સીના નામે કરોડો રૂપિયાનો હપ્તો પોતે ઉઘરાવે છે.

ઈન્ટરસ્ટેટ કનેક્શન: રાજસ્થાનના આશુ અગ્રવાલ (આબુ રોડ), ગુલાબસિંહ (દાંતીવાડા), છોટુ બિશ્નોઈ, સુરેશ બિશ્નોઈ અને ભજનલાલ બિશ્નોઈ (સાંચોર) જેવા માફિયાઓ સાથે સીધું સેટિંગ કરીને દારૂના આખેઆખા કન્ટેનરો મહેસાણામાં ઠલવાય છે.

સમાંતર ફતવો: સ્થાનિક બુટલેગરોને કડક સૂચના અપાઈ છે કે દારૂ માત્ર તરુણસિંહના માણસો પાસેથી જ લેવો, નહિતર પોલીસ રેડ પાડી દેશે.

### તરુણસિંહ ડાભીનો કાળો ઇતિહાસ

સંત્રી ડ્યુટીની સજા: ત્રણ વર્ષ પહેલાં બાવલુ પોલીસ સ્ટેશનમાં ફરજ દરમિયાન, તરુણ ચાલુ નોકરીએ રાજસ્થાનના સાંચોરમાં બુટલેગર આશુ અગ્રવાલને મળવા ગયો હતો. તત્કાલીન એસ.પી.એ લોકેશન ટ્રેક કરીને તેને પકડી પાડ્યો હતો અને સંત્રી ડ્યુટી પર મૂકી દીધો હતો.

કેસમાંથી બચી ગયો: ૯ મહિના પહેલાં કડીમાં SMC એ દારૂનું કન્ટેનર પકડ્યું ત્યારે બુટલેગર ઈમરાનનું નામ ખૂલ્યું હતું. આ કેસમાં તરુણ ડાભીનું નામ પણ ખૂલવાનું હતું, પરંતુ મહેસાણા જિલ્લા બહારના એક પીએસઆઈ (PSI) અને ઈમરાન વચ્ચેની ગોઠવણને કારણે તે બચી ગયો.

તંત્રની લાચારી અને બેશરમી

LCB પી.આઈ. કામડીયાનું અજ્ઞાન: 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા સંપર્ક કરાતા એલસીબી પી.આઈ. કામડીયાએ બેશરમીપૂર્વક જણાવ્યું કે, 'જિલ્લામાં કોઈ દારૂ-જુગાર ચાલતો નથી અને તરુણ ડાભી કોણ છે મને ખબર નથી!'

નાના કર્મચારીઓ બલીનો બકરો: જ્યારે પણ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દરોડા પાડે છે, ત્યારે માત્ર સ્થાનિક પીઆઈ કે જમાદારને સસ્પેન્ડ કરીને નાટક કરાય છે, પણ અસલી માસ્ટરમાઈન્ડ તરુણસિંહ સેફ રહે છે.

### 'પાક્કો ગુજરાત'ના ગૃહ મંત્રાલયને સીધા સવાલો

1 લાંગણજ પોલીસ સ્ટેશનનો એક સામાન્ય કોન્સ્ટેબલ આખા જિલ્લાનો બાપ અને 'બીજો SP' કેવી રીતે બની ગયો? તેની પાછળ કયા મોટા આકાઓનો હાથ છે?

2 જો મહેસાણામાં કેમિકલવાળા ઝેરી દારૂના લીધે કોઈ ભયાનક લઠ્ઠાકાંડ સર્જાય, તો તેની જવાબદારી કોની રહેશે? જિલ્લા પોલીસવડાની, એલસીબી પી. આઈ. કામડીયાની કે પછી હપ્તાખોર તરુણસિંહ ડાભીની?

**જનતા હવે કાગડોળે રાહ જોઈ રહી છે કે આ ખાખી વર્દીધારી કાળા ઘેટાઓ અને ભ્રષ્ટાચારની આખી સિન્ડિકેટ પર ગૃહ વિભાગ ક્યારે કડક કાયદાકીય બુલડોઝર ફેરવશે!**

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## PM નરેન્દ્ર મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થતાં થરાદમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

થરાદ, પ્રધાનજી ઠાકોર

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના અવિરત 12 વર્ષના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના કાર્યોને સમર્પિત અભિયાન અંતર્ગત થરાદ શહેરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ રામનગર સોસાયટી, શિવનગર તેમજ રાવણા રાજપૂત સમાજની સ્મશાન ભૂમિ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં થરાદ નગરપાલિકાના નગરપતિ અર્જુનસિંહ વાઘેલા તથા જિલ્લા ભાજપ મહામંત્રી કરસનભાઈના અધ્યક્ષસ્થાને વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ, હરિયાળું ગુજરાત અને સ્વચ્છ ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે વૃક્ષારોપણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનો દ્વારા વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા માટે સૌને અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના તમામ નગરસેવકો, ભાજપના કાર્યકર્તા બંધુઓ તેમજ સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મળીને પર્યાવરણ જાળવણી અને હરિયાળા ભવિષ્ય માટે સંકલ્પ લીધો હતો.

## વાહન ફિટનેસ સર્ટિફિકેટ માટે લાંચ લેતા કર્મચારી ACBના જાળમાં

ગાંધીનગર

ભ્રષ્ટાચારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. રાજ્યમાં સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે એસીબી સતત સક્રિય છે, ત્યારે વધુ એક સરકારી બાબુ લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા છે. વાહનોના ફિટનેસ સર્ટિફિકેટ આપવાના બહાને અરજદારો પાસેથી ગેરકાયદેસર નાણાંની માંગણી કરતા કર્મચારીને એસીબીની ટીમે સફળ ટ્રેપ ગોઠવીને ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, અરજદાર પોતાના વાહનનું ફિટનેસ સર્ટિફિકેટ કઢાવવા માટે કચેરીએ ગયા હતા. વાહનની તમામ પ્રક્રિયા યોગ્ય હોવા છતાં, કચેરીના જવાબદાર કર્મચારી દ્વારા સર્ટિફિકેટ ઈસ્યુ કરવા માટે લાંચની માંગણી કરવામાં આવી હતી. અરજદાર આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી, તેમણે આ અંગે એસીબીનો સંપર્ક કરીને સમગ્ર મામલાની લેખિત ફરિયાદ નોંધાવી હતી.

અરજદારની ફરિયાદના આધારે એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એક ખાસ ટીમ તૈયાર કરવામાં આવી હતી. એસીબીની ટીમે આયોજનબદ્ધ રીતે કચેરી પરિસરમાં જ લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેવો જ અરજદારે કર્મચારીને લાંચની રકમ આપી, તે જ સમયે પહેલાથી જ વોચમાં ઉભેલી એસીબીની ટીમે ત્રાટકીને કર્મચારીને લાંચના રૂપિયા સાથે રંગેહાથ પકડી લીધો હતો.

એસીબીએ લાંચની રકમ જપ્ત કરીને આરોપી કર્મચારી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે જ કર્મચારીની અસ્કયામતો અને અન્ય ભ્રષ્ટાચારના કનેક્શન અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. સરકારી કચેરીમાં એસીબીના આ દરોડાથી અન્ય લાંચિયા કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## વડોદરાના ઉંડેરા ગામના 27 વર્ષીય અજય બારીયા ગુમ: ભાળ મળે તો જવાહરનગર પોલીસને સંપર્ક કરવા અપીલ

વડોદરા

વડોદરા શહેરના જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ઉંડેરા ગામ ખાતે રહેતા ૨૭ વર્ષીય યુવાન અજયભાઈ હસમુખભાઈ બારીયા ગત તારીખ ૦૨ જૂનથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયા છે. આ અંગે તેમના પરિવારે ભારે ચિંતા વ્યક્ત કરી છે અને પોલીસમાં જાણ કરી છે.

નોકરીએ ગયા બાદ પરત ફર્યા નથી

મળતી વિગતો મુજબ, ઉંડેરા ગામની ઝૂંપડપટ્ટી તળાવ પાસે રહેતા રમીલબેન બારીયાના દીકરા અજયભાઈ ગત મંગળવારે (તા. ૦૨-૦૬-૨૦૨૬) રોજ ઘરેથી નીકળ્યા હતા. તેઓ સૌપ્રથમ પોતાની પત્નીને ઉંડેરા ખાતે આવેલી 'તંદુર પોઈન્ટ હોટેલ' સામે નોકરીએ મૂકવા ગયા હતા. ત્યાંથી પોતે ગેંડા સર્કલ પાસે આવેલી હોટેલમાં નોકરી કરવા માટે ગયા હતા. જો કે, નોકરી પર ગયા બાદ તેઓ મોડી સાંજ સુધી પરત ઘરે ફર્યા ન હતા. પરિવારે સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં તેમની કોઈ ભાળ મળી શકી નથી.

ગુમ થનાર યુવાનની ઓળખ અને હુલિયો: ઉંમર: આશરે ૨૭ વર્ષ, દેખાવ: રંગે ઘઉંવર્ણો અને શરીરે મજબૂત બાંધો, ઊંચાઈ: આશરે ૫ ફૂટ ૫ ઈંચ, ખાસ ઓળખ: જમણા હાથ પર અંગ્રેજીમાં 'AJAY' તેમજ હથેળી પર 'S' લખેલું (ટેટૂ) છે. કપડાં: છેલ્લે જોયા ત્યારે શરીરે રાખોડી (ગ્રે) કલરનું ફૂલની ડિઝાઈનવાળું શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલું હતું.

## મહીસાગર SOGએ ફરાર આરોપીને દબોચ્યો : કોઠંબાના આર્મ્સ એક્ટ, ધાડના ફરાર આરોપીને ઝડપ્યો

મહિસાગર.

મહીસાગર જિલ્લામાં કોઠંબા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આર્મ્સ એક્ટ અને ધાડના ગુનામાં નાસતા ફરતા આરોપી મુકેશ મંગળભાઈ ઠાકોરને મહીસાગર SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીને વધુ કાયદેસરની કાર્યવાહી માટે કોઠંબા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન અને I/C પોલીસ અધિક્ષક કમલેશ વસાવા દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે, SOG PI વી.ડી. ધોરડાના માર્ગદર્શન હેઠળ PSI એચ.બી. સિસોદિયા અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. SOG PI વી.ડી. ધોરડાને ટેકનિકલ અને હ્યુમન સોર્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમી મુજબ, કોઠંબા પોલીસ સ્ટેશનમાં BNS કલમ 310(4), 310(5) તથા આર્મ્સ એક્ટ 25 (1-બી)(એ) હેઠળ નોંધાયેલા ગુનાનો આરોપી મુકેશ મંગળભાઈ ઠાકોર, રહે. કંબોપા ભુડિયા, તા. બાલાસિનોર, જી. મહીસાગર, હાલ ડેટા ગામની સીમમાં છાણિયું ખાતર ભરવાનું કામ કરતો હતો.

## કોઠારિયામાંથી અઢી કિલો ગાંજા સાથે બે ઝડપાયા

રાજકોટ

રાજકોટ આજીડેમ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રવિકુમાર તથા રાહુલકુમાર નામના શખ્સો થોડીવારમાં કોઠારીયા ગામ પાણીના ટાંકાથી આગળ સોલવંટ ફાટક તરફ જવાના રસ્તે આવવાના છે અને તેના કબ્જામાં ગાંજાનો જથ્થો છે જે બાતમીના આધારે ટીમે દરોડો પાડી બંને શખ્સોની અટકાયત કરી નામ પૂછતા પોતાનું નામ રવિકુમાર મંગલસીંગ (ઉ.વ.26) અને રાહુલકુમાર નંદજીપ્રસાદ (ઉ.વ.30) હોવાનું જણાવ્યું હતું. બંને પાસે રહેલ થેલામાં તપાસ કરતાં તેમાંથી 2.588 કિલો ગાંજાનો જથ્થો મળી આવતાં બંને શખ્સોની ધરપકડ કરી ગાંજો, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.1.50 લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બંને શખ્સો મોરબીથી અહીં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કામ કરતા શ્રમિકોને ગાંજો સપ્લાય કરવા આવ્યા હતા તે બંનેને આ ગાંજાનો જથ્થો બિહારના શખ્સે સપ્લાય કર્યો હોવાનું સામે આવ્યું છે.

### વિવિધ પ્રકલ્પોનું કર્યું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

# PM મોદીએ સુરતને આપી કરોડોના વિકાસ કાર્યોની ભેટ



સુરત

માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે આજે ડાયમંડ સિટી સુરત ખાતેથી વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતની પ્રગતિને નવી ગતિ આપતા કરોડો રૂપિયાના આ પ્રોજેક્ટ્સ નાગરિકોની સુવિધા અને સુખાકારીમાં મોટો વધારો કરશે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી સહિતના ઉચ્ચ નેતાઓ અને હજારોની સંખ્યામાં મેદની ઉપસ્થિત રહી હતી.

આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રજાલક્ષી સુવિધાઓનો સમન્વય

વડાપ્રધાન દ્વારા જે પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે તેમાં સુરતના આધુનિક બ્રિજ, પીવાના શુદ્ધ પાણીના પ્રોજેક્ટ્સ અને સ્માર્ટ સિટી મિશન અંતર્ગત તૈયાર થયેલા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સના કારણે સુરત શહેરની ટ્રાફિક સમસ્યા હળવી થશે અને શહેરીજનોની જીવનશૈલી વધુ સુગમ બનશે. આ સાથે જ, આગામી સમયમાં આકાર પામનારા અનેક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્ત પણ વડાપ્રધાનના હસ્તે ડિજિટલ માધ્યમથી કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જનમેદનીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સુરત હંમેશાથી સાહસિકો અને મહેનતુ લોકોનું શહેર રહ્યું છે. આજે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલા પ્રકલ્પો સુરતને ગ્લોબલ બિઝનેસ હબ તરીકે વધુ મજબૂત બનાવશે. તેમણે ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી.

વડાપ્રધાનના હાથે મળેલા આ પ્રજાલક્ષી નજરાણાથી સમગ્ર સુરત શહેરમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા આ તમામ પ્રોજેક્ટ્સને સમયમર્યાદામાં પૂર્ણ કરીને જનતા માટે ખુલ્લા મુકવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે. આ વિકાસ કાર્યો સુરતના આર્થિક અને સામાજિક વિકાસમાં એક નવો અધ્યાય લખશે.

પીએમ મોદીએ જણાવ્યું કે ખેતર બચાવોના અભિયાનમાં જોડાઈએ. પ્રાકૃત્તિક ખેતી અપનાવો. સુરતનો કચરો મને ભેટ આપ્યો છે. એક લાખ લોકોએ 5 દિવસ સફાઈ અભિયાન ચલાવ્યું. મારે માટે આ મોટામાં મોટી સોગાત છે. આ માટે હું આખા સુરતનો આભાર માનું છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી પહેલીવાર ગુજરાત આવ્યો છું. હું સુરતથી ગુજરાતના તમામ લોકોને વંદન કરું છું. અઢી દાયકા કરતા વધુનો સમય થઈ ગયો છે. તમે ભાજપને નિરંતર તમારો આશીર્વાદ આપી રહ્યા છો. સમયની સાથે તમારા આર્શીવાદ વધતા જ જાય છે. હાલની ચૂંટણીમાં ગુજરાતીઓએ ભાજપને એટલું સમર્થન આપ્યુ કે જૂના બધા રેકોર્ડ તૂટી ગયા. મારો રેકોર્ડ પણ તૂટી ગયો છે. આવું બહુ ઓછું જોવા મળે છે. કોઈ પક્ષને આટલા લાંબા સમય સુધી કોઈ પક્ષને સેવા કરવાનો મોકો મળે છે.

### 6 જૂનથી ઓનલાઇન કરી શકાશે અરજી

## STમાં છપ્પરફાડ ભરતી જાહેર : 8917 ડ્રાઇવર-કંડક્ટરની રિક્રૂટમેન્ટ

ગાંધીનગર

ગુજરાત એસટીમાં 4318 કંડકટર અને ડ્રાઇવરની 4599 જગ્યાઓ મળીને 8917 જગ્યા પર ભરતી જાહેર કરવામાં આવી છે. જેના માટે 6 જૂનથી ફોર્મ ભરવાની શરૂઆત થશે અને 5 જુલાઈ સુધી ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ નોકરી માટે પાંચ વર્ષ સુધી 26000 ફિક્સ પગાર ચૂકવવામાં આવશે.




ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે 10 KBનો ફોટો અને સિગ્નેચર 10 KB સાઇઝથી (ફોટોનું માપ 5 સે.મી. ઉંચાઇ અને 3.5 સે.મી. પહોળાઇ અને સિગ્નેચરનું માપ 2.5 સે.મી. ઉંચાઇ અને 7.5 સે.મી. પહોળાઇ રાખવી.) વધારે નહીં તે રીતે jpg ફોર્મેટમાં સ્કેન કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો રહેશે. ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે. અરજી કરવાની વિગતવાર સુચનાઓ / જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય લાયકાતનાં બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિં.

તમામ સુચનાઓ નિગમની વેબસાઈટ https://gsrtc.in પર મુકવામાં આવશે. જેથી અરજદારે સમયાંતરે નિગમની વેબસાઈટ અચૂક જોવાની રહેશે. અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી જે ઉમેદવારના હિતમાં છે. પુરુષ ઉમેદવારો માટે-પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી પબ્લિક વાહન ચલાવવાનું હેવી લાયસન્સ તથા બેઝ હોવો જરૂરી છે તથા હેવી ડ્રાઈવીંગ લાયસન્સ ઓછામાં ઓછું 4 વર્ષ જૂનું હોવું જરૂરી છે. બ્રેકનો સમય અનુભવની ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે નહીં તથા હેવી લાયસન્સ પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો ઓછામાં ઓછી ચાર વર્ષના અનુભવનું ટ્રાન્સપોર્ટસ / કંપનીનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

## જમીન માપણીના 90 હજારની લાંચ લેતા લાયસન્સ સર્વેયર દીલીપસિંહ રંગેહાથ ઝડપાયા

ખેડા/આણંદ

ભ્રષ્ટાચારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. ખેડા જિલ્લા નિરીક્ષક જમીન દફતર કચેરીમાં ફરજ બજાવતા એક લાયસન્સ સર્વેયર લાંચ લેતા આણંદ એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં સરકારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જમીનની માપણી યોગ્ય રીતે કરી આપવા અને કોઈ વાંધા વચકા ન કાઢવા માટે સર્વેયરે ૯૦ હજાર રૂપિયાની મસમોટી લાંચની માંગણી કરી હતી.

ફરિયાદીની જમીનની વ્યવસ્થિત રીતે માપણી કરી આપવા, કામગીરીમાં કોઈ પણ પ્રકારના વાંધા ન કાઢવા અને માપણીનું કામ વહેલી તકે પૂરું કરી આપવાના અવેજ પેટે ખેડા જિલ્લા નિરીક્ષક જમીન અને દફતર કચેરીના લાયસન્સ સર્વેયર દીલીપસિંહ બુધાજી ઉર્ફે બુધાભાઇ ચૌહાણે રૂપિયા ૯૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે આણંદ એસીબીનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદના આધારે આણંદ એસીબીની ટીમ દ્વારા પૂર્વ આયોજિત ટ્રેપ ગોઠવવામાં આવી હતી. આ ટ્રેપ દરમિયાન લાયસન્સ સર્વેયર દીલીપસિંહ ચૌહાણ ફરિયાદી પાસેથી રૂપિયા ૯૦ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

એસીબીએ લાંચની રકમ રિકવર કરી આરોપી દીલીપસિંહ ચૌહાણ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આગળની તપાસ શરૂ કરી છે.

### લાંચની ડિમાન્ડના ગુનામાં સંડોવાયેલા નાસતા ફરતા

## સસ્પેન્ડેડ ડેપ્યુટી કલેક્ટર વિજય ચૌહાણની એસીબી દ્વારા ધરપકડ

રાજપીપળા

ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહેલી ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ને એક મોટી સફળતા મળી છે. લાંચની માંગણી કરવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા નર્મદા જિલ્લાના ફરજ મોકૂફ (સસ્પેન્ડેડ) ડેપ્યુટી કલેક્ટર વિજય ઝીણાભાઇ ચૌહાણને એસીબીની ટીમે આખરે ઝડપી પાડ્યા છે. હાઈપ્રોફાઈલ સરકારી અધિકારીની ધરપકડથી વહીવટી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લાની રાજપીપળા કલેક્ટર કચેરી ખાતે ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવતા વિજય ઝીણાભાઇ ચૌહાણ સામે એસીબીમાં લાંચની માંગણી કરવાનો ગુનો નોંધાયો હતો. આ ગુનો નોંધાયા બાદ સરકાર દ્વારા તેમને તાત્કાલિક ધોરણે ફરજ મોકૂફ એટલે કે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. ગુનાની ગંભીરતાને જોતા પોતાની ધરપકડ ન થાય તે માટે આરોપી ડેપ્યુટી કલેક્ટર વિજય ચૌહાણ પોલીસ અને એસીબીની ટીમને હાથતાળી આપીને સતત નાસતા ફરતા હતા. નાસતા ફરતા ઉચ્ચ અધિકારીને પકડવા માટે એસીબી દ્વારા અલગ અલગ ટીમો બનાવીને તેમના સંભવિત ઠેકાણાઓ પર નજર રાખવામાં આવી રહી હતી. ચોક્કસ બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે એસીબીની ટીમે સફળ ઓપરેશન પાર પાડીને વિજય ચૌહાણને કાયદાના સિંજામાં લઈ લીધા છે. એસીબીએ આરોપી અધિકારીની વિધિવત ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજૂ કરવા અને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ ધરપકડ બાદ એસીબી દ્વારા આરોપી અધિકારીની અપ્રમાણસર મિલકતો અને અન્ય ભ્રષ્ટાચારના કનેક્શન અંગે પણ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. એસીબીની આ કડક કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ ગયો છે કે કાયદાથી ઉપર કોઈ નથી, પછી ભલે તે ગમે તેટલા મોટા હોદ્દા પર બેઠેલા સરકારી અધિકારી કેમ ન હોય.

## વિશ્વ પર્યાવરણ દિવસે વાવ-થરાદ જિલ્લા પોલીસે લીધો હરિયાળો સંકલ્પ

વાવ-થરાદ, પ્રધાનજી ઠાકોર

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વાવ-થરાદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી ખાતે આવેલા ગોગા મહારાજના મંદિર સામે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા અને નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ. એમ. વારોતરિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ હરિયાળા પર્યાવરણ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ડીવાયએસપી શ્રી એસ. આર. ભારાઈ, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ. જી. રબારી, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ. એન. બોરીસાગર, પીએસઆઈ શ્રી એસ. કે. દરજી તેમજ પીએસઆઈ શ્રી આર. જે. ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીમાં પોતાની જવાબદારી નિભાવવાનો સંદેશ આપ્યો હતો.

### મિયાઝાકી આંબા સહિત અનેક વૃક્ષોનું રોપણ

## પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે આકાશવાણી પરિસર લીલુંછમ બન્યું



વડોદરા

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે ગુરુવારે મકરપુરા રોડ સ્થિત આકાશવાણી વડોદરા કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નેચર લવર ફાઉન્ડેશનના સ્થાપક અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના મેનેજર જીતેન્દ્ર કારીયાના હસ્તે આકાશવાણી પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રના સ્ટેશન પ્રમુખ જગદીશ પરમાર, અભિયાંત્રિકી વિભાગના વડા રેજિથકુમાર પી.એમ. સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની વિશેષતા એ રહી કે વલસાડથી પધારેલા જાણીતા વાર્તાકાર અરવિંદભાઈ પટેલ અને રાજેશભાઈએ પ્રાંગણમાં વિશ્વની સૌથી મોંઘી કેરી પકવતા મિયાઝાકી આંબાની કલમ રોપી હતી.

પ્રસંગે બોલતા સ્ટેશન પ્રમુખ પરમારે સૌને પર્યાવરણ બચાવવા એક વૃક્ષ વાવી ઉછેરવાની હાકલ કરી હતી. મુખ્ય અતિથિ જીતેન્દ્ર કારીયાએ જણાવ્યું કે, 'વધતા તાપમાન સામે AC-પંખાનો નહીં, પણ વૃક્ષોનો સહારો લેવો પડશે. દરેક નાગરિકે વૃક્ષ ઉછેરનો સંકલ્પ કરવો જોઈએ.'

### નિવેદનથી વિવાદ છેડાયો

## મનસુખ વસાવાની મહુડાનો દારૂ બનાવી પીવાની સલાહ

રાજપીપળા

નર્મદા જિલ્લાના આદિવાસી સમાજને પ્રગતિના પંથે લઈ જવા 'આદર્શ ગ્રામ વિકાસ સમિતિ'ની રચના કરવામાં આવી છે. આ સમિતિની પ્રથમ બેઠક ભરૂચના સાંસદ મનસુખ વસાવાની અધ્યક્ષતામાં નાંદોદ તાલુકાના ઢોલાર ગામે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે તેમણે મંચ પરથી સંબોધનમાં દારૂ બનાવીને પીવાના આડકતરી સલાહ આપતા વિવાદ છેડાયો છે. આ વાતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરવા પણ તેમણે કહ્યું હતું.

પોતાના સંબોધનમાં સાંસદે આદિવાસી વિસ્તારોમાં કેમિકલયુક્ત દારૂ ઘુસાડતા બૂટલેગરો સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે મોટા કન્ટેનરો દ્વારા બહારથી ઝેરી દારૂ લાવીને આદિવાસી યુવાનોને બરબાદ કરવામાં આવી રહ્યા છે. જોકે, આ દરમિયાન તેમણે સ્થાનિકોને કેમિકલવાળા દારૂના બદલે ઘરે જ મહુડાનો પરંપરાગત દેશી દારૂ બનાવીને પીવાની વિવાદાસ્પદ સલાહ આપી દીધી હતી, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

### ક્રોસ ફરિયાદમાં ભુવાજી સહિત 27 સામે ગુનો

## રામોસણામાં જીયાણાના પ્રસંગમાં ધોકા ઉડ્યાં : હોલમાં ઘૂસી મહિલાઓ અને મહેમાનોને લાકડીઓ વડે ફટકાર્યા

મહેસાણા

મહેસાણા તાલુકાના રામોસણા ગામે આવેલા સુપ્રસિદ્ધ રામોસણા મેલડી માતાના મંદિર નજીક સામાજિક પ્રસંગ દરમિયાન નાની બાબતે શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બે જૂથ વચ્ચે હિંસક મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. બાળકો વચ્ચે રમત-રમતમાં થયેલી ગાળાગાળી અને વાહન ચલાવવા જેવી સામાન્ય બાબતમાંથી શરૂ થયેલો વિવાદ એટલો વણસ્યો હતો કે, ઉશ્કેરાયેલા ટોળાએ સામાજિક પ્રસંગના હોલમાં ઘૂસીને મહેમાનો અને મહિલાઓ પર લાકડીઓ વડે હુમલો કરી દીધો હતો.



આ સામસામે થયેલી મારામારીમાં મહિલાઓ સહિત અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં મેલડી માતાના મંદિરના ભુવા સહિત બંને પક્ષના કુલ 27 લોકો સામે સામસામે ફરિયાદ નોંધાઈ છે. પ્રથમ ફરિયાદ અનુસાર રામોસણા મેલડી માતાના મંદિર પાછળ રહેતા મિતેષ ડાહ્યાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના પત્નીના જીયાણાના સામાજિક પ્રસંગ નિમિત્તે અન્નપૂર્ણા હોલમાં મહેમાનો માટે જમણવાર રાખવામાં આવ્યો હતો. આ દરમિયાન તેમના માસીના જમાઈ સંદીપકુમાર પોતાની ફોર-વ્હીલર ગાડી લઈને હોલ તરફ આવી રહ્યા હતા, ત્યારે રસ્તા વચ્ચે સ્ટેન્ડ મૂકીને રમી રહેલા બાળકોમાંથી એક બાળકે ગાળ બોલતા સંદીપકુમારે ગાડી ઊભી રાખી તેને ઠપકો આપ્યો હતો. આ બાબતે બાળકના કુટુંબના માણસોનું ટોળું એકઠું થઈ ગયું હતું અને બોલાચાલી કરીને ધમકીઓ આપવા લાગ્યા હતા.

### વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે જ

# આણંદ જિલ્લાના સારસા ગામે પર્યાવરણ બચાવવા માટે ગ્રામજનોએ સરકાર સામે ખુલ્લો મોરચો માંડ્યો



આણંદ

ગામમાં પ્રસ્તાવિત ઈથોનોલ ઉત્પાદનની ફેક્ટરી સામે આજે સતકેવલ મંદિર ખાતે વિશેષ ગ્રામસભા યોજાઈ હતી. અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ અને સતકેવલ મંદિરના મહંત ગાદીપતિ પૂજ્ય અવિચલદાસ મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલી આ ગ્રામસભામાં આણંદના સાંસદ મિતેષ પટેલ, પૂર્વ ધારાસભ્ય જયંત પટેલ, ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામસભામાં સર્વાનુમતે ગામમાં ઈથોનોલ ફેક્ટરી નહીં બનાવવા ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે જ પર્યાવરણ બચાવવા માટે ગ્રામજનોએ લડતનો શંખનાદ કરતાં સરકારને ચેતવણી પણ આપી છે. શું છે સમગ્ર વિવાદ જોઈએ આ વિશેષ અહેવાલમાં.

વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે પર્યાવરણ બચાવવા માટે સમગ્ર ગામ એક મંચ પર પએકત્રિત થયું હતું. ગામમાં પ્રસ્તાવિત ઈથોનોલ ઉત્પાદનની ફેક્ટરી સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને ગામમાં ઈથોનોલ ફેક્ટરી નહીં બનાવવા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી હતી.

સારસા ગામમાં કોરનોલ એગ્રો ફ્યુઅલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ઈથોનોલ ઉત્પાદનની ફેક્ટરી સ્થાપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જમીનને કલમ 65 હેઠળ ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગર નિયોજન કચેરીમાં ઔદ્યોગિક શેડનો નકશો મંજૂર કરવામાં આવ્યો હતો અને તેના આધારે ગ્રામ પંચાયતમાંથી પણ બાંધકામની મંજૂરી લેવામાં આવી હતી. જોકે ગ્રામજનોના જણાવ્યા મુજબ શરૂઆતમાં માત્ર ઔદ્યોગિક શેડનું બાંધકામ થવાનું હોવાનું જણાયું હતું, પરંતુ બાદમાં અહીં ઈથોનોલ ઉત્પાદનની ફેક્ટરી બનવાની માહિતી સામે આવતા ગામમાં વિરોધનો વંટોળ ઊભો થયો હતો. અવિચલદાસ મહારાજે સરકાર સામે આકરા શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી હતી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે જ પર્યાવરણને જોખમમાં મૂકે તેવા પ્રોજેક્ટને મંજૂરી આપવી દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. સરકાર જો આ મંજૂરી પરત નહીં ખેંચે તો આગામી સમયમાં ઉગ્ર જનઆંદોલન ઉભું થશે અને સરકારને જ પ્રજાના રોષનો સામનો કરવો પડશે.

બીજી તરફ આણંદના સાંસદ મિતેષ પટેલે ગ્રામજનોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે તેઓ સરકાર સાથે સતત સંપર્કમાં છે અને ગામની લાગણી તથા માંગ સરકાર સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે.

ગ્રામજનોનું કહેવું છે કે ચરોતર પ્રદેશ તેની ફળદ્રુપ જમીન, ખેતી, પશુપાલન અને હરિયાળી માટે સમગ્ર રાજ્યમાં ઓળખાય છે. ગામ નજીક મહીસાગર નદી આવેલી હોવાથી ઈથોનોલ ફેક્ટરીના કારણે ભૂગર્ભ જળ, પર્યાવરણ અને ખેતીને લાંબા ગાળે નુકસાન પહોંચવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## જન્મદિવસની ઉજવણી કરનાર બુટલેગર ઉપર પોલીસની કાર્યવાહી

### સાહેબ આજ બુટલેગર તમારા પોલીસ સ્ટેશનથી 200 મીટરના અંતરે જ વિદેશી દારૂનું સ્ટેન્ડ ચલાવે છે ક્યારે કરશો કાર્યવાહી?



અંબાજી

યાત્રાધામ અંબાજીમાં દિવસના લાખોની સંખ્યામાં મારી ભક્તોમાં અંબાના દર્શન કરવા અંબાજી આવતા હોય છે ત્યારે અંબાજીના એક બુટલેગરે અંબાજી નજીકના સંવેદનશીલ ગણાતા હેલીપેડ ઉપર જન્મદિવસની ઉજવણી કાળા કલરની સ્કોર્પિયો અને હાથમાં રાખીને જન્મદિવસની ઉજવણી કરતાના વિડીયો વાયરલ થતા અંબાજી પોલીસે બુટલેગર સહિત ચાર લોકો ઉપર કાર્યવાહી કરી હતી ત્યારે આજ બુટલેગર અંબાજી પોલીસ સ્ટેશનથી માત્ર 100 મીટરના અંતરમાં જ ખુલ્લેઆમ વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યો છે તેમ છતાં પણ અંબાજી પોલીસની ઊંઘ નથી ઉડતી ત્યારે આ બુટલેગરે જન્મદિવસની ઉજવણી કરતા તેના ઉપર કાર્યવાહી કરી પરંતુ અંબાજીમાં ખુલ્લેઆમ વિદેશી દારૂ વેચાય છે તેમ છતાં પણ અંબાજી પોલીસને કાર્યવાહી કરવામાં કોઈ રસ કેમ નથી? દિલીપ પ્રજાપતિ ઉપર પોલીસના ચોપડે અસંખ્ય કેશો હોવા છતાં પણ અંબાજી પોલીસ કેમ તડીપાર નથી કરતી અને તેને વિદેશી દારૂ નું વેચાણ કરવા કેમ પરમિશન આપે છે તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે ત્યારે અંબાજી પોલીસ સ્ટેશન માં ફરીથી ખાનગી માણસોનો જમાવડો જોવા મળી રહ્યો છે ત્યારે આ ખાનગી માણસો રાજસ્થાન અને ગુજરાતની બોર્ડરથી વિદેશી દારૂની ગાડીઓ કાઢવાનું સેટિંગ પોલીસ સાથે કરતા હોય તેવી ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે આ ખાનગી માણસો પણ મોંઘીદાટ કાળા ગાડીઓ લઈને પોલીસ સ્ટેશન આગળ જ ઊભા રહેતા હોય છે ત્યારે પોલીસ સાથે રહેતા આ ખાનગી માણસો અગાઉ પણ અંબાજી સરહદ છાપરીથી ગાયોની ગાડીઓ કઢાવવામાં પણ વિવાદમાં આવેલા લોકો ફરીથી અંબાજી પોલીસની મિત્રતા કરીને લોકોને પોલીસની ઓળખ આપીને લોકોને દાંત ધમકી આપી રૂપિયા પણ પડાવતા હોય છે અગાઉના બનાસકાંઠા જિલ્લાના અંબાજી પોલીસને ખાનગી માણસો ન રાખવા માટે સૂચનાઓ આપતા અંબાજી પોલીસે ખાનગી માણસો દૂર કર્યા હતા.

### પુરાવાનો નાશ કરવા લાશને પેટ્રોલથી સળગાવી દીધી

## ધોળકામાં સંસ્કારી વ્યવસાયને કલંકિત કરતી ઘટના : શિક્ષક પતિએ જ પત્નીની પથ્થરના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી

ધોળકા

ધોળકા પંથકમાં માનવતાને શર્મસાર કરતી અને પવિત્ર પતિ-પત્નીના સંબંધો પરથી વિશ્વાસ ઉઠી જાય તેવી એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. ધોળકાના ચલોડા-કેલીયાવાસણા કેનાલ પાસે એક શિક્ષક પતિએ જ ઘરકંકાસની અદાવતમાં પોતાની જ શિક્ષિકા પત્નીની પથ્થરના ઘા મારીને નિર્મમ હત્યા કરી દીધી છે. એટલું જ નહીં, પાપી પતિએ પાપ છુપાવવા અને પુરાવાનો નાશ કરવા માટે પત્નીની લાશ પર પેટ્રોલ છાંટીને તેને સળગાવી દીધી હતી. આ ચકચારી હત્યાકાંડ બાદ ધોળકા રૂરલ પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલીને હત્યારા પતિને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી માહિતી મુજબ, આરોપી બળદેવ ઝાલા અને તેની પત્ની રીનાબેન બંને વ્યવસાયે શિક્ષક હતા. સમાજને જ્ઞાન આપતા આ દંપતીના ઘરમાં છેલ્લા કેટલાક સમયથી ભારે ઘરકંકાસ ચાલી રહ્યો હતો. આ જ અદાવત અને આક્રોશમાં આવીને બળદેવ ઝાલા ચલોડા-કેલીયાવાસણા કેનાલ પાસે પત્ની રીનાબેનને મોતને ઘાટ ઉતારવાના ઈરાદે લઈ ગયો હતો. ત્યાં બંને વચ્ચે બોલાચાલી થતાં ક્રૂર બનેલા પતિએ રીનાબેન પર પથ્થરના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે રીનાબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ પકડાઈ જવાના ડરે બળદેવે પત્નીની લાશ પર પેટ્રોલ છાંટીને તેને સળગાવી દીધી હતી, જેથી લાશની ઓળખ ન થઈ શકે. પોતાના હાથે પત્નીનું નિકંદન કાઢ્યા બાદ શાતિર પતિ બળદેવ ઝાલાએ કાયદાની પકડમાંથી બચવા માટે એક નવો પેંતરો રચ્યો હતો. તેણે જાણે કંઈ જ બન્યું ન હોય તેમ પોલીસ સ્ટેશને જઈને પત્ની ગુમ થઈ હોવાનું નાટક શરૂ કર્યું હતું. તેણે એવી વાર્તા ઘડી કે તેની પત્ની અચાનક ક્યાંક ચાલી ગઈ છે અને મળી રહી નથી. પોલીસને પણ શરૂઆતમાં તેની વાતો પર વિશ્વાસ આવી ગયો હતો. જો કે, ઘટનાની ગંભીરતાને જોઈને ધોળકા રૂરલ પોલીસે ઊંડી તપાસ શરૂ કરી હતી. પોલીસને પતિ બળદેવ ઝાલાની વર્તણૂક અને નિવેદનોમાં અનેક વિસંગતતાઓ જોવા મળી હતી, જેના કારણે પોલીસને તેના પર શંકા ગઈ હતી. પોલીસે જ્યારે બળદેવની અટકાયત કરીને કડકાઈથી અને કાયદાના શસ્ત્ર સાથે પૂછપરછ શરૂ કરી, ત્યારે તેનો તમામ આત્મવિશ્વાસ ડગી ગયો હતો. પોલિસના આકરા સવાલો સામે ભાંગી પડેલા પાપી પતિએ આખરે પોતાનો ગુનો કબૂલી લીધો હતો અને પત્નીની ક્રૂર હત્યા કરી લાશ સળગાવી દીધી હોવાની હકીકત ઓકી દીધી હતી.

## 8 વર્ષ પૂર્વે ધડ વગર મળેલા માથાનો ભેદ મહદઅંશે ઉકેલાયો

### રાજકોટમાં વર્ષ પહેલા ઝડપાયેલા ઠેકેદારે કામ ન કરવા બદલ અમાનુષી અત્યાચાર કરી બાળકની હત્યા કર્યાની શંકા

રાજકોટ

રાજકોટ પોલીસને આઠ વર્ષ જૂના એક ચકચારી અને રહસ્યમય મર્ડર કેસનો ભેદ ઉકેલવામાં મોટી સફળતા મળી છે. આઠ વર્ષ પહેલાં રાજકોટમાંથી ધડ વગરનું એક બાળકના માથાનું કંકાલ મળી આવ્યું હતું, જે તે સમયે પોલીસ માટે એક મોટો કોયડો બન્યું હતું. જોકે, આ ગુનાનો ભેદ હવે મહદઅંશે ઉકેલાઈ ગયો છે. પોલીસને શંકા છે કે ગત વર્ષે ઝડપાયેલા એક ક્રૂર ઠેકેદારે જ કામ ન કરવા બદલ માસૂમ બાળક પર અમાનુષી અત્યાચાર ગુજારીને તેની નિર્મમ હત્યા કરી નાખી હતી.

આઠ વર્ષ પહેલાં મળ્યું હતું ધડ વગરનું માથું

આ ઘટનાની વિગત એવી છે કે, આશરે આઠ વર્ષ પૂર્વે રાજકોટના એક અવાવરુ વિસ્તારમાંથી માત્ર બાળકના માથાનો ભાગ મળી આવ્યો હતો, જ્યારે તેનું ધડ ગાયબ હતું. લાંબા સમય સુધી તપાસ કરવા છતાં બાળકની ઓળખ કે તેના હત્યારા સુધી પોલીસ પહોંચી શકી નહોતી. પરંતુ રાજકોટ પોલીસે આ કેસની ફાઈલ




બંધ નહોતી કરી અને સતત કડીઓ જોડવાનું ચાલુ રાખ્યું હતું. દરમિયાન, ગત વર્ષે પોલીસના હાથે ઝડપાયેલા એક શંકાસ્પદ ઠેકેદારની હિસ્ટ્રી તપાસતા આ કેસમાં એક નવો વળાંક આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસ અને પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ પકડાયેલો ઠેકેદાર નાના બાળકો પાસે મજૂરી કામ કરાવતો હતો. આઠ વર્ષ પહેલાં આ માસૂમ બાળકે કામ કરવાની ના પાડી દીધી હતી અથવા તે કામ કરી શકતો ન હતો. આ વાતથી ગુસ્સે ભરાઈને નરાધમ ઠેકેદારે બાળક પર અત્યંત ક્રૂર અને અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો, જેના કારણે બાળકનું મોત નીપજ્યું હતું. પાપ છુપાવવા માટે ઠેકેદારે બાળકના શરીરના ટુકડા કરી ધડ અને માથું અલગ-અલગ જગ્યાએ ફેંકી દીધા હોવાની આશંકા સેવાઈ રહી છે. રાજકોટ પોલીસ આરોપીના રિમાન્ડ મેળવીને હવે બાળકના ધડના અવશેષો શોધવા તેમજ આ ગુનામાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તે દિશામાં સઘન તપાસ ચલાવી રહી છે. આ નરાધમ ઠેકેદારને કડકમાં કડક સજા થાય તે માટે પોલીસે કાયદાકીય ગાળિયો મજબૂત કર્યો છે.

## વાગરા તળાવ કિનારે ચપ્પલ મળ્યા, વ્યક્તિ ડૂબ્યાની આશંકા : પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ શરૂ કરાઇ

ભરૂચ, રંગુની જાકીર

વાગરા ગામના મુખ્ય તળાવમાં એક અજાણી વ્યક્તિ ડૂબી ગઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. જુમ્મા મસ્જિદ સામે આવેલા તળાવના કિનારે શંકાસ્પદ સંજોગોમાં ચપ્પલ મળી આવતા આ ઘટના પ્રકાશમાં આવી હતી. સ્થાનિકો દ્વારા તળાવ કિનારેથી મળેલા ચપ્પલના આધારે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ડૂબનાર વ્યક્તિ કચરો વીણનાર અથવા મજૂરી કામ કરનાર હોઈ શકે છે. જોકે, ડૂબનાર વ્યક્તિની



ઓળખ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો તળાવ કિનારે એકત્ર થઈ ગયા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર બ્રિગેડ અને બચાવ ટીમને સ્થળ પર બોલાવવાની તજવીજ હાથ ધરી છે. તળાવમાં સંભવિત રીતે ડૂબી ગયેલી વ્યક્તિની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવશે.

આ ઘટનાને લઈને ગામમાં વિવિધ તર્ક-વિતર્કો અને ચર્ચાઓ ચાલી રહી છે.

હાલ તમામની નજર બચાવ કામગીરી અને પોલીસ તપાસ પર મંડાઈ છે. સત્તાવાર માહિતી બહાર આવ્યા બાદ જ સમગ્ર ઘટનાનું સાચું કારણ અને હકીકત સ્પષ્ટ થઈ શકશે.

### ગોંડલ નજીક ગમખ્વાર અકસ્માત : અમિત ખુંટ કેસની મુખ્ય આરોપી પૂજા રાજગોરનું કરુણ મોત

ગોંડલ

ગોંડલ નેશનલ હાઈવે પર આજે એક હૃદયકંપાવનારો ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ચર્ચાસ્પદ અમિત ખુંટ આત્મહત્યા કેસની મુખ્ય આરોપી પૂજા રાજગોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કુરચો બોલી ગયો હતો. મળતી માહિતી મુજબ, ગોંડલ નજીકથી પસાર થઈ રહેલી કારને અચાનક નડેલા ભયાનક અકસ્માતમાં પૂજા રાજગોર ગંભીર રીતે ઘવાયી હતી અને તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અકસ્માતની જાણ થતાં જ આજુબાજુના લોકો અને હાઈવે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## નિતીન પટેલ, ગોરધન ઝડફિયા, નરેશ પટેલ અને ગગજીભાઈને કેમ ના મોકલાયા રાજ્યસભા!

ગાંધીનગર

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી વખતે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, પ્રદેશ ઉપપ્રમુખ ગોરધન ઝડફિયા, ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને ઉમિયાધામ સિદસરના પ્રમુખ ગગજીભાઈ સુતરીયાના નામો રેસમાં સૌથી આગળ હતા. પાટીદાર સમાજ અને ગુજરાતના રાજકારણમાં આ ચારેય ચહેરાઓ બહુ મોટું કદ ધરાવે છે. આમ છતાં, ભાજપ હાઈકમાન્ડે આખરી યાદીમાં આ દિગ્ગજોના પત્તા કાપી નાખતા રાજકીય વર્તુળોમાં ભારે આશ્ચર્ય



ફેલાયું છે.

આ હાઈપ્રોફાઈલ નામોની અવગણના પાછળ ભાજપની ચોક્કસ અને ગણતરીપૂર્વકની વ્યૂહરચના જવાબદાર છે. નિતીન પટેલ જેવા સિનિયર નેતાને દિલ્હી ન મોકલવા પાછળ ભાજપની 'નો-રિપીટ થિયરી' અને 'એજ કેપ' મુખ્ય કારણ છે. પક્ષ હવે જુના નેતાઓને બદલે સંપૂર્ણપણે નવી પેઢીને આગળ લાવવા માંગે છે. બીજી તરફ, ગોરધન ઝડફિયા સંગઠનના માસ્ટરમાઈન્ડ છે. આગામી સમયમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી હોવાથી, હાઈકમાન્ડ તેમને દિલ્હી મોકલવાને બદલે ગુજરાતના સંગઠનમાં જ રાખવા વધુ ફાયદાકારક માને છે.

જ્યારે સામાજિક અગ્રણીઓ નરેશ પટેલ અને ગગજીભાઈ સુતરીયાની વાત કરીએ, તો આ બંને નેતાઓ શુદ્ધ સામાજિક પૃષ્ઠભૂમિ ધરાવે છે અને પક્ષના સક્રિય રાજકીય માળખાથી દૂર રહ્યા છે. ભાજપે આ નિર્ણય દ્વારા સ્પષ્ટ સંકેત આપ્યો છે કે માત્ર સામાજિક વજન કે દબાણના આધારે સંસદની ટિકિટ ન મળી શકે. ટિકિટ માટે પક્ષના સંગઠનમાં રહીને વફાદારીપૂર્વક કામ કરવું અનિવાર્ય છે.

આ ચારેય દિગ્ગજોને રાજ્યસભા ન મોકલીને કેન્દ્રીય નેતૃત્વએ સાબિત કરી દીધું છે કે ભાજપમાં વ્યક્તિગત કદ કરતાં પક્ષની આંતરિક ગણતરીઓ અને ભવિષ્યનું આયોજન હંમેશા સર્વોપરી રહે છે.

## ખેડૂતોના ખેતરોમાં વીજ લાઇન નાખવા પોલીસ કાફલા સાથે ઘૂસણખોરી, અન્નદાતાનો પ્રચંડ આક્રોશ

### જો ખેડૂતોના ખેતરોમાં ગેરકાયદેસર કામ તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે અને નુકસાનીનું યોગ્ય વળતર નહીં ચૂકવાય

મોરબી

મોરબી પંથકમાંથી કોર્પોરેટ કંપનીની જોહુકમી અને ખેડૂતોની લાચારીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મોરબીના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોની મંજૂરી વિના, તેમના ઊભા પાકને વેરવિખેર કરીને અદાણી કંપની દ્વારા હાઈટેન્શન વીજ લાઈનના ટાવરો ઊભા કરવા માટે જબરદસ્તી ઘૂસણખોરી કરવામાં આવતા પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. વિકાસના નામે કાયદો ખિસ્સામાં લઈને ફરતી કંપનીની આ દાદાગીરી સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મળતી માહિતી મુજબ, મોરબીના સ્થાનિક ખેડૂતોના કિંમતી અને ફળદ્રુપ ખેતરોમાંથી અદાણી કંપનીની હાઈટેન્શન વીજ લાઈન પસાર કરવાનું આયોજન કરાયું છે. ખેડૂતોએ પોતાની જમીન અને પાકને થનારા નુકસાનને લઈને આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો. પરંતુ ખેડૂતોની સંમતિ મેળવવાના બદલે કંપનીના સત્તાધીશોએ પોલીસ પ્રોટેક્શનનો સહારો લીધો હતો. પોલીસના મોટા કાફલાને સાથે રાખીને કંપનીના માણસો જેસીબી અને ભારે મશીનરી સાથે ખેડૂતોના ખેતરમાં ઘૂસી ગયા હતા. ખેતરમાં લહેરાતો ઊભો પાક જેસીબીના ટાયરો નીચે કચડી નાખવામાં આવ્યો હતો, જેને જોઈને ધરતીપુત્રોની આંખોમાં આસુ ધસી આવ્યા હતા. પોતાની લોહી-પરસેવાની કમાણી જેવી જમીનને વેરવિખેર થતી જોઈ જ્યારે ખેડૂતો અને તેમના પરિવારોએ વિરોધ કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે પોલીસ બળનો ઉપયોગ કરીને તેમનો અવાજ દબાવી દેવામાં આવ્યો હતો.

જગતનો તાત કહી રહ્યો છે કે, 'કંપનીના આર્થિક ફાયદા માટે સરકાર અને વહીવટી તંત્ર ખેડૂતોના ભોગે કામ કરી રહ્યું છે.' ખેડૂતોનો આક્ષેપ છે કે તેમને કોઈ યોગ્ય વળતર આપ્યા વિના કે નોટિસ આપ્યા વિના આ રાતોરાત ઘૂસણખોરી કરીને અત્યાચાર ગુજારવામાં આવ્યો છે. કંપનીની આ ઘાતક જોહુકમી સામે હવે માત્ર મોરબી જ નહીં, પરંતુ આજુબાજુના વિસ્તારના ખેડૂત સંગઠનો પણ એકઠા થઈ રહ્યા છે.

### જમીનો પર ગેરકાયદેસર ખનન કરતા માફિયાઓ સામે વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં

## ચોટીલામાં ગેરકાયદેસર મુરમ ખનન પર તંત્રનો મોટો સપાટો : દુધેલી ગામમાંથી 90 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

ચોટીલા

ચોટીલા પંથકમાં સરકારી જમીનો પર ગેરકાયદેસર ખનન કરતા માફિયાઓ સામે વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ચોટીલા ડુંગરની પાછળ આવેલા દુધેલી ગામમાં ચાલી રહેલા ગેરકાયદેસર મુરમ (તાસ) ખનન અને પરિવહન પર નાયબ કલેક્ટર અને મામલતદારની સંયુક્ત ટીમે અચાનક દરોડો પાડીને મોટું ઓપરેશન પાર પાડ્યું છે. આ સફળ કાર્યવાહી દરમિયાન તંત્ર દ્વારા કુલ રૂપિયા ૯૦.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ચોટીલાના નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને મામલતદારની ટીમને દુધેલી ગામમાં સરકારી સર્વે નંબર ૨૪૨ વાળી જગ્યા પર ગેરકાયદેસર ખોદકામ



થતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. તંત્રની ટીમે ઘટનાસ્થળે દરોડો પાડતા ત્યાં મોટા પાયે મુરમનું ગેરકાયદેસર ખનન અને વહન થતું રંગેહાથ ઝડપાયું હતું. પોલીસે સ્થળ પરથી ખનન કાર્યમાં વપરાતું એક હિટાચી મશીન અને ૨૦ મેટ્રિક ટન મુરમ ભરેલું એક ડમ્પર જપ્ત કર્યું હતું. આ તમામ વાહનો અને ખનીજનો જથ્થો ચોટીલા મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અલ્પેશ સાંમડ અને ગોવિંદ બી. સાંમડ (બંને રહે. ચોટીલા) દ્વારા ચલાવવામાં આવી રહી હતી. તંત્ર દ્વારા આ બંને આરોપીઓ અને વાહન માલિકો સામે ગુજરાત ખનીજ નિયમો, ૨૦૧૭ હેઠળ કાયદેસરની ગુનો નોંધીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, સરકારી જમીન હડપ કરવાના ગુનામાં તેમની સામે લેન્ડ ગ્રેબિંગ અને તડીપાર કરવા સુધીની આકરી ન્યાયિક પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવશે. હાલમાં ગેરકાયદેસર ખોદવામાં આવેલા ખાડાઓની માપણી કરીને દંડ વસૂલવાની તજવીજ ચાલી રહી છે.

### લોકરમાંથી મળ્યું 54.13 લાખનું સોનું-ચાંદી

## રોજ લાખોની લાંચ લેતા CEO અશ્વિન ચૌધરીની અપ્રમાણસર મિલકતો શોધવાની કામગીરી તેજ

ગાંધીનગર

રાજ્યમાં ભ્રષ્ટાચારીઓ સામે ચાલી રહેલી એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ની કડક ઝુંબેશમાં વધુ એક મોટો ખુલાસો થયો છે. રોજની લાખો રૂપિયાની લાંચ લેતા ઝડપાયેલા કમિશનર કમ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) અશ્વિન ચૌધરીની કાળી કમાણીનો આંકડો સતત વધી રહ્યો છે. એસીબી દ્વારા આરોપી અધિકારીની અપ્રમાણસર મિલકતો શોધવા માટે શરૂ કરાયેલી તપાસ દરમિયાન તેમના બેંક લોકરમાંથી ૫૪.૧૩ લાખ રૂપિયાની કિંમતનું સોનું અને ચાંદી મળી આવ્યું છે.

મળતી માહિતી મુજબ, લાંચના કેસમાં ઝડપાયેલા અશ્વિન ચૌધરીના અલગ-અલગ બેંક ખાતાઓ અને લોકર્સની તપાસ કરવામાં આવી રહી છે. સર્ચ ઓપરેશન દરમિયાન એસીબીની ટીમે જ્યારે તેમના એક બેંક લોકરની તલાશી લીધી, ત્યારે અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. આ લોકરમાંથી ૫૪.૧૩ લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીના અને કિંમતી વસ્તુઓ મળી આવી છે, જેને એસીબીએ કાયદેસરની કાર્યવાહી કરીને જપ્ત કરી લીધી છે.

તપાસ એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, અશ્વિન ચૌધરી સરકારી હોદ્દાનો દુરુપયોગ કરીને રોજની લાખો રૂપિયાની લાંચ ઉઘરાવતા હતા. આ લાંચના નાણાં તેમણે ક્યાં-ક્યાં રોક્યા છે તેની તપાસ ચાલી રહી છે.

અત્યાર સુધીની તપાસમાં તેમની કરોડો રૂપિયાની બેનામી સંપત્તિ, વૈભવી મકાનો, જમીનોના દસ્તાવેજો અને મોંઘી ગાડીઓ હોવાની આશંકા સેવાઈ રહી છે.

એસીબીની જુદી-જુદી ટીમો દ્વારા અશ્વિન ચૌધરી તેમજ તેમના પરિવારના નામે રહેલી તમામ સ્થાવર-જંગમ મિલકતોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં તેમના અન્ય લોકર્સ અને બેંક ખાતાઓ ખુલતા ભ્રષ્ટાચારની કાળી કમાણીનો મોટો આંકડો બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. એસીબીની આ આકરી કાર્યવાહીથી લાંચિયા સરકારી બાબુઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

## તંત્રી લેખ...

### સંસ્કાર અને સદ્ગુણ: જ્યારે સ્ત્રી સબૂરી ધારણ કરે છે ત્યારે...

'જે સ્ત્રીમાં સબ્ર (ધીરજ) આવી જાય છે, પછી ભલે તેનું દિલ અંદરથી બળી રહ્યું હોય, પણ તે બિલકુલ ખામોશ રહે છે.'

આ પંક્તિ કોઈ સામાન્ય શબ્દો નથી, પરંતુ દુનિયાની દરેક સ્ત્રીના હૃદયની એ ગંભીર વાસ્તવિકતા છે જેને સમજવી દરેકના બસની વાત નથી. સ્ત્રીને કુદરતે પ્રેમ, કરુણા અને સહનશીલતાની મૂર્તિ બનાવી છે. તે પોતાના પરિવાર, સંતાનો અને સંબંધોને સાચવવા માટે ગમે તેવા દુઃખ અને તકલીફોને હસતા મુખે સહન કરી લે છે.

ખામોશી એ કમજોરી નથી, પણ આત્મબળ છે

જ્યારે કોઈ સ્ત્રી પરિસ્થિતિઓ સામે લડીને અંદરથી થાકી જાય છે, ત્યારે તે વિરોધ કરવાનું કે દલીલો કરવાનું છોડી દે છે. લોકો તેની



ખામોશીને તેની કમજોરી અથવા તેની હાર માની લે છે, પરંતુ વાસ્તવમાં એ તેની હાર નથી હોતી. એ તેનો સર્વોચ્ચ સબ્ર (સહનશીલતા) હોય છે. અંદર ભલે લાગણીઓનું વાવાઝોડું ચાલતું હોય, સપનાઓનો કચડઘાણ વળી રહ્યો હોય, તો પણ તે બહાર પોતાના ચહેરા પર સ્મિત રાખીને બધું જ પી જાય છે.

સબ્ર પાછળ છુપાયેલું દર્દ

એક સ્ત્રી જ્યારે મૌન ધારણ કરે છે, ત્યારે તેનો અર્થ એવો થાય છે કે હવે તેણે બધું જ ઈશ્વર પર છોડી દીધું છે. તે પોતાના હક માટે ક્યારેય ભીખ નથી માંગતી. જ્યાં સુધી તેને સંબંધો પર ભરોસો હોય છે ત્યાં સુધી તે બોલે છે, ગુસ્સો કરે છે અને હક જતાવે છે. પરંતુ જે દિવસે તેનો આ ભરોસો તૂટી જાય છે, તે દિવસે તે મૌનની ચાદર ઓઢી લે છે. તેનું દિલ અંદરથી બળતું હોવા છતાં તેની આંખો કે હોઠ પરથી કોઈ ફરિયાદ બહાર નથી આવતી.

નારી શક્તિનું વિરાટ સ્વરૂપ

ધીરજ રાખનારી સ્ત્રી સમાજ અને પરિવારને જોડી રાખનારું ફેવિકોલ છે. તે પોતાના આસું છુપાવીને પણ બીજાના ચહેરા પર ખુશીઓ લાવવાનો પ્રયત્ન કરે છે. સ્ત્રીના આ સબ્રને ક્યારેય હળવાશથી ન લેવો જોઈએ, કારણ કે જે સ્ત્રી શાંત રહીને બધું સહન કરી શકે છે, તે સમય આવ્યે તમામ પરિસ્થિતિઓ બદલવાની તાકાત પણ રાખે છે. સ્ત્રીના આ અદભુત ગુણને વંદન છે.

- ગ્રુપ એડિટર પવન માકન

## બ્રહ્માના પૌત્રથી લંકાના રાજા સુધી: રાવણના વંશની અજાણી રહસ્યગાથા

### રાવણ ના લોહીમાં વહેતા બે વિરોધાભાસી વંશ જન્મથી બ્રાહ્મણ, કર્મથી રાક્ષસ

આપણે જ્યારે પણ 'રાવણ' નામ સાંભળીએ છીએ, ત્યારે મનમાં એક ક્રૂર, અહંકારી અને સીતાહરણ કરનારા રાક્ષસ રાજાની છબી ઉપસી આવે છે. પરંતુ સનાતન ઈતિહાસ અને પૌરાણિક ગ્રંથોના પાના ઉથલાવીએ તો સમજાય છે કે રાવણનું વ્યક્તિત્વ માત્ર આટલા પૂરતું મર્યાદિત નહોતું. તે એક પરમ શિવભક્ત, પ્રકાંડ પંડિત, મહાન સંગીતકાર, આયુર્વેદના જ્ઞાતા અને જ્યોતિષશાસ્ત્રના અસાધારણ વિદ્વાન હતા. સૌથી મોટું રહસ્ય તો એ છે કે રાવણ માત્ર રાક્ષસ નહોતો, તેનો વંશાવલોક સીધો સૃષ્ટિના સર્જક બ્રહ્માજી સાથે જોડાયેલો છે.

આવો, આજે રાવણના વંશના એવા રહસ્યોની સફરે જઈએ, જે સામાન્ય રીતે લોકો નથી જાણતા.

બ્રહ્માજીના પૌત્ર અને ઋષિપુત્ર રાવણનો જન્મ એક અત્યંત વિલક્ષણ પરિસ્થિતિમાં થયો હતો. તે જન્મથી અડધા બ્રાહ્મણ અને અડધા રાક્ષસ હતા.

બ્રહ્માજીના માનસ પુત્ર એટલે મહર્ષિ પુલસ્ત્ય. મહર્ષિ પુલસ્ત્યના પુત્ર એટલે મહાન તપસ્વી ઋષિ વિશ્રવા. આમ, રાવણ સંબંધમાં બ્રહ્માજીના પૌત્ર (પૌત્રના દીકરા) થતા હતા. રાવણના પિતા ઋષિ વિશ્રવા એક ઉચ્ચ કોટિના બ્રાહ્મણ હતા. જ્યારે તેમના માતા 'કૈકસી', રાક્ષસ રાજા સુમાલીના પુત્રી હતા. કૈકસીએ એક એવા પુત્રની ચાહમાં ઋષિ વિશ્રવા પાસે સંતાનદાન માંગ્યું જે ત્રણેય લોકમાં સર્વશક્તિમાન બને. પરંતુ, તેમણે આ વિનંતી 'કુવેળાએ' (અશુભ મુહૂર્તમાં) કરી હોવાને કારણે ઋષિએ કહ્યું કે સંતાનો ક્રૂર પ્રવૃત્તિના જન્મશે.

આ જ કારણ છે કે રાવણમાં પિતા તરફથી પ્રકાંડ બુદ્ધિ, વેદોનું જ્ઞાન અને બ્રહ્મતેજ મળ્યું, જ્યારે માતા તરફથી અખૂટ શારીરિક બળ, તામસી પ્રવૃત્તિ અને માયાવી શક્તિઓ મળી.

બહુ ઓછા લોકો જાણે છે કે સોનાની લંકા મૂળ રાવણની નહોતી. રાવણના સાવકા ભાઈ એટલે કુબેર ની હતી જે ધનના દેવતા ગણાય છે. કુબેર ઋષિ વિશ્રવાની પ્રથમ પત્ની ઇડવિડાના પુત્ર હતા. કુબેરે પોતાની તપસ્યાથી બ્રહ્માજી પાસેથી લંકા અને પુષ્પક વિમાન મેળવ્યા હતા.

પરંતુ માતા કૈકસીના ઉશ્કેરવાથી રાવણ અને તેના ભાઈઓએ ઘોર તપસ્યા



કરી બ્રહ્માજી પાસેથી અજેય થવાનું વરદાન મેળવ્યું. ત્યારબાદ રાવણે પોતાના જ સાવકા ભાઈ કુબેર પર આક્રમણ કરીને સોનાની લંકા અને પુષ્પક વિમાન પડાવી લીધા. ભાઈ-ભાઈ વચ્ચેના આ વૈમનસ્યએ લંકાના ઈતિહાસને લોહીથી ભરી દીધો.

રાવણની મુખ્ય રાણી મંદોદરીનું પાત્ર અત્યંત રહસ્યમય અને આદરણીય છે. મંદોદરી એ અસુર શિલ્પી મય દાનવ અને અપ્સરા હેમાની પુત્રી હતી. તે એટલી પવિત્ર અને પતિવ્રતા સ્ત્રી હતી કે હિન્દુ ધર્મમાં તેને પાંચ મહાન પવિત્ર સ્ત્રીઓ (અહલ્યા, દ્રૌપદી, કુંતી, તારા અને મંદોદરી) એટલે કે 'પંચકન્યા' માં સ્થાન આપવામાં આવ્યું છે.

મંદોદરી જ્યોતિષ વિદ્યામાં પણ નિપુણ હતી. તેણે હંમેશા રાવણને અધર્મના માર્ગે જતા, સીતાજીનું હરણ કરતા રોકવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ રાવણના અહંકાર આગળ તેનું કંઈ ચાલ્યું નહીં.

હવે વાત કરીએ રાવણ ના સંતાનો ની રાવણના સંતાનો માત્ર યોદ્ધા નહોતા, પણ એ સમયના અદભુત વિજ્ઞાન અને માયાવી શક્તિઓના પ્રતીક હતા.

મેઘનાદ (ઈન્દ્રજીત) રાવણનો આ જ્યેષ્ઠ પુત્ર જ્યારે જન્મ્યો ત્યારે રાવણે પોતાની જ્યોતિષ વિદ્યાના બળે તમામ ગ્રહોને અગિયારમા ભાવમાં કેદ કરી દીધા હતા જેથી પુત્ર અમર બને

માત્ર શનિદેવે છેલ્લી ઘડીએ સ્થાન બદલવા બદલ ક્રોધિત થઈ રાવણે શનિદેવને પોતાના સિંહાસનના પગથિયાં નીચે ઊંધા દબાવી રાખ્યા હતા.

મેઘનાદે સ્વર્ગના રાજા ઈન્દ્રને પણ હરાવ્યા હતા. તે બ્રહ્માસ્ત્ર, નાગપાશ અને પાશુપતાસ્ત્ર ત્રણેયનો સ્વામી હતો.

અતિકાય આ પુત્ર એટલો વિશાળ અને બળવાન હતો કે પૃથ્વી તેના ચાલવાથી ધ્રૂજતી હતી. તેને શિવજીનું દૈવી કવચ પ્રાપ્ત હતું, જેને ભેદવું અશક્ય હતું.

અક્ષયકુમાર માત્ર ૧૬ વર્ષની ઉંમરે હનુમાનજી સામે અશોક વાટિકામાં યુદ્ધ લડીને વીરગતિ પામનાર આ નાનો પુત્ર પણ અસાધારણ અસ્ત્ર-શસ્ત્રનો જ્ઞાતા હતો.

રામાયણના ભીષણ યુદ્ધમાં રાવણના તમામ પુત્રો (મેઘનાદ, અતિકાય, અક્ષયકુમાર, ત્રિશિરા, દેવાંતક, નરાંતક) અને ભાઈ કુંભકર્ણ વીરગતિ પામ્યા. રાવણના વધ સાથે જ તેના સીધા સામ્રાજ્યવાદી વંશનો અંત આવ્યો.

પરંતુ, રાવણના નાના ભાઈ વિભીષણ ધર્મના પક્ષમાં હતા. શ્રીરામે રાવણના અંત પછી વિભીષણનો લંકાના રાજા તરીકે રાજ્યાભિષેક કર્યો. વિભીષણના પુત્ર તરણિસેન અને પુત્રી ત્રિજટા (જેણે અશોક વાટિકામાં સીતાજીની માતા સમાન રક્ષા કરી હતી) દ્વારા આ કુળ આગળ ચાલ્યું, પરંતુ તે રાક્ષસી પ્રવૃત્તિથી મુક્ત અને ધાર્મિક હતું.

રાવણ મોટો ચિકિત્સક હતો. તેણે બાળરોગો માટે 'કુમાર તંત્ર' અને વનસ્પતિના અર્કની સારવાર માટે 'અર્ક પ્રકાશ' જેવા અદ્ભુત વૈજ્ઞાનિક ગ્રંથો લખ્યા હતા.

રામેશ્વરમમાં સેતુબંધના નિર્માણ વખતે શિવલિંગની સ્થાપના માટે પૃથ્વી પર રાવણથી શ્રેષ્ઠ કોઈ બ્રાહ્મણ નહોતો. શ્રીરામના આમંત્રણ પર રાવણે પોતે આવીને મુખ્ય આચાર્ય તરીકે આ યજ્ઞ સંપન્ન કરાવ્યો હતો.

કૈલાશ પર્વત ઉપાડવા જતાં શિવજીએ અંગૂઠો દબાવ્યો અને રાવણનો હાથ કચડાયો. એ અસહ્ય પીડામાં શિવજીને પ્રસન્ન કરવા રાવણે તત્કાલ 'શિવ તાંડવ સ્તોત્ર'ની રચના કરી અદ્ભુત રાગમાં ગાયું હતું.

સંગીતના શોખીન રાવણે કૈલાશ પર્વત નીચે હાથ દબાવા છતાં શિવજીને રીઝવવા પોતાના જ એક હાડકા પર પોતાની નસ ખેંચીને બાંધી દીધી અને એક વાદ્ય બનાવ્યું, જેને આજે 'રાવણહત્થો' (વાયોલિનનું પ્રથમ સ્વરૂપ) કહેવાય છે. મરણપથારીએ રાવણે લક્ષ્મણને જીવનના ૩ મોટા પાઠ ભણાવ્યા: શુભ કાર્યમાં ક્યારેય વિલંબ ન કરવો,

શત્રુને ક્યારેય નાનો નસમજવો, અને પોતાના મૃત્યુનું રહસ્ય (નાભિમાં અમૃત) ક્યારેય કોઈને ન કહેવું.

ભારતના કેટલાક હિસ્સાઓમાં આજે પણ લોકો પોતાને રાવણના વંશજ માને છે

મુદગલ (મંદૌર, રાજસ્થાન) જોધપુર નજીક આવેલું મંદૌર મંદોદરીનું પિયર મનાય છે. અહીંના 'શ્રીમાલી ગોધા બ્રાહ્મણો' પોતાને રાવણના વંશજ માને છે. તેઓ દશેરાના દિવસે રામવિજયની ઉજવણી નથી કરતા, પરંતુ રાવણના દહન સમયે શોક મનાવે છે અને જનોઈ બદલે છે. અહીં રાવણનું ઔપચારિક મંદિર પણ આવેલું છે.

ગોંડ આદિવાસી સમુદાય મધ્ય ભારત (મધ્યપ્રદેશ, છત્તીસગઢ)ના કેટલાક ગોંડ આદિવાસીઓ રાવણ અને તેના પુત્રોને પોતાના આરાધ્ય દેવ અને પૂર્વજ માને છે. તેઓ રાવણને એક મહાન વૈજ્ઞાનિક અને પ્રજાપાલક રાજા તરીકે પૂજે છે.

રાવણનો વંશાવલોક આપણને એ શીખવે છે કે વ્યક્તિ ગમે તેવા ઉચ્ચ કુળમાં જન્મ્યો હોય (બ્રહ્માજીના વંશમાં), ગમે તેટલો જ્ઞાની હોય, પરંતુ જો તેનો વિવેક મરી જાય અને તે અધર્મનો માર્ગ પકડે, તો તેનો નાશ નિશ્ચિત છે. રાવણનો ઈતિહાસ બ્રહ્મતેજ અને રાક્ષસી અહંકાર વચ્ચેના સંઘર્ષની એક અમર અને રહસ્યમય કથા છે.

**દર્શના પટેલ**
(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર

## સાયબર સ્લેવ બનાવતા નેટવર્કના 1600 સૂત્રધારો બિહારમાં હતા

વિદેશમાં જઈને વધુ પૈસા કમાવવાનું સપનું દરેક યુવાન જોતો હોય છે. ભારતમાં બેરોજગારી વધી છે. વિદેશમાં જઈને ડોલર કમાઈને ભારતમાં પોતાના ફેમિલીને સમૃધ્ધ કરવાની તક મોટાભાગના યુવાનો શોધતા હોય છે. પરંતુ આજકાલ યુવાનોની મહત્ત્વાકાંક્ષાનો પણ વેપાર કરવામાં આવે છે. વિદેશની મહત્ત્વાકાંક્ષા સંતોષવાની લ્હાયમાં આ યુવાનો ક્યારે સાયબર સ્લેવ (ગુલામ) બની જાય છે તેની તેમને ખબર પણ નથી પડતી.


યુવાનોને સાયબર સ્લેવ બનાવતું મોટું નેટવર્ક છે. યુવાનો અનેક સપનાં લઈને વિદેશની ધરતી પર ઉતરે છે ત્યારે જોબ શોધવા માટે વિવિધ એજન્ટોના સંપર્કમાં આવે છે. આ એજન્ટો તેમની સાથે ખતરનાક ગેમ રમતા હોય છે. પોતાની ઓળખાણ દેશના શાસકો સાથે હોવાથી નોકરી આસાનીથી મળી શકશે એવા પ્રોમીસ આપીને યુવાનોને ખેંચી લવાય છે.

એજન્ટો ગુનાખોરીના નેટવર્ક સાથે સંકળાયેલા હોઈ તેમને પણ યુવાનો દીઠ તગડું કમિશન મળતું હોય છે. બિહારની પોલીસે કમ્બોડિયા, મ્યાનમાર, થાઈલેન્ડ,વિયેટનામ અને લાઓસમાં ભારતના યુવાનોને સાયબર સ્લેવ બનાવતી ગેંગ સાથે સંકળાયેલા ૧૬૦૦ લોકોની ઉલટ તપાસ શરૂ કરી છે.

આ ગેંગ યુવાનોને વિદેશમાં જવાના મોટાં સપના બતાવતી હતી. યુવાનોને તગડા પગારની ઓફર કરવામાં આવતી હતી. વિદેશમાં છ મહિના જોબ કરશો એટલે ગાડી ખરીદી શકાશે. ઘેર નિયમિત પૈસા મોકલાશે, પગારમાં સતત વધારો થયા કરશે , રહેવાની મફત સવલતો અને વિઝાની પ્રોસેસ ફટાફટ કરી અપાય જેવા ગળચટ્ટાં પ્રોમિસ આપીને યુવાનોને ટ્રેપમાં ફસાવાય છે.હકીકતે બિહારના યુવાનોને આંબળી પીપળી બતાવીને વિદેશ મોકલીઅપાતા હતા અને ત્યાં સાયબર ક્રિમિનલો તેમના પાસપોર્ટ જપ્ત કરીને તેમને ફરજીયાત ઓનલાઈન ફ્રોડ સ્કીમ ચલાવવાનું કહેવાતું હતું.

આ યુવાનોને રહેવાનું મફત હતું પરંતુ તે જેલ સમાન હોય છે. તેમને ખાવાનું મળે છે. ઘેર પૈસા મોકલવાનું પણ મળે છે પરંતુ તે પાછા ફરી શકતા નહોતા કેમકે પાસપોર્ટ લઈ લેવાતો હોય છે. તેમના વિઝા પુરા થઈ જાય તો પણ તેમને છોડવામાં આવતા નહોતા. ત્યાંથી ભાગવું પણ અશક્ય હતું.

અખબારોમાં જ્યારે જાહેરાત આવે ત્યારે તેમાં લખ્યું હોય છે કે કોમ્પ્યુટર આવડે તેમને પહેલી પસંદ. બિહારના નાના શહેરોમાં યુવાનો કોમ્પ્યુટર



શીખવા જાય ત્યારે ત્યાં પણ વિદેશ જવાની લાલચ આપતા લોકો પહોંચી જતા હતા.

કોરોના કાળ અને ત્યાર બાદના સમયમાં યુવાનોને વિદેશ મોકલતી ગેંગ બહુ સક્રિય જોવા મળી હતી. બીજી તરફ ભારતમાં સાયબર ફ્રોડની સંખ્યામાં પણ સતત વધારો થયો હતો.

માલવેર મોકલવા, ફોન પર ધમકી આપવી, સિસ્ટમ હેક કરવી વગેરે કામો કરવાની પ્રેકટીસ કરાવાતી હતી. જે યુવાનો વિદેશમાં વસસાટ કરવાના સપનાં જોતાં હતા તેમને પુરી રાખવામા આવતા હતા.

ભારત સરકારે કમ્બોડિયાના સત્તાવાળાઓ સાથે રહીને સાયબર સ્લેવરીમાં ફસાયેલા ૭૦૦૦ લોકોને ગુનેગારના ટ્રેપમાંથી બહાર કઢાયા હતા. તેમની પાસે સાયબર ફ્રોડ સાથે સંકળાયેલા કામો કરાવાતા હતા. જો કોઈ કામ કરવાની ના પાડે તો તેને ખાવાનું આપવાનું બંધ કરાતું હતું અને ફટકારવામાં આવતા હતા.

કમ્બોડીયા ખાતેની ભારતીય કોન્સ્યુલેટ સુધી ફરિયાદ પહોંચાડાયા પછી નેટવર્ક પકડવામાં આવ્યું હતું.

આ યુવાનો કમ્બોડીયા કેવી રીતે પહોંચ્યા અને ક્યા એજન્ટો હતા તે નેટવર્કમાં બિહારના ૧૬૦૦ લોકો પકડાયા હતા.

## જોજો, ઠંડક આપતું AC ક્યાંક 'બોમ્બ' ન બની જાય!

તાજેતરમાં દિલ્હીના હૌઝ ખાસ વિસ્તારમાં પૂર્વ IAS અધિકારી ધનેન્દ્ર કુમારના ઘરમાં AC બ્લાસ્ટ થયા બાદ ભીષણ આગ લાગી ગઈ. આ દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું. આ પહેલા દિલ્હીના વિવેક વિહારમાં ACમાં આગ લાગવાથી ૯ લોકોના જીવ ગયા હતા. આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે આખરે ACમાં આગ શા માટે લાગે છે? ખરેખર ACની જાળવણી (મેન્ટેનન્સ) અને સુરક્ષા (સેફ્ટી)ને અવગણવાથી ઓવરહીટિંગ અને શોર્ટ સર્કિટનું જોખમ વધે છે, જે ઘણીવાર દુર્ઘટનાનું કારણ બને છે. જોકે, સાચી જાણકારી અને થોડી સાવચેતીથી આપણે આપણા પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરી શકીએ છીએ. સાથે જ ACની લાઈફ પણ વધારી શકીએ છીએ. સામાન્ય રીતે ACમાં બ્લાસ્ટ અચાનક થતો નથી. તે ઘણી નાની-નાની બેદરકારીઓનું પરિણામ હોય છે. જ્યારે AC પર જરૂર કરતાં વધુ લોડ પડે છે અથવા પાર્ટ્સ બરાબર કામ કરતા નથી, ત્યારે ઓવરહિટિંગ અને શોર્ટ સર્કિટની સ્થિતિ સર્જાય છે, જે બ્લાસ્ટનું કારણ બને છે. જૂના ACના પાર્ટ્સ ઘસાઈ ગયા હોય છે. આવી સ્થિતિમાં, સર્વિસિંગ અને મેન્ટેનન્સનું ધ્યાન ન રાખવા પર જોખમ વધી જાય છે. જ્યારે નવા ACમાં ખોટું ઈન્સ્ટોલેશન, સસ્તી વાયરિંગ અને ઓવરલોડિંગને કારણે અકસ્માતનું જોખમ હોઈ શકે છે. ઉનાળામાં લોકો ઘણીવાર સતત નીચા તાપમાને AC ચલાવે છે, જેનાથી તેના કમ્પોનન્ટ્સ પર લોડ વધે છે. બહારનું તાપમાન વધુ હોવાને કારણે કોમ્પ્રેસર અને મોટર ઓવરહીટ થઈ જાય છે. આનાથી સિસ્ટમ ઓવરલોડ થઈ જાય છે. ACમાં વપરાતી રેફ્રિજરન્ટ ગેસ (જેમ કે R-32) તાપમાન વધવા પર ફેલાય છે.

જો કૂલિંગ સિસ્ટમ બરાબર કામ ન કરે અથવા ગેસનું દબાણ અસામાન્ય રીતે વધી જાય, તો ACની અંદર પ્રેશર વધી શકે છે. આનાથી ખરાબી કે અકસ્માતનું જોખમ વધે છે.

ઉનાળામાં AC કલાકો સુધી અટક્યા વિના ચાલે છે. આનાથી પાર્ટ્સને ઠંડા થવાની તક મળતી નથી અને ફેલ થવાનું જોખમ વધે છે. આઉટડોર યુનિટ બંધ અથવા ગરમ જગ્યાએ લગાવેલું હોય, તો ગરમી બહાર નીકળી શકતી નથી, જેનાથી ઓવરહીટિંગ વધે છે.

ગરમીમાં વીજળીનો વપરાશ વધુ હોય છે. આનાથી વોલ્ટેજ વધ-ઘટ થાય છે અને શોર્ટ સર્કિટ/સ્પાર્કિંગનું જોખમ વધી જાય છે.

ACના ઉપયોગ દરમિયાન આ ભૂલો ન કરો

ભૂલ-1 સતત બ્રેક વગર AC ચલાવવું શું થાય છે- આનાથી કમ્પ્રેસર પર દબાણ વધે છે અને ઓવરહીટિંગ થાય છે.

ભૂલ-2 ખૂબ ઓછા તાપમાન (16-18C) પર ચલાવવું શું થાય છે- મશીન પર બિનજરૂરી લોડ વધે છે, વીજળી પણ વધુ ખર્ચ થાય છે.

ભૂલ-3 દરવાજા-બારીઓ ખુલ્લા રાખવા શું થાય છે- કૂલિંગ માટે AC પર વધુ લોડ પડે છે.

ભૂલ-4 વારંવાર ચાલુ-બંધ કરવું શું થાય છે- કોમ્પ્રેસર પર આંચકો લાગે છે, તે જલ્દી ખરાબ થઈ શકે છે.

જાળવણી સંબંધિત ભૂલો

ભૂલ-1 સમયસર સર્વિસ ન કરાવવી શું થાય છે- ગંદા ફિલ્ટર અને જામ થયેલા કોઈલ ઓવરહીટિંગ વધારે છે.

ભૂલ-2 લોકલ/અનટ્રેન્ડ ટેકનિશિયન પાસે કામ કરાવવું શું થાય છે- નાની ભૂલ કે ફિટિંગથી પ્રેશર અસંતુલિત થઈ શકે છે.

ભૂલ-3 ખરાબ કે સસ્તી વાયરિંગનો ઉપયોગ શું થાય છે- શોર્ટ સર્કિટ અને સ્પાર્કિંગનું જોખમ વધે છે.

ભૂલ-4 આઉટડોર યુનિટ બંધ જગ્યાએ લગાવવું શું થાય છે- હીટ બહાર નીકળી શકતી નથી, સિસ્ટમ ઓવરલોડ થઈ જાય છે.

ભૂલ-5 ગેસ લીક કે વિચિત્ર અવાજને અવગણવો શું થાય છે- નાની સમસ્યા મોટી દુર્ઘટનામાં બદલાઈ શકે છે. આ ભૂલો ટાળીને ACની લાઈફ વધારી શકાય છે અને અકસ્માતોનું જોખમ પણ ઘટાડી શકાય છે. ACની સલામતી મોટાભાગે યોગ્ય વાયરિંગ પર આધાર રાખે છે. તેથી આ ભૂલો ટાળવી જરૂરી છે- મજબૂત વાયરિંગ પાતળા/લોકલ ગુણવત્તાના વાયરનો ઉપયોગ ન કરો. AC માટે અલગ હેવી-ડ્યુટી લાઈન રાખો. ઢીલા કનેક્શન અથવા કપાયેલા-ફાટેલા વાયર તરત બદલો. સ્ટેબિલાઈઝર એસીની ક્ષમતા અનુસાર યોગ્ય રેટિંગવાળું સ્ટેબિલાઈઝર લગાવો. સસ્તું/લોકલ સ્ટેબિલાઈઝર વાપરશો નહીં. જો સ્ટેબિલાઈઝર વારંવાર ટ્રિપ (સુરક્ષા કારણોસર આપમેળે બંધ) થઈ રહ્યું હોય, તો તેને અવગણશો નહીં.

સ્ટેબિલાઈઝરને હવાદાર જગ્યાએ રાખો.

## શું 4 વર્ષ પછી એક થશે ઉદ્ધવ-શિંદેની શિવસેના?

### MLC ચૂંટણીમાં ખેંચતાણ, કાર્યકર્તા બોલ્યા - વિચારધારા એક, હાઈકમાન્ડના ઓર્ડરની રાહ

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા શિવસેના વિવાદમાં હવે એક મોટો અને રસપ્રદ વળાંક જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં શિવસેનામાં પડેલા ઐતિહાસિક ભંગાણ બાદ ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેના રસ્તા અલગ થઈ ગયા હતા. પરંતુ




હાલમાં યોજાનારી વિધાન પરિષદ (MLC)ની ચૂંટણીની ખેંચતાણ વચ્ચે ગ્રાઉન્ડ લેવલ પરથી એક નવો જ ગણગણાટ સંભળાઈ રહ્યો છે. રાજકીય વર્તુળોમાં હવે એ ચર્ચાએ જોર પકડ્યું છે કે, શું ચાર વર્ષના લાંબા વિખવાદ બાદ ઉદ્ધવ અને શિંદેની શિવસેના ફરી એક થઈ શકે છે?

#### MLC ચૂંટણીની ખેંચતાણે વધાર્યું રાજકીય તાપમાન

આગામી વિધાન પરિષદની ચૂંટણીને લઈને બંને પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અને ઉમેદવારો નક્કી કરવા ભારે ખેંચતાણ ચાલી રહી છે. મહાયુતિ અને મહાવિકાસ અઘાડીના આંતરિક સમીકરણો એટલા ગૂંચવાયેલા છે કે બંને શિવસેનાના નેતાઓ ગણતરીપૂર્વક ડગલાં માંડી રહ્યા છે. આ ખેંચતાણ વચ્ચે મહારાષ્ટ્રના પાયાના કાર્યકરો અને સ્થાનિક નેતાઓમાં એક અલગ જ સૂર જોવા મળી રહ્યો છે. ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, બંને જૂથના સામાન્ય કાર્યકરો હવે આ આંતરિક લડાઈથી કંટાળ્યા છે અને પક્ષના હિતમાં એક થવાની ઈચ્છા ધરાવે છે.

#### કાર્યકર્તા બોલ્યા: વિચારધારા એક, બસ હાઈકમાન્ડના ઓર્ડરની રાહ

ગ્રાઉન્ડ ઝીરો પર પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના પ્રતિનિધિ સાથેની વાતચીતમાં શિવસેનાના બંને જૂથના કાર્યકર્તાઓએ દિલ ખોલીને વાત કરી હતી. મુંબઈ અને થાણે જેવા ગઢ ગણાતા વિસ્તારોના કાર્યકર્તાઓએ જણાવ્યું કે, 'અમારો ભગવો ધ્વજ એક છે, અમારી બાળાસાહેબ ઠાકરેની પ્રખર હિન્દુત્વની વિચારધારા પણ એક જ છે. નેતાઓની લડાઈમાં સામાન્ય શિવસૈનિકો આમને-સામને આવી ગયા છે, જે પક્ષને નુકસાન પહોંચાડી રહ્યું છે.'

બંને પક્ષના કાર્યકર્તાઓનું માનવું છે કે જો મહારાષ્ટ્ર પર મરાઠી માણસ અને શિવસેનાનો દબદબો કાયમ રાખવો હોય તો બંને જૂથોએ ફરી એક મંચ પર આવવું જ પડશે. કાર્યકરોએ સ્પષ્ટ કહ્યું કે તેઓ દિલથી ઈચ્છે છે કે શિવસેના એક થાય, પરંતુ આખરી નિર્ણય નેતૃત્વના હાથમાં છે. હવે માત્ર હાઈકમાન્ડ એટલે કે ઉદ્ધવ ઠાકરે અને મુખ્યમંત્રી એકનાથ શિંદે તરફથી કોઈ સકારાત્મક ઓર્ડર કે લીલી ઝંડી મળે તેની જ રાહ જોવાઈ રહી છે.

#### ભવિષ્યના ગર્ભમાં મોટો રાજકીય ફેરફાર

રાજકીય વિશ્લેષકોના મતે, મહારાષ્ટ્રના આગામી રાજકીય સમીકરણો અને MLC ચૂંટણીના પરિણામો આ બંને નેતાઓને ફરી નજીક લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સત્તાની ગણતરીઓ ગમે તે હોય, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર શિવસૈનિકોની એકતાની આ માંગ આવનારા દિવસોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં કોઈ મોટો આંચકો કે અણધારી જાહેરાત લાવી શકે છે તે નક્કી છે.

## મનની બેલેન્સશીટ : સંબંધો, લાગણીઓ અને જીવનનું સાચું હિસાબ

માણસ જીવનભર પૈસાનો હિસાબ રાખે છે. આવક કેટલી થઈ, ખર્ચ કેટલો થયો, નફો કેટલો મળ્યો અને નુકસાન કેટલું થયું તેની ચિંતા સતત કરતો રહે છે. પરંતુ એક એવો હિસાબ પણ છે જે બેંકમાં નહીં, મનમાં લખાતો હોય છે. આ હિસાબ છે આપણા સંબંધો, લાગણીઓ, શબ્દો અને વર્તનનો. જીવનના અંતે માણસ પાસે કેટલી સંપત્તિ હતી તેનાથી વધુ મહત્વનું એ બની જાય છે કે તેણે કેટલાં હૃદય જીત્યાં, કેટલાં લોકોને સહારો આપ્યો અને કેટલાં સંબંધોને સાચવી રાખ્યા.

### સંબંધો તોડ્યા વધારે કે જોડ્યા વધારે?

દરેક માણસે ક્યારેક પોતાને આ પ્રશ્ન પૂછવો જોઈએ કે મેં મારા જીવનમાં કેટલા સંબંધો તોડ્યા અને કેટલા સંબંધો જોડ્યા? ગુસ્સામાં બોલાયેલા થોડા કડવા શબ્દો વર્ષોથી બંધાયેલા સંબંધોને ક્ષણોમાં નબળા બનાવી શકે છે. ઘણીવાર સંબંધો સંપૂર્ણપણે તૂટતા નથી, પરંતુ તેમાં એવી તિરાડ પડી જાય છે જે જીવનભર દેખાતી રહે છે. અહંકાર, ગેરસમજ અને હઠ સંબંધોના સૌથી મોટા દુશ્મન છે. બીજી તરફ, પ્રેમ, સમજણ અને માફી સંબંધોને મજબૂત બનાવે છે. જો આપણે સંબંધો બચાવવા માટે થોડું ઝૂકી જઈએ, થોડું સાંભળી લઈએ અને સમયસર 'સોરી' કહી દઈએ તો અનેક તૂટતા સંબંધો ફરી જીવંત બની શકે છે.

### આપણા શબ્દોનું પણ હિસાબ થાય છે

શબ્દો દેખાતા નથી, પરંતુ તેની અસર ખૂબ ઊંડી હોય છે. આપણે કેટલાને પ્રોત્સાહન આપ્યું? કેટલાને હિંમત આપી? અને કેટલાને આપણા શબ્દોથી દુઃખ પહોંચાડ્યું? આ બધું જ મનની બેલેન્સશીટમાં નોંધાતું રહે છે. કોઈના આંસુ લૂછવા માટે કદાચ માત્ર બે સારા શબ્દો પૂરતા હોય છે, જ્યારે કોઈને રડાવવા માટે પણ બે કડવા શબ્દો જ પૂરતા હોય છે. તેથી માણસે બોલતા પહેલાં વિચારવું જોઈએ કે મારા શબ્દોથી સામેના વ્યક્તિના મનમાં આશા જન્મશે કે નિરાશા? કારણ કે શબ્દો પાછા ખેંચી શકાતા નથી.

### દેખાવ અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત

આજના સમયમાં ઘણા લોકો બહારથી ખૂબ સારા, વિનમ્ર અને સંસ્કારી દેખાય છે, પરંતુ અંદરથી તેઓ અહંકાર, ઈર્ષ્યા અને સ્વાર્થથી ભરેલા હોય છે. સમાજમાં એવા લોકોની ઘણીવાર પ્રશંસા પણ થાય છે, કારણ કે તેઓ પોતાની સાચી ઓળખ છુપાવવામાં નિપુણ હોય છે. તેઓ સીધું નુકસાન નથી કરતા, પરંતુ પાછળથી એવી ચાલ ચાલે છે કે નુકસાન થઈ જાય અને કોઈને ખબર પણ ન પડે કે જવાબદાર કોણ છે. આવા લોકો બહારથી પ્રકાશ જેવા દેખાય છે, પરંતુ અંદરથી અંધકાર ધરાવતા હોય છે. માણસની સાચી ઓળખ તેના દેખાવથી નહીં, પરંતુ તેના વર્તન, નિષ્ઠા અને હૃદયની શુદ્ધતાથી થાય છે.

### અહંકાર અને ઈર્ષ્યાનું ભાવનાત્મક દેવું

જ્યારે માણસના જીવનમાં અહંકાર, છળ, ઈર્ષ્યા અને બદલો જેવી લાગણીઓ વધી જાય છે ત્યારે તેના ભાવનાત્મક ખાતામાં નુકસાન જમા થવા લાગે છે. શરૂઆતમાં કદાચ તેને સફળતા, સંતોષ અથવા જીતનો ભ્રમ થાય, પરંતુ અંદરથી શાંતિ ધીમે ધીમે ખોવાઈ જાય છે. કોઈનું દિલ દુભાવીને, કોઈને અપમાનિત કરીને અથવા કોઈના માર્ગમાં અવરોધ ઉભો કરીને મળેલી ખુશી ક્ષણિક હોય છે. પરંતુ તેના કારણે જે આંતરિક અશાંતિ ઊભી થાય છે તે લાંબા સમય સુધી માણસનો પીછો છોડતી નથી. સાચી શાંતિ ત્યારે જ મળે છે જ્યારે આપણા કારણે કોઈનું હૃદય ખુશ થાય.

### લાગણીઓનું રોકાણ સૌથી મોટું રોકાણ

અમે પૈસા અનેક યોજનાઓમાં રોકીએ છીએ જેથી ભવિષ્ય સુરક્ષિત બની રહે. પરંતુ જીવનમાં સૌથી મૂલ્યવાન રોકાણ લાગણીઓ અને માનવતાનું છે. પ્રેમ, સદ્ભાવના, સરળતા, કરુણા અને સહાનુભૂતિ એવી સંપત્તિ છે જે જેટલી વહેંચીએ તેટલી વધે છે. કોઈ મુશ્કેલીમાં હોય ત્યારે તેને સહારો આપવો, કોઈ દુઃખી હોય ત્યારે તેને સમજવું, કોઈ એકલું હોય ત્યારે તેનો સાથ આપવો – આ બધું જીવનના સૌથી મોટા રોકાણ છે. આ રોકાણનું વ્યાજ પૈસામાં નહીં, પરંતુ આશીર્વાદ, પ્રેમ અને આંતરિક શાંતિના સ્વરૂપમાં મળે છે.

### માણસની સાચી જીત શું છે?

દુનિયાની નજરે સફળતા એટલે ધન, હોદ્દો અને પ્રતિષ્ઠા. પરંતુ જીવનની નજરે સફળતા એટલે કેટલાં હૃદયોમાં તમે સ્થાન બનાવ્યું. કદાચ માનવતા અને સદ્ભાવનાના માર્ગ પર ચાલનાર વ્યક્તિ દુનિયાની સ્પર્ધામાં પાછળ રહી જાય, પરંતુ તે પોતાના અંતરાત્મા સામે ક્યારેય હારતો નથી. જે વ્યક્તિ લોકોના જીવનમાં આશા, પ્રેમ અને વિશ્વાસ ઉમેરે છે, તે ખરેખર વિજેતા છે.

### નિષ્કર્ષ

દરરોજ રાત્રે સૂતા પહેલાં એકવાર પોતાની મનની બેલેન્સશીટ જોવી જોઈએ. આજે મેં કેટલાને ખુશ કર્યા? કેટલાને દુઃખ પહોંચાડ્યું? કેટલાને સમજવાનો પ્રયત્ન કર્યો? કેટલાને માફ કર્યા? આ પ્રશ્નોના જવાબ જ આપણા વ્યક્તિત્વનું સાચું મૂલ્યાંકન કરે છે. પૈસા, પ્રતિષ્ઠા અને સફળતા જીવનને આરામ આપી શકે છે, પરંતુ પ્રેમ, માનવતા અને સારા સંબંધો જ જીવનને શાંતિ આપે છે. તેથી જો કોઈના જીવનમાં ખુશી ઉમેરી ન શકીએ તો ઓછામાં ઓછું કોઈના હૃદયમાં દુઃખ ઉમેરવાનું ટાળીએ. કારણ કે અંતે માણસ પાસે શું હતું તે નહીં, પરંતુ માણસ કેવો હતો તે જ યાદ રાખવામાં આવે છે.

- વિચાર અને લેખન ધર્મેશ ગાંધી દ્વારા

# ડ્રગ્સના કાળા કારોબાર પર EDની તવાઈ : સલીમ ડોલાની કરોડોની પ્રોપર્ટીના દસ્તાવેજો જપ્ત, રૂપિયા 1.33 કરોડ ફ્રીઝ

ભરૂચ, રંગુની જાકીર

આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટના ભંડોળ અને કાળા નાણાંની હેરાફેરી વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા એક બહુમોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. કુખ્યાત ડ્રગ્સ માફિયા સલીમ ઈસ્માઈલ ડોલા અને તેના સહયોગીઓ દ્વારા સંચાલિત 'ટ્રાન્સ-નેશનલ ઓર્ગેનાઈઝ્ડ નાર્કોટિક્સ ટ્રાફિકિંગ સિન્ડિકેટ' સામેની તપાસના સંદર્ભમાં EDની મુંબઈ ઝોનલ ઓફિસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ ગત 2 અને 3 જૂન, 2026ના રોજ મુંબઈ ઉપરાંત ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટ સહિત કુલ 21 સ્થળોએ સામૂહિક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ED દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્ચ ઓપરેશનમાં સલીમ ડોલાના સંગઠિત નાર્કોટિક્સ નેટવર્કને સંપૂર્ણપણે આવરી લેવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં સિન્ડિકેટ સાથે જોડાયેલા એન્ડ-ટુ-એન્ડ નોડ્સ, જેવા કે પ્રતિબંધિત રસાયણ સપ્લાયર્સ, રાસાયણિક વેપારીઓ, સિન્થેટિક નાર્કોટિક ડ્રગ મેફેડ્રોન (MD) ના ઉત્પાદકો અને વિતરકો, હવાલા ઓપરેટરો તેમજ આ ડ્રગ સિન્ડિકેટ દ્વારા મેળવેલા કાળા ભંડોળમાંથી કરોડો રૂપિયાની બેનામી મિલકતો વસાવનારા વ્યક્તિઓને નિશાન બનાવવામાં આવ્યા છે. આ આકરી કાર્યવાહી પાછળનો મુખ્ય હેતુ ગેરકાયદેસર સપ્લાય ચેઈન અને મની લોન્ડરિંગ ઈકોસિસ્ટમની મહત્વપૂર્ણ કડીઓને તોડીને સિન્ડિકેટના નાણાકીય માળખાને નેસ્તનાબૂદ કરવાનો છે.

આ હાઈ-પ્રોફાઈલ મામલામાં તપાસની શરૂઆત મુંબઈની વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા સલીમ ડોલા અને અન્ય લોકો સામે માદક દ્રવ્યોની ગેરકાયદેસર હેરફેર અને સાયકોટ્રોપિક પદાર્થોના ગેરકાયદેસર વેપાર (NDPS Act) સંબંધિત ગુનાઓ હેઠળ નોંધાયેલી અનેક FIRના આધારે કરવામાં આવી હતી. EDની તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક અત્યંત વ્યવસ્થિત અને આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય છે.

અત્યાર સુધી હાથ ધરાયેલી તપાસમાં એક અત્યંત સંગઠિત ટ્રાન્સ-નેશનલ (આંતરરાષ્ટ્રીય) ગુનાહિત નેટવર્કનું અસ્તિત્વ હોવાનું સ્પષ્ટ ખુલ્યું છે. આ સિન્ડિકેટ પ્રતિબંધિત પૂર્વગામી રસાયણોની ગેરકાયદે ખરીદી, ગુપ્ત લેબોરેટરીઓમાં મેફેડ્રોન (MD ડ્રગ્સ)નું ઉત્પાદન, આંતરરાજ્ય પરિવહન અને માદક દ્રવ્યોના વિતરણમાં સંડોવાયેલું છે. આ સિન્ડિકેટ દ્વારા ડ્રગ્સના વેચાણમાંથી મળતી કરોડોની કમાણીને હવાલા ચેનલો દ્વારા સગેવગે કરવામાં આવતી હતી અને સહયોગીઓ તેમજ ડમી વ્યક્તિઓના નામે જંગમ અને સ્થાવર સંપત્તિઓ ખરીદવામાં આવતી હતી. આ મામલે ED દ્વારા હજુ પણ વધુ ઊંડાણપૂર્વકની તપાસ ચાલુ હોવાથી આગામી દિવસોમાં વધુ ચોંકાવનારી વિગતો અને સંપત્તિઓ હાથ લાગે તેવી પ્રબળ શક્યતા છે.




# ઈડરમાં વિશ્વ પર્યાવરણ દિવસે રમણલાલ વોરાએ વૃક્ષારોપણ કર્યું

ઈડર, જાકીર મેમણ

વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો ધારાસભ્ય રમણલાલ વોરાએ વૃક્ષારોપણ કર્યું,અનેક મહાનુભાવો હાજર રહ્યાવિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઈડર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ઈડરના ધનેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાયો હતો, જેમાં સ્થાનિક ધારાસભ્ય રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યા હતા.એક પેડ મા કે નામ' થીમ અંતર્ગત આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણનું જતન કરવું અને વૃક્ષો વાવવા એ આપણી સૌની ફરજ છે, તેવા સંદેશ સાથે ધારાસભ્ય રમણલાલ વોરાએ પણ વૃક્ષારોપણ કર્યું હતુ આ પ્રસંગે ઈડર નગરપાલિકા પ્રમુખ અનસુયાબેન પટેલ, ઉપપ્રમુખ વિનોદભાઈ પરમાર, ઈડર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ઈડર શહેર પ્રમુખ કુણાલભાઈ કંસારા, મહામંત્રી પિયુષભાઈ દવે, લઘુમતી મોરચાના પ્રમુખ જાકીર મેમણ નાગરિક બેંકના ડિરેક્ટર પ્રફુલભાઈસુથાર, રાજેશભાઈ પરમાર, દીવાનજી ઠાકોર અને દશરથભાઈ પરમાર સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.આ ઉપરાંત, જિલ્લા સદસ્ય હિમાંશુભાઈ નીનામા, ઈડર નગરપાલિકાના



ચૂંટાયેલા કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પણ વિશ્વ પર્યાવરણ દિવસના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**ઓલપાડના પરીઆ ગામની સીમમાં**

# ટેક્ષટાઇલ કંપનીના રોડની બાજુમાં પાર્ક કરેલ વધુ એક મો.સા.ની ચોરી

કંપનીમાં નોકરીએ આવતા શ્રમિકોની મો.સા. ચોરીનો સિલસિલો યથાવત રહેતા શ્રમિકો અજાણ્યા ચોરટા થી પરેશાન

ઓલપાડ

ઓલપાડ તાલુકાના પરીઆ ગામની સીમમાં આવેલ ટેક્ષટાઈલ કંપનીના રોડની બાજુમાં પાર્ક કરેલ મો.સા.ચોરીનો સિલસિલો યથાવત રહેતા વધુ એક શ્રમિકની મો.સા. કોઈ જાણભેદુ ચોરટો ચોરી જતા શ્રમિકોમાં ચોરીના ભયથી ફફડાટ ફેલાયો છે. વિગત મુજબ ગત તા.૦૨ જી જુનના રોજ ઓલપાડ પોલીસ મથકમાં તાલુકાના પરીઆ ગામની સીમ માં આવેલ પટેલ એસ્ટેટમાં 'ગુરૂદેવ ટેક્ષટાઈલ્સ નામની કંપની બહારના રોડ ઉપર પાર્ક કરેલ એક યુ.પી.ના શ્રમિકની રૂ.૩૦,૦૦૦ ની કિંમતની મો.સા.ની ચોરીનો ગુનો નોંધાયો હતો. પોલીસ આ ચોરી ગુનાનો ભેદ ઉકેલે તે પહેલા પરીઆ ગામની વધુ એક ટેક્ષટાઈલ કંપનીના રોડ ઉપર પાર્ક કરેલ શ્રમિકની રૂ. ૫૦,૦૦૦ કિંમતની મો.સા. ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. મો.સા. ચોરીની ઘટનાનો ભોગ બનનાર મુળ દાહોદ જિલ્લાના ફતેપુર તાલુકાનો શ્રમિક યુવક જીજ્ઞેશ નાથુભાઈ ધોલી (ઉ.વ.૨૭)હાલમાં ઓલપાડ તાલુકાના પરીઆ ગામની સીમમાં આવેલ અંજની ઈન્ડસ્ટ્રીઝ માં આવેલ 'કે ટેક્ષ' નામની કંપનીમાં માસ્ટર તરીકે કામ કરી ત્યાં રૂમમાં રહે છે.જીજ્ઞેશ ધોલીએ ગત તા.૦૨ ના રોજ રાત્રીના સમયે તેણે પોતાની મો.સા. નં:જીજે-૨૦,બી.ડી-૮૮૨૭ કંપનીની સામે આવેલ રોડ ઉપર ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ હતી.જો કે બીજા દિવસે તા.૦૩ ના રોજ સવારે અગિયાર વાગ્યેના સુમારે તેનો મોટોભાઈ મુકેશ સાયણ બજારમાં જવાનો હોવાથી તેની પાસે મો.સા.ની ચાવી લઈ પાર્ક કરેલ જગ્યાએ મો.સા.ની તપાસ કરી ત્યારે મો.સા.ત્યાં જોવા મળી ન હતી.જેથી બંન્ને ભાઈઓએ મો.સા.ની ખુબ શોધખોળ કરવા છતાં મળી ન હતી.

**કોલીયારી ડેમની કેનાલ કાર્યરત કરવા મંત્રીને પત્ર લખાયો**

# પંચમહાલ જિલ્લાના મોરવા હડફના ખેડૂતો માટે સાંસદની પહેલ

આ ડેમનું બાંધકામ 1996થી 1999 દરમિયાન શરૂ કરાયું હતું, પરંતુ વિસ્થાપિતોના પુનઃવસનના પ્રશ્નોને કારણે મુખ્ય કામ અધૂરું રહ્યું હતું

ગોધરા, ફિરદોસ ગુણીયા

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તે હેતુથી રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને પત્ર લખીને કોલીયારી ડેમની કેનાલને સત્વરે કાર્યરત કરવા ભલામણ કરી છે.

આ ડેમનું બાંધકામ વર્ષ ૧૯૯૬ થી ૧૯૯૯ દરમિયાન શરૂ કરાયું હતું, પરંતુ વિસ્થાપિતોના પુનઃવસનના પ્રશ્નોને કારણે મુખ્ય કામ અધૂરું રહ્યું હતું. જોકે, ડેમની ડાબી બાજુની મુખ્ય કેનાલ અને તેની ચાર પેટા શાખાઓનું બાંધકામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં આજદિન સુધી તેમાં પાણી છોડવામાં આવ્યું નથી, જેના કારણે સ્થાનિક ખેડૂતો સિંચાઈના લાભથી વંચિત છે. સાંસદ પરમારે જણાવ્યું કે, જો ૧૯૯૯થી અધૂરી રહેલી આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તો કોલિયારી સહિત આસપાસના મોજરી, નાટાપુર, કસનપુર, રસુલપુર, માતરીયાવાડી, સાલીયા અને સંતરોડ જેવા ગામોના ખેડૂતોને સીધો લાભ મળશે. આ કેનાલ શરૂ થવાથી ચોમાસા બાદ રવિ પાક (ઘઉં, મકાઈ અને ચણા) ના વાવેતર સમયે સ્થાનિક ખેડૂતોને પાણીની મોટી સુવિધા ઉપલબ્ધ થશે.



# ભરૂચમાં સ્કૂલ બસચાલક દારૂના નશામાં ઝડપાયો..!

વિદ્યાર્થીઓની સુરક્ષા પર ગંભીર સવાલ, વાલીઓમાં ચિંતા અને રોષ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના લુવારા ગામ નજીક એમીકસ સ્કૂલનો બસ ચાલક દારૂના નશામાં સ્કૂલ બસ ચલાવતો ઝડપાયો છે. પોલીસે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




પોલીસ ફરિયાદ મુજબ, સ્કૂલ બસ નંબર GJ-16-AY-3033 નો ડ્રાઈવર નીતિન પ્રદિપભાઈ શર્મા દારૂના નશામાં બસ હંકારી રહ્યો હતો. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન તેની શંકાસ્પદ હાલત જણાતા તેને અટકાવી તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ડ્રાઈવર દારૂના નશામાં હોવાનું સામે આવ્યું હતું.

વિદ્યાર્થીઓને લઈ જતી બસનો ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનું સામે આવતા વાલીઓમાં ચિંતા અને રોષ જોવા મળ્યો છે. આ ઘટનાએ વિદ્યાર્થીઓની સુરક્ષા વ્યવસ્થા અને ડ્રાઈવરોની નિયમિત ચકાસણી અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

પોલીસે ડ્રાઈવર વિરુદ્ધ સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ ઘટના બાદ વાલીઓએ સ્કૂલ તંત્ર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ભવિષ્યમાં વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન નહીં કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. સ્કૂલ તંત્ર દ્વારા ડ્રાઈવરની નિમણૂક અને તેની તબિયત તથા વર્તન અંગે યોગ્ય દેખરેખ રાખવામાં આવી હતી કે કેમ તે મુદ્દે પણ ચર્ચા જાગી છે.

**વાલિયાના આરોગ્ય કેન્દ્રની જર્જરિત છતના પોપડા ખર્યા**

# સ્ટાફ, દર્દીઓ તથા તેમની સાથે આવતાં લોકોનો જીવ જોખમમાં : ગંદકીનો માહોલ

ભરૂચ, રંગુની જાકીર

આદિવાસી સમાજની બહુલ વસતી ધરાવતાં વાલિયા તાલુકામાં આવેલું સામુહિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત હાલતમાં સ્ટાફ, દર્દીઓ તથા તેમની સાથે આવતાં લોકોના માથે જોખમ હોવા છતાં ઈમારત નવી બનાવવામાં આવતી નથી. હોસ્પિટલને અન્યત્ર ખસેડવામાં આવી હતી પણ ફરીથી જુના સ્થળે કાર્યરત કરાતાં લોકોના માથે ફરી જોખમ ઉભું થયું છે. 10 જૂન સુધીમાં હોસ્પિટલને અન્ય સુરક્ષિત સ્થળે ખસેડવામાં નહિ આવે તો આમ આદમી પાર્ટીએ આંદોલનની ચીમકી આપી છે.

હાલ ઈમારતની છતના પોપડા ખરી રહયાં છે. વાલિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર હેઠળ ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને 30 આયુષ્યમાન આરોગ્ય મંદિરો કાર્યરત છે. અગાઉ પણ હોસ્પિટલની જર્જરિત સ્થિતિનો વીડિયો યુથ પાવર સામાજિક સંગઠન દ્વારા વાયરલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ થોડા સમય માટે હોસ્પિટલને અન્યત્ર ખસેડવામાં આવી હતી, પરંતુ ફરીથી તે જ જર્જરિત ઈમારતમાં આરોગ્ય સેવાઓ શરૂ કરાઈ હોવાનું જણાવાયું છે.



હાલ આ ઈમારતમાં હોસ્પિટલનો સ્ટાફ અને સારવાર લેવા માટે આવતાં દર્દીઓના માથે જોખમ રહેલું છે. જિલ્લા પંચાયત સભ્ય રજની વસાવા, તાલુકા પંચાયત સભ્ય બિપિન વસાવા તેમજ યુથ પાવરના આગેવાનો વિનય વસાવા, વિજય વસાવા, ધર્મેશ વસાવા અને વિજય વસાવાએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ડોક્ટર ચેમ્બર, સારવાર રૂમ, લેબોરેટરી, દર્દી વોર્ડ, ડિલિવરી વોર્ડ અને ઓપરેશન થિયેટર સહિતના વિભાગો અત્યંત જર્જરિત હાલતમાં જોવા મળ્યા હતા.

**આરોપીની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ**

# છોટાઉદેપુર LCBની સફળતા : 9 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને મોટી સફળતા મળી છે. દાહોદ જિલ્લાના સાગટાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના ગુનામાં છેલ્લા નવ વર્ષથી નાસતો-ફરતો આરોપી ઝડપાઈ ગયો છે.

જિલ્લા પોલીસ વડાની સૂચના અનુસાર એલસીબી ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે બોડેલી બસ ડેપો વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિને ઝડપી તેની પૂછપરછ કરવામાં આવતા તેની ઓળખ પારસિંગભાઈ હરિસિંહભાઈ રાઠવા (ઉં.વ. 28), રહેવાસી રેહડાસ નિશાળ ફળિયા, તાલુકો છોટાઉદેપુર તરીકે થઈ હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી દાહોદ જિલ્લાના સાગટાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના ગુનામાં સંડોવાયેલો હતો અને




પોલીસથી બચવા માટે છેલ્લા નવ વર્ષથી ફરાર હતો. આરોપી પોતાના ઘરે પણ રહેતો ન હતો અને ઓળખ છુપાવીને વિવિધ સ્થળોએ રહેતો હતો.

આરોપીની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છોટાઉદેપુર એલસીબીની આ કામગીરીને કારણે લાંબા સમયથી ફરાર આરોપીને કાયદાના હવાલે કરવામાં સફળતા મળી છે.

# ડભોઇ APMCમાં રાજકીય ઉલટફેર : 35 વર્ષ પછી કોંગ્રેસના ગઢમાં ભાજપનો ભગવો લહેરાયો

સમિતિના કુલ 16 સભ્યોમાંથી 12 સભ્યો ભાજપના અને 4 સભ્યો કોંગ્રેસના ચૂંટાયા, આ પ્રચંડ બહુમતી સાથે નવા પ્રમુખ તરીકે મુકુંદભાઈ કંચનભાઈ પટેલ (વસઈ) અને ઉપપ્રમુખ તરીકે ઉમેશભાઈ રમણભાઈ પટેલ (મંડાળા)ની વરણી કરવામાં આવી છે...

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઇ ખેતીવાડી બજાર સમિતિ (APMC) પર ૩૫ વર્ષ પછી ભાજપનો ભગવો લહેરાયો છે, જેનાથી સ્થાનિક રાજકારણમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. છેલ્લા સાડા ત્રણ દાયકાથી આ સમિતિ પર કોંગ્રેસનું શાસન હતું, જેનો અંત લાવીને હવે ભાજપે સત્તા કબજે કરી લીધી છે. સમિતિના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી બિનહરીફ કરવામાં આવી છે.

સમિતિના કુલ ૧૬ સભ્યોમાંથી ૧૨ સભ્યો ભાજપના અને ૪ સભ્યો કોંગ્રેસના ચૂંટાયા છે. આ પ્રચંડ બહુમતી સાથે નવા પ્રમુખ તરીકે મુકુંદભાઈ કંચનભાઈ પટેલ (વસઈ) અને ઉપપ્રમુખ તરીકે ઉમેશભાઈ રમણભાઈ પટેલ (મંડાળા)ની વરણી કરવામાં આવી છે. આ ચૂંટણીમાં એક મોટો રાજકીય ફેરફાર પણ જોવા મળ્યો છે, જેમાં છેલ્લા ૨૫ વર્ષથી સમિતિમાં સક્રિય રહેલા દિલીપ નાગજી પટેલનું પત્તું કપાયું છે. નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી થતાં જ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ બ્રિજેશ બ્રહ્મભટ્ટ, મુકેશભાઈ વસાઈવાલા, પ્રહલાદભાઈ પટેલ અને દિલીપભાઈ નાગજીભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓએ ફૂલહાર પહેરાવીને નવા હોદ્દેદારોનું ભવ્ય અભિવાદન કર્યું હતું.



નવા પ્રમુખ મુકુંદભાઈ પટેલે કાર્યભાર સંભાળતા જ ખેડૂતોને ખાતરી આપી હતી કે, આવનારા સમયમાં ખેડૂતોના જે પણ પ્રશ્નો અને મુશ્કેલીઓ છે, તેનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવશે. આ ઉપરાંત, ખેતીવાડી બજાર સમિતિમાં જે નવા ગોડાઉન બનાવવાનું કામ બાકી રહી ગયું છે, તેને પ્રાથમિકતાના ધોરણે ખૂબ જ ઝડપથી પૂરું કરવામાં આવશે.

**ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ સામે ભાજપ સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શિત કરવા માટે**

# ઇડર શહેરમાં આજે કોંગ્રેસ પ્રેરિત જન આક્રોશ અને વિરોધ પ્રદર્શન રેલી યોજાઇ

ઈડર, જાકીર મેમણ

ટાવર ચોકથી શરૂ થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. આ રેલી નીટ પેપર લીક, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ સામે ભાજપ સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શિત કરવા માટે કાઢવામાં આવી હતી.જન આક્રોશ રેલીસાબરકાંઠા જિલ્લામાં 5 થી 12 જુલાઈ દરમિયાન કોંગ્રેસ પાર્ટીની સૂચના અનુસાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ઈડર શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા આ જન આક્રોશ રેલી કાઢવામાં આવીઈડરમાં કોંગ્રેસે જન આક્રોશ રેલી કાઢી:નીટ પેપર લીક, મોંઘવારી-બેરોજગારી સામે પ્રદર્શનઈડર શહેરમાં આજે કોંગ્રેસ પ્રેરિત જન આક્રોશ અને વિરોધ પ્રદર્શન રેલી યોજાઈ હતી. ટાવર ચોકથી શરૂ થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. આ રેલી નીટ પેપર લીક, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ સામે ભાજપ સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શિત કરવા માટે કાઢવામાં આવી હતી.જન આક્રોશ રેલી

સાબરકાંઠા જિલ્લામાં 5 થી 12 જુલાઈ દરમિયાન કોંગ્રેસ પાર્ટીની સૂચના અનુસાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ઈડર શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા આ જન આક્રોશ રેલી કાઢવામાં આવી હતી. તાજેતરમાં નીટનું પેપર લીક થવાથી લાખો વિદ્યાર્થીઓને ફરીથી પરીક્ષા આપવાનો વારો આવ્યો છે, જે એક ગંભીર બાબત છે. આ ઉપરાંત, મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારે સામાન્ય નાગરિકોને મુશ્કેલીમાં મૂક્યા છે. આ રેલીમાં ઈડરના ટાવર ચોકથી મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઊંટગાડીઓ પર વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. રેલી ટાવર ચોકથી નીકળી મામલતદાર કચેરી આગળ થઈ બસ સ્ટેન્ડ સુધી પહોંચી હતી. ત્યારબાદ પરત ફરી ઈડર તિરંગા સર્કલ પાસે તેનું સમાપન થયું હતું. આજની આ રેલીમાં જિલ્લા પ્રમુખ રામભાઈ સોલંકી, ઈડર તાલુકા પ્રમુખ નંદુભાઈ પટેલ, ઈડર શહેર પ્રમુખ જીતુભાઈ પંચાલ, પૂર્વ વિરોધ પક્ષના નેતા મુકેશભાઈ પરમાર, મહામંત્રી અલ્પેશભાઈ ઠાકોર, વિજયસિંહ જેતવત, અનિલભાઈ પંડ્યા, રતનબેન સુતરીયા, દીપકભાઈ પરમાર, રાકેશભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.





### વીડિયોના બેકગ્રાઉન્ડમાં કેટલાક અવાજો સંભળાયા હતા

# RCB વાળા વીડિયો પર ટ્રોલ થતાં નુસરત ભરૂચા ભડકી, કહ્યું- 'પોતાના મગજનું ફિતૂર શાંત રાખજો...'

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ નુસરત ભરૂચા તાજેતરમાં IPL (ઈન્ડિયન પ્રીમિયર લીગ)માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીત બાદ સોશિયલ મીડિયા પર એક વિવાદને કારણે ચર્ચામાં આવી ગઈ હતી. RCBની ખિતાબી જીત બાદ નુસરતે ઉજવણી કરતા પોતાના ટીવી સ્ક્રીનનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યો હતો. વીડિયોના બેકગ્રાઉન્ડમાં કેટલાક અવાજો સંભળાયા હતા, જેને કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે ખોટી રીતે સમજી લીધા હતા. ત્યારબાદ સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાવા લાગી. થોડી જ મિનિટો પછી નુસરતે તે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી ડિલીટ કરી દીધી. નુસરતે અવાજોનું કારણ જણાવ્યું ટ્રોલિંગ બાદ નુસરત ભરૂચાએ સોશિયલ મીડિયા પર આ મામલે સ્પષ્ટતા કરી. તેણે જણાવ્યું કે, તે પોતાના એક મિત્રના ઘરે મેચ જોઈ રહી હતી અને વીડિયોમાં સંભળાતા અવાજો તેના મિત્રના નાના પપી (પાલતું શ્વાન)ના હતા. નુસરત ભરુચાએ પેટ ડોગનો વીડિયો શેર કરીને સ્પષ્ટતા કરી. નુસરત ભરુચાએ પેટ ડોગનો વીડિયો શેર કરીને સ્પષ્ટતા કરી. નુસરત મુજબ, બહાર થઈ રહેલી ભારે આતિશબાજીના કારણે પપી ડરી ગયું હતું અને રડી રહ્યું હતું. તેણે તે રાતના કેટલાક અન્ય વીડિયો પણ શેર કર્યા, જેમાં પપી દેખાઈ રહ્યું છે અને તેવા જ અવાજો સંભળાઈ રહ્યા છે. 'પપીના રડવાના અવાજ પર આટલો હોબાળો!' નુસરતે ટ્રોલિંગને લઈને લખ્યું, 'કેટલાક લોકોએ તો હદ જ કરી દીધી છે. એક પપીના રડવાના અવાજ પર આટલો હોબાળો મચાવી દીધો. પોતાના મગજના ફિતૂરને શાંત રાખો અને વિચાર્યા વગર કોઈ વાતને ન ફેલાવો.' નૂસરત ભરૂચાએ મેચના દિવસે પોસ્ટ કરેલો વીડિયો ફરી શેર કર્યો. નૂસરત ભરૂચાએ મેચના દિવસે પોસ્ટ કરેલો વીડિયો ફરી શેર કર્યો. નુસરત ભરૂચાનું વર્કફ્રન્ટ નુસરત ભરૂચા 'પ્યાર કા પંચનામા' અને 'સોનુ કે ટીટુ કી સ્વીટી' જેવી ફિલ્મો માટે જાણીતી છે. તે છેલ્લે ફિલ્મ 'ઉફ્ફ યે સિયાપા'માં જોવા મળી હતી. ફિલ્મનું ડિરેક્શન જી. અશોકે કર્યું હતું. જ્યારે, તેનું નિર્માણ લવ રંજન અને અંકુર ગર્ગની લવ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મનું સંગીત એ.આર. રહેમાને આપ્યું હતું. નુસરત ઉપરાંત, ફિલ્મમાં સોહમ શાહ, નોરા ફતેહી, ઓમકાર કપૂર અને શારિબ હાશ્મી પણ હતા. આ ફિલ્મ 5 સપ્ટેમ્બર 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

જોકે, રિલીઝ પછી ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાલ કરી શકી નહીં અને ફ્લોપ સાબિત થઈ. ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર તેના સમગ્ર પ્રદર્શનમાં માત્ર 5 લાખ રૂપિયાની કમાણી કરી હતી.

**નુસરતે ટ્રોલિંગને લઈને લખ્યું, 'કેટલાક લોકોએ તો હદ જ કરી દીધી છે**

# 'ગોલમાલ 5'માં અક્ષય કુમાર બનશે 'બાદશાહ'

## 'બાલા' જેવા અંદાજમાં અજય દેવગણ સામે લડાઈ લડશે, સુપરપાવર્સવાળી બાળકી હશે વાર્તાનું કેન્દ્ર




મુંબઈ

રોહિત શેટ્ટીની કોમેડી ફ્રેન્ચાઈઝ 'ગોલમાલ'ની પાંચમી કીસ્તને લઈને ઈન્ડસ્ટ્રીમાં ચર્ચાઓ તેજ છે. ફિલ્મ હજુ બનવાની પ્રક્રિયામાં છે, પરંતુ પ્રોડક્શન અને ક્રૂ સાથે સંકળાયેલા સૂત્રોના હવાલાથી તેના શેડ્યૂલ, સ્ટારકાસ્ટ, વાર્તા અને પાત્રો સાથે જોડાયેલી ઘણી મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે.

આ વખતે ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી સૌથી મોટું આકર્ષણ હશે, જ્યારે વાર્તા હોરર-કોમેડી અને સુપરનેચરલ તત્વોની આસપાસ ગૂંથવામાં આવી છે. ફિલ્મનો લગભગ 80 થી 85 ટકા ભાગ મુંબઈના સ્ટુડિયો અને અલગ-અલગ લોકેશન્સ પર શૂટ થઈ રહ્યો છે. એક્ટર્સને તેમના પાત્રો અનુસાર 10 થી 15 દિવસના સ્લોટમાં બોલાવવામાં આવી રહ્યા છે. પ્રથમ મુખ્ય શેડ્યૂલ ઊટીમાં પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યાં કેટલાક ગીતો અને પેચવર્કનું શૂટિંગ કરવામાં આવ્યું. આ ઉપરાંત ગોવા પણ ફિલ્મની વાર્તાનો મહત્વનો ભાગ રહેશે. જુલાઈથી આગામી મોટો શેડ્યૂલ શરૂ થશે. ફિલ્મમાં અક્ષય કથિત રીતે મુખ્ય વિલન કે એન્ટી-હીરોની ભૂમિકામાં જોવા મળી શકે છે. સૂત્રો અનુસાર, તેનું પાત્ર 'હાઉસફુલ 4'ના ચર્ચિત 'બાલા' અવતારથી પ્રેરિત હોઈ શકે છે. વાર્તામાં આ પાત્રને તમિલનાડુની પૃષ્ઠભૂમિવાળા 'બાદશાહ' નામથી રજૂ કરવાની ચર્ચા છે. અક્ષય અને અજય દેવગન-અરશદ વારસીની ગેંગ વચ્ચે એક મોટો એક્શન-કોમેડી સિક્વન્સ પહેલેથી જ શૂટ કરવામાં આવ્યો છે, જેને ફિલ્મનું મુખ્ય આકર્ષણ માનવામાં આવી રહ્યું છે. પહેલી 'ગોલમાલ' પછી ફ્રેન્ચાઈઝથી અલગ થયેલા શરમન જોશી આ વખતે વાપસી કરી રહ્યો છે. તે પોતાના જૂના પાત્ર અને તે જ ઓળખ સાથે વાર્તામાં પાછો ફરશે. જોકે, આ વખતે તેનો ઝુકાવ ગોપાલની ટીમ કરતાં અક્ષયના પાત્ર તરફ દેખાઈ શકે છે, જેનાથી વાર્તામાં નવો સંઘર્ષ પેદા થશે. 'ગોલમાલ અગેઈન'ની હોરર-કોમેડી સફળતા પછી રોહિત શેટ્ટી તે જ શૈલીને નવી રીતે આગળ વધારી રહ્યા છે. વાર્તા એક એવી બાળકીની આસપાસ ફરશે, જેને રહસ્યમય શક્તિઓ પ્રાપ્ત થાય છે.

# બોક્સ ઓફિસ પર 'પેડ્ડી'નું વાવાઝોડું: પહેલા જ દિવસે 135 કરોડ કમાઈને રચ્યો ઈતિહાસ!

## ફિલ્મના સુપરહિટ ગીતો અને દમદાર ટ્રેલરે સોશિયલ મીડિયા પર પહેલેથી જ જે હાઈપ ઊભી કરી હતી અને હવે તેની અસર બોક્સ ઓફિસ પર જોવા મળી રહ્યો છે.

મુંબઈ

સાઉથ સુપરસ્ટાર રામ ચરણ અને બોલીવૂડ બ્યુટી જ્હાન્વી કપૂરની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પેડ્ડી' થિયેટરમાં રીલિઝ થઈ ચૂકી છે. ફિલ્મના સુપરહિટ ગીતો અને દમદાર ટ્રેલરે સોશિયલ મીડિયા પર પહેલેથી જ જે હાઈપ ઊભી કરી હતી અને હવે તેની અસર બોક્સ ઓફિસ પર જોવા મળી રહ્યો છે. રીલિઝ થતાંની સાથે જ 'પેડ્ડી' એ થિયેટરોમાં ધૂમ મચાવી દીધી છે અને ઓપનિંગ ડે પર જ વર્લ્ડવાઈડ 100 કરોડ રૂપિયાની કમાણીનો આંકડો પાર કરીને નવો રેકોર્ડ બનાવી દીધો છે. મેકર્સ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, 'પેડ્ડી' એ વિશ્વભરમાં પોતાના પહેલા જ દિવસે 135.36 કરોડ રૂપિયાથી વધુનું ગ્રોસ કલેક્શન કરીને બોક્સ ઓફિસ પર તોફાની આંધી લાવી દીધી છે. આ ધમાકેદાર ઓપનિંગ સાથે જ એ આ વર્ષની સૌથી મોટી ઓપનર ફિલ્મોમાં સામેલ થઈ ગઈ છે. માત્ર સાઉથમાં જ નહીં, પરંતુ હિન્દી બેલ્ટમાં પણ ફિલ્મને લઈને જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે અને વીક-એન્ડમાં આ કમાણી હજુ ક્યાંય આગળ નીકળી જશે તેવી પૂરી સંભાવના છે.

પેડ્ડીની શાનદાર સફળતા સાથે રામ ચરણે એક અનોખો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. 'RRR' પછી આ તેમની સતત બીજી એવી ફિલ્મ છે જેણે પહેલા જ દિવસે 100 કરોડથી વધુની ઓપનિંગ મેળવી હોય. આ સાથે જ તેઓ ભારતીય સિનેમાના ઈતિહાસમાં એકથી વધુ વખત 100 કરોડ પ્લસની ઓપનિંગ આપનારા દુનિયાના માત્ર પાંચમા એક્ટર બની ગયા છે. મેકર્સે પણ ખુશી શેર કરતા સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, બોક્સ ઓફિસ ચેમ્પિયન પેડ્ડી સર! પહેલા દિવસે 135.36 કરોડ રૂપિયાથી વધુનું ગ્રોસ કલેક્શન. બુચી બાબુ સના દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં રામ ચરણ ઉપરાંત જ્હાન્વી કપૂર, શિવા રાજકુમાર અને જગપતિ બાબુ જેવા કલાકારો છે. ફિલ્મમાં રામ ચરણે એક 'ક્રોસઓવર એથ્લેટ' ની ભૂમિકા ભજવી છે. આ પાત્ર એવા ખેલાડીઓથી પ્રેરિત છે જેઓ પોતાની અસલી મંઝિલ મેળવતાં પહેલાં અલગ-અલગ રમતોમાં નસીબ અજમાવે છે બરાબર એમ જ જેમ એમ. એસ. ધોની ક્રિકેટર બનતા પહેલા ફૂટબોલ રમતા હતા અથવા સચિન તેંડુલકર શરૂઆતમાં ટેનિસના શોખીન હતા.





# દીપિકા પાદુકોણની સફળતાનું શું છે રહસ્ય? પિતા પ્રકાશ પાદુકોણે કર્યો મોટો ખુલાસો

## દીપિકા પાદુકોણ વર્ષો અગાઉ ડિપ્રેશનનો શિકાર બની હતી

મુંબઈ

બોલીવુડની જાણીતી અભિનેત્રી દીપિકા પાદુકોણ વર્ષો અગાઉ ડિપ્રેશનનો શિકાર બની હતી. તે સમયે તેના પરિવારે તેને ખૂબ સપોર્ટ કર્યો હતો. વર્ષ 2015માં તેણે પહેલી વાર પોતાના ડિપ્રેશનની ચર્ચા કરી હતી. અગાઉ પણ તેણે તેના પરિવાર સાથે આ બાબતે લાંબી ચર્ચા કરી હતી. અભિનેત્રીએ પોતાના અભિનયથી બોલીવુડમાં ખૂબ નામના કમાવી છે. તેના માટે તેણે ખૂબ પરિશ્રમ પણ કર્યો છે. તેની સફળતા પાછળનું રહસ્ય તેના પિતા દ્વારા જણાવવામાં આવ્યું હતું તો ચાલો જાણીએ શું છે તેની સફળતા પાછળનું કારણ? દીપિકા પાદુકોણની સફળતાનું કારણ 'સમથિંગ બિગર' નામના એક પોડકાસ્ટમાં દીપિકાના પિતા પ્રકાશ પાદુકોણે દીપિકા વિશે મહત્ત્વની ચર્ચા કરી હતી.

તેમણે દીપિકાની સફળતાનો શ્રેય સ્પોર્ટ્સને આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે દીપિકા આજે જે કંઈ પણ છે તે ફોકસ અને શિસ્ત અને મોટું વિચારવાની ક્ષમતાના કારણે છે. દીપિકા ખૂબ સારી બેડમિન્ટન પ્લેયર હતી અને તેને રાષ્ટ્રીયસ્તરે બેડમિન્ટન પણ રમતી હતી. રોજ સવારે 5 વાગ્યે ઉઠીને તે પોતાની એકેડેમીના પ્લેયર્સ સાથે ટ્રેનિંગમાં જતી હતી. ટ્રેનિંગમાંથી આવીને તે ડાયરેક્ટ સ્કૂલ જતી હતી. તેની જિંદગી શિસ્તથી ભરપૂર રહ્યું હતું. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં એક રમતમાં તો ભાગ લેવો જ જોઈએ અને આ રમત શિસ્ત લઈને આવે છે. બાળકોને એક્ટિવ રાખો તેમણે દરેક માતાપિતાને સલાહ આપતા જણાવ્યું હતું કે દરેક માતા-પિતાએ તેમના બાળકને કોઈ એક સ્પોર્ટમાં ભરતી કરવું જોઈએ. બાળકોને એક્ટિવ રાખવા ખૂબ જરૂરી છે. રમતગમત એક વ્યક્તિને સારી બાબતો શીખવામાં મદદરૂપ બને છે, જે આગળ તેના ભવિષ્યમાં કામ આવે છે. દીપિકાના પિતાએ ડિપ્રેશન બાબતે ખુલાસો કરતા કહ્યું હતું કે જયારે 2015માં દીપિકાએ પહેલીવાર પોતાના ડિપ્રેશન અંગે વાતચીત કરી હતી ત્યારે તેણે પહેલા તેના પરિવાર સાથે આ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. દીપિકાની માતાએ તેને ખૂબ સાથ આપ્યો હતો. અલ્લુ અર્જુન સાથે કામ કરશે દીપિકા ભલે અત્યારે ફિલ્મજગતની લાઈમલાઈટથી દૂર છે, પણ તેની આગામી ફિલ્મોની ચર્ચાઓએ ખૂબ જોર પકડ્યું છે. દીપિકાએ શાહરુખ ખાન સાથે આવનારી ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે ત્યાર બાદ સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે ફિલ્મ 'રાકા'માં પણ જોવા મળશે.


# ઈન્ટીમેટ સીન્સમાં કિસિંગ પહેલા મળે છે વોર્નિંગ, એક્ટર્સની મનમાની નથી ચાલતી: નેહલ વાડોલિયા

મુંબઈ

બોલ્ડ અભિનેત્રી નેહલ વાડોલિયાએ એક સમયે "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" અને ઘણા એડલ્ટ OTT શોમાં કામ કર્યું હતું. હવે, તે ઈન્ટિમેસી કોઓર્ડિનેટર બની ગઈ છે.

એક પોડકાસ્ટમાં, નેહલએ જણાવ્યું કે કેવી રીતે ઈન્ટિમિટી સીન્સ શૂટ કરવામાં આવે છે. નેહલના જણાવ્યા મુજબ, નિર્માતાઓ કલાકારો વચ્ચે બોલ્ડ સીન્સ ફિલ્માવવા માટે ઈન્ટિમિટી કોઓર્ડિનેટરની મદદ લે છે. અભિનેત્રીના જણાવ્યા મુજબ, આરામદાયક વાતાવરણ બનાવવા અને કલાકારોને આરામદાયક અનુભવ કરાવવા માટે ઈન્ટિમિટી કોઓર્ડિનેટરની જરૂર છે. કલાકારો કમ્ફર્ટેબલ થાય તેવી રીતે જ આવા દ્રશ્યો શૂટ કરવાના હોય છે. ફક્ત તે લોકો જ સેટ પર હાજર હોય છે જેમની સાથે તેઓ કમ્ફર્ટેબલ અનુભવે છે. એવું નથી કે રસ્તા પર કપડાં ઉતારીને ચાલવા માંડ્યા. સીન્સ અંગે સંપૂર્ણ સ્પષ્ટતા જાળવવામાં આવે છે. કેટલું કરવું, શું શૂટ કરવું અને કેવી રીતે શૂટ કરવું તેના પર ધ્યાન આપવામાં આવે છે. વેબ સિરીઝમાં ઈન્ટિમિટી સીન્સ કોઓર્ડિનેટર દ્વારા લખવામાં આવતા નથી; તે વાર્તા અનુસાર દિગ્દર્શકો દ્વારા લખવામાં આવે છે.

આખું દ્રશ્ય આયોજનબદ્ધ છે. તેઓ કલાકારોને તે મુજબ દ્રશ્ય ભજવવા માટે મજબૂર કરે છે. નેહલે કહ્યું કે બોલ્ડ દ્રશ્યોમાં ક્યારેય રીટેક હોતા નથી કારણ કે તે ખાનગી ક્ષણો હોય છે. કલાકારો ઘણીવાર તેનાથી અસ્વસ્થતા અનુભવે છે. કલાકારો એક જ ટેકમાં આખો સીન કરવાનો ટ્રાય કરે છે જેથી તેમને ફરીથી કેમેરા સામે ઈન્ટિમેટ ન થવું પડે. નેહલે કિસીંગ સીન વિશે પણ ખુલાસો કર્યો. તે કહે છે, "જે કલાકારો કીસ કરવામાં કમ્ફર્ટેબલ હોય છે તેઓ તે કરી શકે છે." "રિયલ લાઈફમાં ગર્લફ્રેન્ડ અને બોયફ્રેન્ડ વચ્ચે જે પ્રકારની કિસ થાય છે તે સીન કામ કરતું નથી. કારણ કે સ્ક્રીન પર કિસ કરવી તમારા કામનો એક ભાગ છે." બોલ્ડ અભિનેત્રી નેહલ વાડોલિયાએ એક સમયે "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" અને ઘણા એડલ્ટ OTT શોમાં કામ કર્યું હતું. હવે, તે ઈન્ટિમેસી કોઓર્ડિનેટર બની ગઈ છે. એક પોડકાસ્ટમાં, નેહલએ જણાવ્યું કે કેવી રીતે ઈન્ટિમિટી સીન્સ શૂટ કરવામાં આવે છે.



પાક્કો ગુજરાત

શનિવાર | 06 જૂન 2026 | અમદાવાદ

### શ્રેયસ અય્યરે ઘરેલું ક્રિકેટ અને IPLમાં સતત પોતાની કેપ્ટન્સી સાબિત કરી છે

# ભારતીય ટી20 ટીમનો કેપ્ટન બદલાયો, શ્રેયસ અય્યર લેશે સૂર્યકુમાર યાદવનું સ્થાન

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટમાં ટી20 ટીમની કેપ્ટનશીપને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. શ્રેયસ અય્યરને ભારતના ટી20 કેપ્ટન બનાવવામાં આવ્યા છે. તે વર્તમાન ટી20 કેપ્ટન સૂર્યકુમાર યાદવની જગ્યાએ ટીમની કમાન સંભાળશે. કેટલાક સમયથી સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ અને તેની રમતને લઈને ઘણા સવાલો ઉઠી રહ્યા હતા. T20 વર્લ્ડ કપમાં અને ત્યારબાદની મેચોમાં તેની પોતાની રમત અપેક્ષા મુજબની રહી ન હતી. આ સિવાય IPLમાં પણ તે એવું પ્રદર્શન ન કરી શક્યો જેવી તેની પાસેથી આશા રાખવામાં આવી હતી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને ટીમના સિલેક્ટર્સે વિચાર્યું કે હવે નવા કેપ્ટનની શોધ કરવી પડશે. શ્રેયસ અય્યર લાંબા સમયથી ભારતીય ક્રિકેટમાં એક ભરોસાપાત્ર બેટ્સમેન તરીકે જાણીતો છે. ડોમેસ્ટિક (ઘરેલું) ક્રિકેટમાં અને IPLમાં તે પહેલા પણ કેપ્ટનશીપ કરી ચૂક્યો છે. મેદાન પર તે સારી વિચારસરણી સાથે રમે છે અને દબાણની સ્થિતિમાં પણ સારા નિર્ણયો લે છે. આ જ અંદાજને કારણે ટીમ મેનેજમેન્ટની નજરમાં હતો જે બાદ તેને મહત્વની જવાબદારી આપવામાં આવી છે. શ્રેયસ અય્યરે ઘરેલું ક્રિકેટ અને IPLમાં સતત પોતાની કેપ્ટન્સી સાબિત કરી છે. તેમની આગેવાની હેઠળ KKRએ 2024માં ટ્રોફી જીતી હતી. ત્યારપછી 2025માં તેમણે લાંબા સમય બાદ પંજાબની ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. ચાલુ વર્ષે 2026માં પણ પંજાબનું પ્રદર્શન પ્રથમ હાફમાં સારું રહ્યું હતું, પરંતુ બીજા હાફમાં ટીમ લય ગુમાવી બેઠી હતી. શ્રેયસે ભારત માટે પોતાની છેલ્લી T20 મેચ ડિસેમ્બર 2023માં ઓસ્ટ્રેલિયા સામે બેંગલુરુમાં રમી હતી. ટીમ કોમ્બિનેશનના




કારણે તે ટીમમાંથી બહાર હતો. આ જ વર્ષે જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામેની હોમસિરીઝમાં તેને ઈન્જરી રિપ્લેસમેન્ટ તરીકે સામેલ કર્યો હતો, પરંતુ વર્લ્ડ કપની તૈયારીઓના કારણે તેને પ્લેઈંગ-11માં તક મળી નહોતી. હવે લગભગ અઢી વર્ષ પછી તે નેશનલ ટીમમાં પરત ફરી શકે છે. શ્રેયસે પંજાબ કિંગ્સ (PBKS) માટે હાલમાં સમાપ્ત થયેલી IPL 2026માં 168.81ની સ્ટ્રાઇક રેટથી 498 રન બનાવ્યા હતા. તે વર્ષ 2025માં પણ પંજાબ કિંગ્સને ફાઈનલ સુધી લઈ ગયો હતો, જ્યાં તેણે 604 રન બનાવ્યા હતા. આ પહેલા તેણે 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ને ટાઇટલ જીતાડ્યું હતું અને 2020માં દિલ્હી કેપિટલ્સ (DC)ને ફાઈનલમાં પહોંચાડી હતી. બિહારના 15 વર્ષના વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ભારતીય સિનિયર ટીમમાં સામેલ કરવામાં આવશે. તે 1980ના દાયકાના અંતમાં સચિન તેંડુલકરની પસંદગી પછી ભારતીય મેન્સ ટીમમાં પસંદ થનાર સૌથી યુવા ખેલાડી બનશે.

## હું નથી ઇચ્છતો કે રિષભ પંત બદલાય: ગૌતમ ગંભીર

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે સંકેત આપ્યો કે મોહાલીમાં ન્યૂ ચંદીગઢ સ્ટેડિયમમાં આવતીકાલથી શરૂ થનારી ભારત-અફઘાનિસ્તાન ટેસ્ટ મેચમાં સાઈ સુદર્શન પણ રમી શકે છે. તે દેવદત્ત પડિકલની જગ્યાએ ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવી શકે છે. ગંભીરે સ્ટેડિયમમાં મીડિયા સાથેની વાતચીતમાં રિષભ પંતને વાઈસ કેપ્ટનશીપ પરથી હટાવવા અંગે સીધી રીતે કંઈ કહ્યું નહીં. ગંભીરે એટલું ચોક્કસ કહ્યું કે- અમે રિષભ પંતમાં બદલાવ નથી ઈચ્છતા, પરંતુ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ખેલાડીઓએ મેચની પરિસ્થિતિઓનું



સન્માન કરવું જરૂરી છે. પંતની જગ્યાએ કેએલ રાહુલને વાઈસ કેપ્ટન બનાવ્યો છે. જ્યારે આવતીકાલે રમાનારી મેચ માટે બંને ટીમ ચંદીગઢ પહોંચી ગઈ છે. છેલ્લા 3 દિવસથી તેઓ પ્રેક્ટિસમાં વ્યસ્ત છે. આ દરમિયાન ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે કહ્યું કે મારી જવાબદારી સોશિયલ મીડિયા પ્રત્યે નથી, પરંતુ ડ્રેસિંગ રૂમમાં બેઠેલા તે 30 ખેલાડીઓ પ્રત્યે છે, જેમની સાથે હું પૂરી ઈમાનદારીથી કામ કરું છું. હું સોશિયલ મીડિયાની ટીકાઓ અને વખાણ તરફ ધ્યાન આપતો નથી. કોઈ બહાનું ચાલશે નહીં, માત્ર જીત જ ટાર્ગેટ: અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચને લઈને ગંભીરે કડક વલણ અપનાવ્યું. ગંભીરે સ્પષ્ટ કહ્યું કે ભલે આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)નો ભાગ ન હોય, પરંતુ ટીમ ઈન્ડિયા મેદાન પર માત્ર અને માત્ર જીત માટે જ ઉતરશે. તેમાં કોઈ પણ પ્રકારનું બહાનું ચાલશે નહીં. અમે સમજીએ છીએ કે IPL પછી તરત જ ટેસ્ટ મેચ શરૂ થઈ ગઈ, અમારે ટેસ્ટ મેચ માટે વધુ સારી તૈયારી કરવાની જરૂર છે. ટેસ્ટ મેચ માનસિક દ્રઢતાની રમત છે.

### એક જ ઓવરમાં ખેરવી નાખી 3 વિકેટ

## 2 વર્ષ બાદ વાપસી કરતા જ ઇંગ્લેન્ડના બોલરનો તરખાટ! ટેસ્ટ મેચની બાજી પલટી નાંખી

મુંબઈ

ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર ઓલી રોબિન્સને લોર્ડ્સ ટેસ્ટના પહેલા જ દિવસે ન્યૂઝીલેન્ડ સામે જાદુઈ બોલિંગ કરીને તરખાટ મચાવી દીધો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી 2 વર્ષ કરતાં વધુ સમય દૂર રહ્યા બાદ વાપસી કરી રહેલા રોબિન્સને પોતાની પહેલી જ ઓવરમાં કીવી ટીમને બેકફુટ પર ધકેલી દીધી હતી. તેણે આ ઓવરમાં 3 વિકેટ ઝડપીને ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. રોબિન્સને પહેલા દિવસે માત્ર 6 ઓવરમાં 10 રન આપીને 4 મહત્ત્વની વિકેટો ઝડપી અને ઇંગ્લેન્ડની મેચમાં શાનદાર વાપસી કરાવી છે. ઇંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સની બીજી અને રોબિન્સનની વ્યક્તિગત પહેલી ઓવરમાં બોલ સોંપ્યો હતો. રોબિન્સને જ્યારે બોલ હાથમાં




લીધો ત્યારે કોઈને અંદાજ નહોતો કે આ ઓવરમાં કોઈ મોટો ચમત્કાર થવાનો છે. રોબિન્સને પોતાની ઓવરના પ્રારંભિક બે બોલ આઉટ સાઈડ ઓફ સ્ટમ્પ લેન્થ પર નાખીને ઓપનર ડેવોન કોનવેને પરેશાન કર્યો હતો. ત્યારબાદ ત્રીજા બોલથી શરૂ થયો વિકેટોનો સિલસિલો: ત્રીજો બોલ (ડેવોન કોનવે): રોબિન્સને વોબલ સીમથી બોલ નાખ્યો જે ટપ્પો પડ્યા બાદ ઝડપથી અંદર આવ્યો. કોનવે ફ્લિક કરવાના પ્રયાસમાં ચૂક્યો અને બોલ સીધો પેડ પર વાગ્યો. અમ્પાયરે તેને LBW આઉટ આપ્યો. કોનવેએ DRS લીધું પરંતુ રિપ્લેમાં બોલ સ્ટમ્પને ટચ કરતો હોવાથી તેણે 5 બોલમાં માત્ર 1 રન બનાવીને પેવેલિયન ભેગા થવું પડ્યું. પાંચમો બોલ (કેન વિલિયમસન): કોનવે બાદ કેપ્ટન કેન વિલિયમસન બેટિંગમાં આવ્યો. રોબિન્સને પાંચમો બોલ પણ તે જ લાઈન પર નાખ્યો જે ઝડપથી અંદર આવ્યો.

## ફ્રેન્ચ ઓપન: વુમન્સ ફાઇનલમાં પોલેન્ડની માયા-રશિયાની મીરા વચ્ચે ટક્કર

### બંને પહેલીવાર કોઈ ગ્રાન્ડ સ્લેમ ફાઇનલમાં ટકરાશે, માયા ક્વોલિફાઇંગ રમીને અહીં સુધી પહોંચી

પેરિસ

પોલેન્ડની માયા ખ્વાલિંસ્કા અને રશિયાની મીરા એન્ડ્રીવા ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચી ગઈ છે. શનિવારે બંને વચ્ચે ટાઇટલ મેચ રમાશે. ખ્વાલિંસ્કા મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં માયા ખ્વાલિંસ્કાએ 25મી ક્રમાંકિત ડાયના શ્નાઈડરને 7-6 (4), 6-4 થી હરાવી. આ જીત સાથે 24 વર્ષીય માયા ફ્રેન્ચ ઓપનના ઈતિહાસમાં ફાઈનલ સુધી પહોંચનારી પ્રથમ ક્વોલિફાયર બની ગઈ છે. તેણે ક્વોલિફાઈંગ રાઉન્ડથી મુખ્ય ડ્રો સુધી સતત 9 મેચ જીતી છે અને સમગ્ર અભિયાનમાં માત્ર એક સેટ ગુમાવ્યો છે. બીજી સેમિફાઈનલમાં મીરા એન્ડ્રીવાએ માર્તા કોસ્ટ્યુકને 6-1, 6-3 થી હરાવી. એન્ડ્રીવાના કરિયરની આ પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ હશે. માયા પહેલા એમ્મા રાદુકાનુ ક્વોલિફાયર રમીને ફાઈનલમાં પહોંચી હતી મેચ જીત્યા પછી માયા કોર્ટ



પર બેસી ગઈ અને પોતાની ખુરશી પર જઈને ટુવાલમાં મોં છુપાવીને રડવા લાગી. ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસમાં તે ફાઈનલમાં પહોંચનારી બીજી ક્વોલિફાયર છે. તેની પહેલા 2021માં એમ્મા રાદુકાનુએ US ઓપનમાં ક્વોલિફાયર તરીકે ફાઈનલમાં પહોંચીને ટાઈટલ જીત્યું હતું. માયા બોલી- આ એક સપના જેવું, કોઈએ અપેક્ષા નહોતી રાખી ઐતિહાસિક જીત પછી જ્યારે માયા ખ્વાલિંસ્કાને તેની ફીલિંગ્સ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તે થોડીવાર જોતી રહી. તેણે કહ્યું, 'આ ખરેખર એક સપના જેવું છે. મને ખબર નથી કે શું થઈ રહ્યું છે અને હું શું કહું. કોઈ એવો દેખાડો ન કરે કે તેને આની અપેક્ષા હતી. હું ટૉપ-100 રેન્કિંગમાંથી પણ બહાર હતી અને હવે ગ્રાન્ડ સ્લેમના ફાઈનલમાં છું. મારા માટે આને સમજવું અને સ્વીકારવું મુશ્કેલ થઈ રહ્યું છે.' માયા ખ્વાલિંસ્કાનો રોલાં ગેરો (ફ્રેન્ચ ઓપન)માં શાનદાર પ્રવાસ તેમના કારકિર્દીના શરૂઆતના તબક્કામાં આવેલા ઘણા મુશ્કેલ અને પડકારજનક સમય પછી શક્ય બન્યો છે. ıયા ખ્વાલિંસ્કાનો રોલાં ગેરો (ફ્રેન્ચ ઓપન)માં શાનદાર પ્રવાસ તેમના કારકિર્દીના શરૂઆતના તબક્કામાં આવેલા ઘણા મુશ્કેલ અને પડકારજનક સમય પછી શક્ય બન્યો છે. કારકિર્દીમાં પહેલા માત્ર 1 ગ્રાન્ડ સ્લેમ મેચ જીતી હતી, રેન્કિંગમાં 114મા નંબર પર માયા ખ્વાલિંસ્કા છેલ્લા 10 વર્ષથી પ્રોફેશનલ ટેનિસ રમી રહી છે, પરંતુ તેના કરિયર ગ્રાફ અને તાજેતરના ફોર્મ પરથી એવું લાગતું નહોતું કે તે આવું પરાક્રમ કરી શકે છે. તે ક્યારેય વિશ્વના ટૉપ-100 ખેલાડીઓમાં સામેલ થઈ શકી નથી. તેની વર્તમાન રેન્કિંગ 114 છે, જે તેની શ્રેષ્ઠ રેન્કિંગ 113ની નજીક છે. આ ફ્રેન્ચ ઓપન પહેલા માયાએ તેની કારકિર્દીમાં કોઈ પણ ગ્રાન્ડ સ્લેમના મુખ્ય ડ્રોમાં માત્ર એક મેચ જીતી હતી. આ જીત તેને 2022ના વિમ્બલ્ડનમાં મળી હતી. હોટલનું બિલ ચૂકવવાના પૈસા નહોતા, હવે મળશે બમણી પ્રાઈઝ મની માયા આ ટુર્નામેન્ટમાં આટલી લાંબી દોડ માટે તૈયાર નહોતી. જેમ જેમ તે આગળ વધતી ગઈ, પેરિસના હોટલનો ખર્ચ વધતો ગયો. એક સમયે તે મૂંઝવણમાં હતી કે બિલ કેવી રીતે ચૂકવશે.



### વિદેશી રોકાણકારોને પણ બમ્પર ફાયદો થશે

## RBIના એક નિર્ણયથી ડૉલર સામે રૂપિયો મજબૂત થયો

મુંબઈ

છેલ્લા કેટલાક મહિનાઓથી વિદેશી સંસ્થાગત રોકાણકારો (FII) દ્વારા ભારતીય બજારોમાંથી સતત નાણાં પાછા ખેંચવાના વલણને જોતાં, કેન્દ્ર સરકાર અને આરબીઆઈ(RBI) એ સંયુક્ત રીતે એક મોટો આર્થિક નિર્ણય લીધો છે. આ મહત્ત્વપૂર્ણ જાહેરાત બાદ ભારતીય અર્થતંત્ર માટે ખૂબ જ સારા સમાચાર આવ્યા છે, જેના કારણે અમેરિકન ડૉલર સામે ભારતીય રૂપિયામાં શાનદાર મજબૂતી જોવા મળી છે. બોન્ડ ટેક્સમાં 20%નો મોટો ઘટાડો સરકારની મંજૂરી સાથે આરબીઆઈએ વિદેશી રોકાણકારોને સરકારી જામીનગીરીઓ (G-Secs) માં રોકાણ કરવા પર કેપિટલ ગેઈન્સ ટેક્સમાં મોટી છૂટ આપી છે. નવા પ્રસ્તાવ અનુસાર, વિદેશી




રોકાણકારો દ્વારા ભારતીય બોન્ડ્સમાંથી મેળવવામાં આવતા વ્યાજ પર લાગતો 20% ટેક્સ હવે સંપૂર્ણપણે નાબૂદ (પૂરો) કરી દેવામાં આવ્યો છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના ટેક્સ સ્ટ્રક્ચરને વૈશ્વિક બજારને અનુરૂપ બનાવવાનો છે, જેથી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) ભારતીય ડેટ માર્કેટમાં ખુલ્લેઆમ નાણાં રોકી શકે. જાહેરાત થતાં જ રૂપિયો 84 પૈસા ઉછળ્યો સરકારના આ આર્થિક બૂસ્ટરની સીધી અસર કરન્સી માર્કેટ પર જોવા મળી છે. શુક્રવારે અમેરિકન ડૉલર સામે ભારતીય રૂપિયામાં જોરદાર તેજી નોંધાઈ હતી. શરૂઆતી કારોબાર દરમિયાન રૂપિયો એકઝાટકે 84 પૈસા મજબૂત થઈને 95 ના સ્તર નીચે પહોંચી ગયો હતો. બપોરે 2 વાગ્યાની આસપાસ તે 94.92 ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. બજારના વિશ્લેષકોનું માનવું છે કે ટેક્સમાં મળેલી આ મોટી છૂટના કારણે ભારતમાં વિદેશી મૂડીનો પ્રવાહ ખૂબ જ ઝડપથી વધશે. સરકાર માટે આ પગલું કેમ અનિવાર્ય હતું? વર્ષ 2026ની શરૂઆતથી જ ભારતીય રૂપિયો સતત દબાણ હેઠળ જોવા મળી રહ્યો હતો અને ડૉલર સામે 5% કરતાં વધુ તૂટી ચૂક્યો હતો. રૂપિયાના આ ધોવાણ પાછળ મુખ્ય બે

### 'નવા યુગ'ની તૈયારી માટે હવે ઓછો સમય બચ્યો છે

## AI 2030 સુધીમાં માણસથી આગળ નીકળી શકે છે:ગૂગલ ડીપમાઇન્ડના COE હસાબિસ

વોશિંગ્ટન

ગૂગલ ડીપમાઈન્ડના સીઈઓ ડેમિસ હાસાબિસે તાજેતરમાં એક એવી વાત કહી જે સાંભળવામાં જેટલી રોમાંચક છે, તેટલી જ ડરામણી. તેમણે કહ્યું કે માણસ જેવી વિચારસરણી ધરાવતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AGI હવે માત્ર થોડા વર્ષો દૂર છે. સ્ટેનફર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ બિઝનેસના એક કાર્યક્રમમાં તેમણે કહ્યું, 'કદાચ 2030, એક-બે વર્ષ ઓછા કે વધુ લાગી શકે છે.' આ સાંભળીને તેમને પોતે પણ આશ્ચર્ય થાય છે. હાસાબિસે AGIની સરખામણી 'સિંગ્યુલારિટી' સાથે કરી, એટલે કે તે ક્ષણ જ્યાંથી પાછળ ફરીને જોવું શક્ય નહીં હોય. તેમના મતે આ 'એક નવા માનવ યુગ'ની શરૂઆત હશે. અને એટલા માટે જ તેઓ વારંવાર કહે છે કે નવા યુગનો સામનો કરવાની તૈયારી અત્યારથી જ થવી જોઈએ કારણ કે સમય ઓછો બચ્યો છે. હાસાબિસ એકમાત્ર નથી જે આવી વાતો કરી રહ્યા



છે. ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેનનું કહેવું છે કે AIને કારણે લાખો નોકરીઓ જઈ શકે છે. એન્થ્રોપિકના સીઈઓ ડેરિયો અમોદેઈએ તો ત્યાં સુધી કહી દીધું છે કે આગામી પાંચ વર્ષમાં અડધા એન્ટ્રી-લેવલ વ્હાઈટ-કોલર કામ ગાયબ થઈ શકે છે. હા, એ પણ સાચું છે કે તાજેતરના દિવસોમાં આ તમામ દિગ્ગજોએ પોતાની 'પ્રલયની ભાષા'માં થોડી નરમાઈ લાવી છે, પરંતુ મુખ્ય સંદેશ તે જ છે. હાસાબિસે એ પણ સ્વીકાર્યું કે તેમના કેટલાક સાથીઓ તેમની ભવિષ્યવાણીઓમાં 'ખૂબ જ નિશ્ચિત' થઈ જાય છે. આ યોગ્ય નથી. તેમણે AGIને માત્ર ખતરાનો પર્યાય નથી ગણાવ્યો. તેમના મતે, આ ટેકનોલોજી મેડિકલ સાયન્સમાં ક્રાંતિ લાવી શકે છે. આ આર્થિક પરિવર્તનનું કારણ બની શકે છે અને એક એવી દુનિયાનો પાયો નાખી શકે છે જ્યાં 'અભાવ' શબ્દનો અર્થ બદલાઈ જાય, જેને ભવિષ્યવાદીઓ 'પોસ્ટ-સ્કાર્સિટી વર્લ્ડ' કહે છે. યુવાનો અને વિદ્યાર્થીઓને તેમનો સીધો સંદેશ છે - ભલે તમે 'હ્યુમેનિટીઝ' ભણતા હો કે સાયન્સ-ટેકનોલોજીની તાલીમ લઈ રહ્યા હો, આ ટેકનોલોજીથી ભાગશો નહીં, તેને અપનાવો. તેમણે સૌથી રસપ્રદ વાત એ કહી કે, 'ભવિષ્ય હજી લખાયું નથી, પરંતુ આગામી કેટલાક વર્ષો નક્કી કરશે કે તે ખરેખર કેવું દેખાશે.'

### યુદ્ધ અને અલ નીનોના કારણે RBIની ચેતવણી

## રેપો રેટ ભલે ના બદલાયો, પણ મોંઘવારી મિડલ ક્લાસને રડાવશે!

### વધતા જતાં ક્રૂડ ઓઇલના ભાવ, વૈશ્વિક સપ્લાય ચેઇનમાં અવરોધો અને ચોમાસાની અનિશ્ચિતતાને કારણે સેન્ટ્રલ બૅંકે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના મોંઘવારીના અંદાજમાં મોટો વધારો કર્યો છે

મુંબઈ

રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાએ દેશમાં મોંઘવારી વધવાની આશંકા વ્યક્ત કરીને સામાન્ય માણસની ચિંતામાં વધારો કર્યો છે. વધતા જતાં ક્રૂડ ઓઈલના ભાવ, વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અવરોધો અને ચોમાસાની અનિશ્ચિતતાને કારણે સેન્ટ્રલ બૅંકે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના મોંઘવારીના અંદાજમાં મોટો વધારો કર્યો છે.

શુક્રવારે મુંબઈ સ્થિત આરબીઆઈ હેડક્વાર્ટર ખાતે પોતાની પ્રથમ મોનેટરી પોલિસી રિવ્યુ (MPC) બેઠકના પરિણામો જાહેર કરતાં ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું કે, આગામી મહિનાઓમાં Consumer Pricesમાં મોટો ઉછાળો આવી શકે છે. RBIએ મોંઘવારીનો અંદાજ 4.6%થી વધારીને 5.1% કર્યો આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, મોનેટરી પોલિસી કમિટીએ હવે નાણાકીય વર્ષ FY27 માટે કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ફ્લેશન (CPI) એટલે કે રિટેલ મોંઘવારીનો અંદાજ વધારીને 5.1 ટકા કર્યો છે. અગાઉના અંદાજમાં તે 4.6 ટકા રાખવામાં આવ્યો હતો. આ ફેરફાર પાછળ પશ્ચિમ એશિયા(West Asia)માં ચાલી રહેલો લાંબો સંઘર્ષ, ઊર્જાના વધતા ભાવ અને વૈશ્વિક


Photo: ENVATO

આર્થિક સ્થિતિમાં આવેલો બગાડ મુખ્ય જવાબદાર છે. આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે, સપ્લાય ચેઈનમાં લાંબા સમયથી ચાલી રહેલી ખલેલ અને ઊર્જાના ઊંચા ભાવોની પ્રતિકૂળ અસરો એપ્રિલની પોલિસીની સરખામણીએ વૃદ્ધિના દરમાં નરમાઈ અને મોંઘવારીના અંદાજમાં થયેલા વધારામાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે. વૈશ્વિક સ્તરે બગડતી પરિસ્થિતિ હોવા છતાં, આરબીઆઈએ વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યો નથી. બેન્ચમાર્ક રેપો રેટને 5.25 ટકા પર યથાવત્ રાખવામાં આવ્યો છે અને પોલિસીનું વલણ 'ન્યુટ્રલ' રાખ્યું છે. આરબીઆઈનું માનવું છે કે મોંઘવારીના આઉટલુક પર વધુ સ્પષ્ટતા ન મળે ત્યાં સુધી રાહ જોવી જ ડહાપણભર્યું રહેશે. વર્ષના અંત સુધીમાં મોંઘવારી ચરમસીમાએ પહોંચશે છેલ્લા કેટલાક મહિનાઓમાં મોંઘવારી આરબીઆઈના 4 ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી નીચે રહી છે. માર્ચમાં તે 3.4 ટકા અને એપ્રિલમાં 3.5 ટકા હતી. પરંતુ હવે આ રાહતનો સમય પૂરો થઈ રહ્યો હોય તેમ લાગે છે. આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષના તમામ ચાર ક્વાર્ટર (ત્રિમાસિક ગાળા) માટે મોંઘવારીનો જે ગ્રાફ રજૂ કર્યો છે તે ચોંકાવનારો છે. ક્રૂડ ઓઈલ બન્યું સૌથી મોટો ખતરો આરબીઆઈ દ્વારા મોંઘવારીનો ગ્રાફ વધારવા પાછળનું સૌથી મોટું કારણ કાચું તેલ છે. એપ્રિલની સમીક્ષામાં આરબીઆઈએ અંદાજ લગાવ્યો હતો કે આ વર્ષે ક્રૂડ ઓઈલ સરેરાશ 87-88 ડૉલર પ્રતિ બેરલ રહેશે. પરંતુ છેલ્લા બે મહિનામાં ભારતીય બાસ્કેટમાં ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત 110 ડૉલર પ્રતિ બેરલ રહી છે. પેટ્રોલ ડીઝલમાં ભાવ વધારો તેલના આ આંતરરાષ્ટ્રીય ભાવ હવે સ્થાનિક બજાર પર અસર કરી રહ્યા છે.

## સેન્સેક્સ 116 પોઇન્ટ ઘટીને 74,243 પર બંધ થયો

- સેન્સેક્સ 74,360 અને નિફ્ટી 23,416 પર બંધ
- યુદ્ધના કારણે રોકાણકારો પણ ભારે ચિંતિત દેખાયા

મુંબઈ

આજે એટલે કે શુક્રવાર, 5 જૂને સેન્સેક્સ 116 અંકના ઘટાડા સાથે 74,243 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 50 અંકનો ઘટાડો રહ્યો, તે 23,366 ના સ્તરે બંધ થયો. આજના કારોબારમાં મેટલ અને આઈટી શેરોમાં સૌથી વધુ વેચવાલી રહી. રાજેશ એક્સપોર્ટનો શેર સતત બીજા દિવસે 5% તૂટ્યો

સેબીના છેતરપિંડીના આરોપો બાદ આજે સતત બીજા દિવસે રાજેશ એક્સપોર્ટનો શેર 5% ની લોઅર સર્કિટ પર બંધ થયો. તે ઘટીને 98.73 રૂપિયા



પર આવી ગયો છે. છેલ્લા 6 મહિનામાં આ શેર લગભગ 50% તૂટ્યો છે. સેબીએ બુધવારે કહ્યું હતું કે રાજેશ એક્સપોર્ટની આવકનો 97% થી 99% હિસ્સો વિદેશમાં આવેલી તેની બીજી કંપની વાલકેમ્બી એસએ (Valcambi SA) માંથી આવે છે. સેબી અનુસાર, રાજેશ એક્સપોર્ટ્સે તે વિદેશી કંપનીના ખાતાઓ અને પૈસાની સંપૂર્ણ વિગતો રજૂ કરી ન હતી. આ વિગતોના અભાવે કંપનીએ નાણાકીય વર્ષ 2021 અને 2025 ની વચ્ચે લગભગ 15.15 લાખ કરોડ રૂપિયાના આવકના આંકડાઓમાં ગડબડ કરી.

4 જૂને શેરબજારમાં ફ્લેટ કારોબાર રહ્યો હતો. સેન્સેક્સ 14 પોઈન્ટ વધીને 74,360 પર બંધ થયો. નિફ્ટી 11 પોઈન્ટ વધીને 23,417 પર બંધ થયો. મીડિયા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં ભારે ખરીદી જોવા મળી હતી.

# અમદાવાદ પોલીસ બેડામાં મહાવિસ્ફોટ : યુનિ. પોલીસનો કર્મચારી 'ગિરી' વાડજની પ્રાઈવેટ ઓફિસમાંથી ચલાવે છે કરોડોનું સમાંતર પાપ-સામ્રાજ્ય!

## વર્દી સરકારી, વહીવટ પ્રાઈવેટ : ગુલબાઈ ટેકરામાં બુટલેગરો અને સ્પા માફિયાઓ સાથે સીધું ડીલિંગ; પી.આઈ. બાવાની રહસ્યમય ચૂપકીદી..!

અમદાવાદ

અમદાવાદ પોલીસની આબરૂના લીરેલીરા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સરકારી પગાર ખિસ્સામાં મૂકીને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો કર્મચારી 'ગિરી' પોલીસ સ્ટેશને જવાને બદલે વાડજ પોલીસ ચોકી પાસે રાખેલી એક ગુપ્ત ખાનગી ઓફિસમાંથી આખા શહેરનો કાળો વહીવટ ઓપરેટ કરી રહ્યો છે.

ઝેરી કેમિકલવાળો દારૂ: ગુલબાઈ ટેકરા વિસ્તારમાં સાદો દેશી દારૂ નહીં, પણ કેમિકલવાળો જોખમી દારૂ વેચાઈ રહ્યો છે, જે ગમે ત્યારે લઠ્ઠાકાંડ સર્જી શકે છે. રાતોરાત કટિંગ: વહીવટદાર ગિરીના આશીર્વાદથી વિદેશી દારૂના મોટા કન્ટેનરો રાતોરાત આ વિસ્તારમાં ઠલવાય છે અને તેનું સેફ કટિંગ થાય છે. સ્પાની આડમાં પાપ: હેલ્થ અને વેલનેસના બોર્ડ લગાવીને સ્પા સેન્ટરોની અંદર હાઈપ્રોફાઈલ દેહવેપારનો ધંધો ખુલ્લેઆમ ધમધમી રહ્યો છે. આખા વિસ્તારમાં આટલું મોટું પાપ સામ્રાજ્ય ચાલતું હોવા છતાં સ્થાનિક પી.આઈ. બાવા આંખ આડા કાન કરીને બેઠા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા જ્યારે પી.આઈ. બાવાનો ટેલિફોનિક સંપર્ક કરાયો, ત્યારે તેમણે પરંપરાગત રાગ આલાપતા કહ્યું કે, 'મને આ બાબતે કોઈ જ ખબર નથી કે વિસ્તારમાં શું ચાલે છે!' સવાલ એ છે કે શું પી.આઈ. સાહેબ માત્ર સમયસર પહોંચતા મોટા હપ્તાઓની ઉઘરાણીમાં જ મસ્ત છે?

એક સામાન્ય પોલીસ કર્મચારી સરકારી કચેરી છોડીને પ્રાઈવેટ ઓફિસથી આટલું મોટું નેટવર્ક ચલાવે, તે કોઈ મોટા આશીર્વાદ વગર શક્ય નથી. ચર્ચા છે કે ગિરી પર ઉચ્ચ અધિકારીઓ અને મોટા નેતાઓનો સીધો હાથ છે. આ જ પાકા સેટિંગના કારણે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC), PCB, ક્રાઈમ બ્રાન્ચ કે DCP સ્કોડ જેવી મોટી એજન્સીઓ પણ આ અડ્ડાઓ પર હાથ નાખતા ડરે છે. અહીં ગૃહમંત્રીની કડક સૂચનાઓ પણ ઘોળીને પી જવાઈ છે.

વર્ષોથી વિવાદોમાં રહેલા આ કર્મચારી ગિરીની સંપત્તિ જોઈને ભલભલા પ્રમાણિક અધિકારીઓ ચકરાવે ચડી જાય તેમ છે. સામાન્ય પગારદાર કર્મચારી પાસે આજે કરોડોના આલીશાન બંગલા, મોંઘીદાટ લક્ઝરી ગાડીઓ અને બેનામી જમીનો ક્યાંથી આવી? આ સંપત્તિ જ વાડજની પ્રાઈવેટ ઓફિસમાં થતા કાળા વહીવટની સાક્ષી પૂરે છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે રાજ્યના ઉપમુખ્યમંત્રી અને ગૃહ મંત્રાલયને ખુલ્લો પડકાર ફેંકે છે: ખાખીની આડમાં બુટલેગરો અને સ્પા માફિયાઓ સાથે લાખોના સોદા કરતા આવા કાળા ઘેટા સામે સરકાર ક્યારે કડક ખાતાકીય પગલાં ભરશે?





### ઘાટલોડિયાની ઘટના બાદ હાઈ-રિસ્ક વિસ્તારોમાં મોનિટરિંગ વધારાશે

## મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી ચૂંટાયેલી પાંખની પહેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની નવી ચૂંટાયેલી પાંખની પ્રથમ સાપ્તાહિક સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ગુરુવારે મળી હતી. આ બેઠકમાં શહેરના વિવિધ વિકાસલક્ષી કાર્યો અને ચોમાસા પૂર્વેની તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલે બેઠક બાદ પત્રકારોને સંબોધતા પ્રજાના હિતમાં લેવાયેલા વિવિધ નિર્ણયોની માહિતી આપી હતી.



તાજેતરમાં જ શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં દૂષિત પાણી આવવાના કારણે બનેલી ઘટના અંગે ચેરમેન કમલેશભાઈ પટેલે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઘાટલોડિયાની ઘટનામાંથી પાઠ લઈને હવે એએમસી એક્શન મોડમાં આવ્યું છે. આગામી સમયમાં સમગ્ર શહેરમાં જ્યાં પણ આવી સમસ્યા થવાની સંભાવના હોય તેવા હાઈ-રિસ્ક વિસ્તારોની ઓળખ કરીને ત્યાં તંત્ર દ્વારા દેખરેખ અને ચેકિંગની કામગીરી વધારી દેવામાં આવશે જેથી નાગરિકોના આરોગ્ય સાથે કોઈ ચેડાં ન થાય.

ચોમાસા પહેલાં એક અઠવાડિયામાં ખાડા પૂરવા આદેશ, નવા ખોદકામ પર પ્રતિબંધ : ચોમાસાની ઋતુ નજીક આવી રહી હોવાથી શહેરીજનોને હાલાકી ન પડે તે માટે ચેરમેને અધિકારીઓને કડક સૂચના આપી છે. તેમણે જણાવ્યું કે, આગામી એક અઠવાડિયાની અંદર જ શહેરના તમામ નાના-મોટા ખાડા પૂરવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવે. આ સાથે જ ચોમાસા દરમિયાન રસ્તાઓ સુરક્ષિત રહે તે માટે અત્યારથી જ શહેરમાં કોઈ પણ જગ્યાએ નવા ખાડા ન ખોદવા માટે વહીવટી તંત્રને કડક તાકીદ કરવામાં આવી છે. ટ્રાફિક અને દબાણ હટાવવા માટે સવા કરોડના ખર્ચે ક્રેન ભાડે રખાશે : શહેરમાં સતત વધતી ટ્રાફિકની સમસ્યા અને ગેરકાયદેસર દબાણો સામે પણ કમિટીએ મોટો નિર્ણય લીધો છે. ટ્રાફિક અને દબાણ હટાવવાની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે કોર્પોરેશન દ્વારા આગામી છ મહિના માટે ખાસ ક્રેન ભાડે રાખવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે સવા કરોડ રૂપિયાનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ ક્રેનની મદદથી રસ્તા પર નડતરરૂપ વાહનો અને દબાણો તાત્કાલિક દૂર કરી શકાશે જેથી ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે.

## ઠગ 'બંટી-બબલી' ઝડપાયા : કેનેડામાં ફસાયેલા 24 કરોડ કઢાવવાની લાલચે 2.27 કરોડની ઠગાઈ, 5 કરોડની લક્ઝુરિયસ કારો જપ્ત

અમદાવાદ

અમદાવાદમાં આર્થિક ગુના નિવારણ શાખા (EOW) એ એક હાઈપ્રોફાઈલ ઠગ 'બંટી-બબલી'ની જોડીને ઝડપી પાડીને કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કેનેડામાં ફસાયેલા ૨૪ કરોડ રૂપિયા કઢાવી આપવાની લાલચ આપીને આ દંપતીએ એક વ્યક્તિ સાથે ૨ કરોડ ૨૭ લાખ રૂપિયાની મોટી છેતરપિંડી આચરી હતી. આ મામલે પોલીસે અનિલ વિભાણી અને તેની પત્ની વિમ્મી વિભાણીની ધરપકડ કરી છે.

આરોપી અનિલ વિભાણી પોતાની ઓળખ મોટા અધિકારીઓ અને પ્રતિષ્ઠિત લોકો સાથે હોવાનો નકલી દેખાડો કરતો હતો. તે લોકોને પ્રભાવિત કરવા માટે ઉચ્ચ અધિકારીઓ સાથેના ફોટા બતાવતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે, અનિલ અગાઉ ટ્રક ડ્રાઈવર અને પથ્થરની ખાણમાં નોકરી કરતો હતો, પરંતુ વૈભવી જીવન જીવવા માટે તેણે વર્ષ ૨૦૧૯થી છેતરપિંડીનો ધંધો શરૂ કર્યો હતો.

આરોપી અનિલ ભારે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, તેણે વર્ષ ૨૦૧૨માં સુરતના રાંદેરમાં પોતાની પહેલી પત્નીની હત્યા કરી હતી. જેલમાંથી બહાર આવ્યા બાદ તેણે આ બીજી પત્ની સાથે મળીને ઠગાઈનું મોટું નેટવર્ક શરૂ કર્યું હતું.

### મહિલા PSI સોનલ રાઠોડની દાદાગીરીનો વધુ એક કિસ્સો

## પોલીસ સ્ટેશનમાં જ મારા વાળ પકડી મને મારી હતી : હિનલ ગોસ્વામી

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દિવ્યાંગ વેપારીને ઢોર માર મારવાના કેસમાં ચર્ચામાં આવેલા મહિલા PSI સોનલ રાઠોડ સામે હવે વધુ એક ગંભીર ખુલાસો સામે આવ્યો છે. વેપારીને માર મારવાના કેસમાં સોનલ રાઠોડને સસ્પેન્ડ કરી તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે, ત્યારે આ સમાચાર જોઈને અમદાવાદમાં રહેતી હિનલ ગોસ્વામી નામની યુવતીના પાંચ વર્ષ જૂના ઘા તાજા થઈ ગયા છે. હિનલ ગોસ્વામીએ આક્ષેપ કર્યો છે કે વર્ષ 2021માં આ જ મહિલા અધિકારીએ પોલીસ સ્ટેશનની અંદર તેની સાથે અત્યાચાર કર્યો હતો.





હિનલ ગોસ્વામીએ ભૂતકાળની આપવીતી જણાવતા કહ્યું કે, વર્ષ 2021માં સોનલ રાઠોડ જ્યારે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, ત્યારે તે એક બાબતની ફરિયાદ લઈને ત્યાં ગઈ હતી. ફરિયાદ સાંભળવાના બદલે સોનલ રાઠોડે કાયદો હાથમાં લીધો હતો અને પોલીસ સ્ટેશનની અંદર જ હિનલના વાળ પકડીને તેને નિર્દયતાથી લાફા મારી દીધા હતા.

જે તે સમયે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અમારી કોઈ ફરિયાદ પણ લેવામાં આવી નહોતી. ન્યાય મેળવવા માટે અમારે છેક પોલીસ કમિશનર (CP) સુધી રજૂઆત કરવા જવું પડ્યું હતું. - હિનલ ગોસ્વામી

સસ્પેન્ડ નહીં, નોકરીમાંથી જ ઘરભેગા કરો: પીડિતાની માંગ

હાલમાં દિવ્યાંગ વેપારી સાથે થયેલી બર્બરતા બાદ સોનલ રાઠોડ ફરી વિવાદમાં આવતા હિનલ ગોસ્વામીએ સરકાર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ ઉગ્ર માંગ કરી છે. તેનું કહેવું છે કે આવા ગુનાહિત માનસિકતા ધરાવતા અધિકારીઓને માત્ર સસ્પેન્ડ કરવા પૂરતા નથી, કારણ કે તેઓ થોડા સમય પછી ફરી ફરજ પર આવીને પ્રજાને હેરાન કરે છે. આથી, સોનલ રાઠોડને પોલીસ વિભાગમાંથી કાયમ માટે બરતરફ (ડિસ્મિસ) કરવા જોઈએ.

### પૂર્વ પ્રેમી પેરોલ જમ્પ કરી ફરી ઉપાડી ગયો

## અમદાવાદમાં ધોળા દિવસે સાસુ સામે વહુના અપહરણ કેસમાં ઘટસ્ફોટ

### આરોપી ઘેવરચંદ ગુર્જર પૂર્વ પ્રેમી છે, જેને અગાઉ આ જ યુવતી સગીર વયની હતી, ત્યારે રાજસ્થાનમાંથી અપહરણ કરી બળાત્કાર ગુજારવાના ગુનામાં 20 વર્ષની સજા થઈ હતી



અમદાવાદ

અમદાવાદના મોટેરા વિસ્તારમાંથી ધોળા દિવસે એક યુવતીનું કારમાં અપહરણ કરી ફરાર થઈ જવાના સનસનાટીભર્યા મામલે સુરતની ઉત્તરાણ પોલીસે બે આરોપી અને યુવતીને સુરત નજીકથી ઝડપી પાડ્યા છે. પકડાયેલો મુખ્ય આરોપી ઘેવરચંદ ગુર્જર પૂર્વ પ્રેમી છે, જેને અગાઉ આ જ યુવતી સગીર વયની હતી, ત્યારે રાજસ્થાનમાંથી અપહરણ કરી બળાત્કાર ગુજારવાના ગુનામાં 20 વર્ષની સજા થઈ હતી. આ કેસમાં તે પેરોલ જમ્પ કરીને ફરાર થયો હતો અને અમદાવાદ આવીને ફરી યુવતીને ભગાડી ગયો હતો. હાલમાં બંને આરોપીઓને સાબરમતી પોલીસને સોંપવામાં આવ્યા છે, જ્યારે યુવતીને નારી સંરક્ષણ ગૃહમાં મોકલી અપાઈ છે.

ગત 27 મેના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારના મોટેરા નજીકથી એક યુવતીનું ઘેવરચંદ અને તેના અન્ય ત્રણ સાગરીતો દ્વારા ક્રેટા ગાડીમાં અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ઘટનાની ગંભીરતાને જોઈ સાબરમતી પોલીસ રાજસ્થાન, હરિયાણા સહિત અન્ય રાજ્યોની પોલીસના સંપર્કમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે આરોપીઓ સુરત અને મહારાષ્ટ્ર તરફ ગયા છે. આરોપી ઘેવરચંદ અને તેનો મિત્ર યુવતીને લઈને મહારાષ્ટ્રના શિરડીથી સુરત આવ્યા ત્યારે ઉત્તરાણ પોલીસે સફેદ થાર ગાડીમાં તેમને દબોચી લીધા હતા.

ઈન્ચાર્જ એલ-ડિવિઝન એસીપી વાણી દુધાતે જણાવ્યું હતું કે, સુરત પોલીસે ઘેવરચંદ ગુર્જર અને ફિરોઝ કઠત નામના બે આરોપીની ધરપકડ કરી સાબરમતી પોલીસને સોંપ્યા છે. આરોપી ઘેવરચંદ રાજસ્થાનનો વતની છે અને સાતેક વર્ષ પહેલાં તેને આ યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. યુવતી સગીરા હતી, ત્યારે ઘેવરચંદ તેને ભગાડી ગયો હોવાથી રાજસ્થાનના ગુલાબપુરા પોલીસ સ્ટેશનમાં અપહરણ, પોક્સો (POCSO) અને બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી.

## નરોડા GIDCમાં MSN ઇન્ટરમીડીયેટ્સ કંપનીમાં ભીષણ આગ લાગી : એકનું મોત

### 2 ઈજાગ્રસ્ત સારવાર હેઠળ, કંપનીમાં વિસેલમાં આગ લાગ્યા બાદ બ્લાસ્ટ થયો, ટ્રક પણ ઝપેટમાં આવી

અમદાવાદ

અમદાવાદના નરોડા GIDCમાં અર્બુદા કાંટા પાસે આવેલા કેમિકલ કંપનીમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયરબ્રિગેડની 6 ગાડીઓ ઘટનાસ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી.

કેમિકલની ફેક્ટરીના હોવાના કારણે બ્લાસ્ટ થયો હોવાનું પણ જાણવા મળ્યું છે. ફાયરબ્રિગ્રેડની ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો છે.

ફાયર બ્રિગેડના પ્રાથમિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નરોડા GIDC વિસ્તારમાં ફેઝ 3માં આવેલી એક કેમિકલની કંપનીમાં આગ લાગી હતી. જેમાં બોઈલરમાં પ્રચંડ બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ થયો હોવાના કારણે 3 લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે.જેમને સારવાર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

કંપનીમાં બ્લાસ્ટ થયા બાદ ત્યાં નજીકમાં પડેલા એક ટ્રકમાં પણ આગ લાગી ગઈ હતી જેમાં પણ પાણીનો મારો ચલાવી આગના કાબુમાં લેવામાં આવી હતી.આગ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ છે.કયા કારણોસર અને કયા કેમિકલમાં આગ લાગેલી હતી તે સમગ્ર મામલે એફએસએલની મદદથી તપાસ કરવામાં આવશે.



ફાયરબ્રિગેડની ટીમ દ્વારા આ મામલે તપાસ કરવા માટે એફએસએલ અને પોલીસની મદદ લેવામાં આવી છે.

ફાયર ઓફિસર જે.એસ.ગઢવીએ જણાવ્યું હતું કે નરોડા જીઆઈડીસીમાં કેમિકલ ટેન્કમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી. જ્યાં એક હાઈડ્રોજન ટેંક હતી. જેમાં હાઇડ્રોજન ભરેલું હતું અને આગ લાગી હતી.ફાયરબ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી અને આગને કાબૂમાં લીધી છે.હાલમાં પોલીસ, ફાયરબ્રિગેડ અને GPCB દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.


ઝોન 4 ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે નરોડા જીઆઈડીસી વિસ્તારમાં MSN ઈન્ટરમિડીયેટ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં કોઈ રિએક્શનના કારણે બ્લાસ્ટ થવાની ઘટના બની હતી.ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. ત્રણ લોકોને ઈજા થઈ હતી. જેમાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે,જ્યારે બે લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હાલ હોસ્પિટલમાં દાખલ છે. અતુલ બંસલે વધુમાં જણાવ્યું હતું કે, કંપની દ્વારા ક્યાં બેદરકારી દાખવવામાં આવી છે તે અંગેની તપાસ કરવામાં આવશે.ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને જીપીસીબી વગેરેની ટીમ દ્વારા તપાસ કરી રિપોર્ટ આપવામાં આવશે.તેના આધારે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

## કોમનવેલ્થ પહેલાં અમદાવાદને પ્રદૂષણ મુક્ત બનાવવા માસ્ટર પ્લાન

### અત્યાધુનિક 'મોબાઇલ લેબોરેટરી વાન'નું ઉદઘાટન; વાહનો, કન્ટ્રક્શન, ફેક્ટરીથી લઈને ડસ્ટ રોડથી થતાં પ્રદુષણનું સચોટ કારણ જાણી શકાશે..!

અમદાવાદ

ભવિષ્યમાં યોજનારી કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક જેવા વૈશ્વિક રમતગમત મહોત્સવો પૂર્વે અમદાવાદ શહેરને સંપૂર્ણપણે પ્રદૂષણ મુક્ત બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈઆઈટી (IIT) કાનપુરના સહયોગથી એક વિશેષ પર્યાવરણીય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં કયા ચોક્કસ કારણોસર હવાનું પ્રદૂષણ ફેલાય છે? તેનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે (5 જૂન) 'એડવાન્સ ટેકનોલોજી એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ મોબાઈલ લેબોરેટરી વાન'નું વિધિવત ઉદઘાટન કર્યું છે.




આ હાઈટેક વાન કન્સ્ટ્રક્શન સાઈટ્સ, ઔદ્યોગિક એકમો અને રોડ પરની માટી કે ધૂળ જેવા સ્થાનિક સ્ત્રોતોનો ગહન અભ્યાસ કરીને ડેટા આપશે, જેના આધારે મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ પ્રદુષણને રોકવા માટે ટાર્ગેટેડ કામગીરી કરી શકશે. AMCના આરોગ્ય અધિકારી ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું કે, શહેરમાં હવા પ્રદુષણ કયા કારણોસર થઈ રહ્યું છે, તેની જાણકારી મેળવવા અત્યાધુનિક મોબાઈલ લેબોરેટરી વાન લાવવામાં આવી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કન્સ્ટ્રક્શન સાઈટ, ઔદ્યોગિક એકમો, રોડ પરની માટી વગેરે પ્રકારના કારણોનો અભ્યાસ કરવામાં આવશે. આ લેબોરેટરી વાનમાં ત્રણ અલગ-અલગ સેન્સર લગાવવામાં આવ્યા છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ આમ ત્રણેય સિઝનમાં 60 દિવસ એક જ સ્થળ ઉપર આ વાન ઉભી રાખવામાં આવશે. જે વિસ્તારમાં આ વાન ઉભી રહેશે, ત્યાં શેના કારણે વધારે હવા પ્રદુષણ થઈ રહી છે, તેની સચોટ માહિતી મળશે. વધુમાં ઉમેર્યું કે, આ લેબોરેટરી વાનમાં અલગ-અલગ 10 જેટલા સેન્સર પણ લગાવવામાં આવ્યા છે, જે સેન્સર કેવી રીતે કયા પ્રકારનું પ્રદૂષણ આ વિસ્તારમાં થઈ રહ્યું છે તેની ઓળખ કરશે અને આવા અલગ અલગ સેન્સર તૈયાર થયા બાદ તેને શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI